શું હીંદુભાઇઓ મુસલમાન ધર્મગુરૂ પાસેથી જ્ઞાન ન લઇ શકે?

(જ્ઞાનમાં ભેદાભેદ હોઇ શકે નહીં.)

પ્રસિધ્ધ કરનાર,

સૈયદ ફૈઝહુસેન મુનવ્વરઅલી,

એડીટર "ઝુલ્ફિકાર"—ઠે. હરીપુરા, મુ. સુરત.

ઇ૦ સ૦ ૧૯૨૭. આવૃતિ પહેલી. નકલ ૧૦૦૦

સુરત, બરાનપુરી ભાગોળ બાલાવાલા પોળમાં આવેલા શ્રી અંબીકા વિજય પ્રેસમાં હરજીવનદાસ હરકીસનદાસે છાપ્યું.

કીંમત રૂ. ૦—૪—૦

For Reference See Pages: 20, 21.
For page numbers, see the page footer. Page numbers are in 'Page x of y' format

શું હીંદુભાઇઓ મુસલમાન ધર્મગુરૂ પાસેથી જ્ઞાન ન લઇ શકે ?

(જ્ઞાનમાં ભેદાભેદ હોઇ શકે નહીં.)

પ્રસિધ્ધ કરનાર,

સૈયદ ફૈઝહુસેન મુનવ્વરઅલી,

એડીટર "ઝુલ્ફીકાર"–ઠે. હરીપુરા, મુ. સુરત.

ઇ૦ સ૦ ૧૯૨૭. આવૃતિ પહેલી. નકલ ૧૦૦૦

સુરત, બરાનપુરી ભાગોળ માછીવાડ ચોકમાં આવેલા શ્રી અંબીકા વિજય પ્રેસમાં હરીજીવનદાસ હરકીસનદાસે છાપ્યું

કીંમત રૂ. ૦–૪–૦

શું હજુ પણ હીંદુ મુસલમાનો આંખો નહી ઉઘાડે ?

ચાલુ સાલના જુલાઈ મહીનાની આખરીમાં લોકોના અઘોર પાપથી કંટાળી પ્રભુએ દેશમાં જળ પ્રલયની ભયંકર આફત મોકલી જેમાં લાખો માણસો બરબાદ અને તારાજ થઈ ગયા. સાધનો નાશ થઈ ગયાં. ગામોના ગામો ખેંચાઈ ગયા, હજારો માણસો પાણીમાં તણાઈ ગયા. અને હજારો લાસો જ્યાં ત્યાં રઝળી સડી ગઈ જેમને ઢાંકણ મોઢું પણ ન મળ્યું. કહેવત છે કે "કુસંપથી બરબાદી થાય" તેજ પ્રમાણે હાલ બન્યું છે. કોમ કોમ વચ્ચે તકરાર અને કજીઆ થવાથી પ્રભુની ઇતરાજી થઈ અને તેણે કોપાયમાન થઈ આખરે આ આફત મોકલી બધાને ઠેકાણે પાડી દીધા. આ આફત જો આપ સમજીએ તો એક નોટીસ સમાન છે. જે આપણી આંખો ઉઘાડવા પ્રભુએ મોકલી છે- હજુ પણ ભાઈઓ સમજે અને માંહોમાંહેના કજીઆ ભુંસી નાખે અને એકસંપ થઈ જાય તો સારૂં છે, નહીં તો માલ હજુ પણ કોઈનું રાખવાનો નથી. "લીલા ભેગું સૂકું પણ બળી જાય છે" તેમ ખોટાઓ સાથે બિચારા સારાઓનું પણ મોત આવે છે. આ એક ઉંડો વિચાર કરવાની બાબત છે, માટે પ્રભુની આ ચેતવણી તરફ નજર કરી દરેક જણે મનમાંથી મેલ કહાડી નાખી ખરા રર આવી જવું જોઈએ કે પ્રભુ રાજી થાય અને ફરી આવું સંકટ આવે નહીં. માલીક સહુ ભાઈઓને સદ્‌બુદ્ધિ આપો.

લી. પ્રકાશક.

પીર અમન સાહેબનો નીરાંત પંથ અને ભાવદાસ પંથ સાથે સંબંધ.

નીરાંત મહારાજની તે વિશેની સાક્ષી.

હીંદુ મુસલમાનોમાં ફેર છેજ નહીં.

પીર અમન સાહેબ જેમની કબર પાલેજથી બે ગાઉ તેલોદ ગામે છે તે નીરાંત પંથના ગુરૂ હતા. નીરાંત પંથ નીરાંત ભગતના નામે ચાલે છે. આ નીરાંત ભગત કરજણ તાલુકાના દેથાણ ગામના તળબદા કોળી હતા. દેથાણ ગામ તેલોદથી બે ગાઉ થાય છે, અને પાલેજથી દોડ ગાઉ થાય છે પીર અમન સાહેબ સૈયદ હતા અને નીરાંત ભગત તથા હરીગુરૂ ભગતના ગુરૂ હતા. હરીગુરૂ કાછીઆ હતા. આ હરીગુરૂના ચેલા ભાવદાસ હતા જેમના નામથી ભાવદાસ પંથ ચાલે છે. તેની મોટી ગાદી વડોદરામાં છે. ભાવદાસ પંથના ઘણા લોકો હાલ પણ તેલોદમાં પીર અમન સાહેબની જગામાં દર્શન માટે મોટા પ્રમાણમાં આવે છે. આ ભાવદાસ પંથમાં રૂખી માધવ નામના એક ભંગીઆ ભગત પણ થઇ ગયા છે જેમનાં ભજન ભાવદાસજીના ભજનો સાથે " સત ભાવ ભજન પ્રકશ " નામના પુસ્તકમાં છપાએલાં મોજુદ છે. આ પુસ્તક ભાવદાસજી મહારાજના મંદિરના મહંતશ્રી

ભાઇલાલભાઇએ છપાવેલું છે. આ ભાવદાસજીના પંથમાં ભંગીઓને પણ મોટા માનેલો છે અને એ તે પંથની એક સારી નામના છે. ભાવદાસજી જાતના રબારી હતા તોપણ તેમના પંથમાં મોટા મોટા બ્રાહ્મણો સુધ્ધાં ચેલા છે. આ પ્રમાણે સાચી ભક્તીવાળાઓએ ઉંચ નીચનો સવાલજ ગણ્યો નથી. જ્યારે ભંગી એ પંથમાં ગુરૂપદ પામ્યો હોય તો પછી મુસલમાન ગુરૂપદ ભોગવે એમાં નવાઇ જેવું નથી.

નીરાંત ભગતે પોતાના ગુરૂ અમન સાહેબ હોવાની પોતાના ભજનમાં સાબીતી આપેલી છે. સુરત ભાગાતળાવના એક નાનજી અરજણ ભગત નામના ગ્રહસ્થે "જ્ઞાનોદય પદ સંગ્રહ" નામનું ભજનનું પુસ્તક બહાર પાડયું છે તેના ૮૮ મા પાને નીરાંત ભગતનું ૧૧૮ મું પદ છે. તેની પહેલી કડી "ઠરવાનું ઠામ ગુરૂ સાચું, બીજું સર્વ કરવાનું કાચુ" એ પ્રમાણે છે. તેની છેલ્લી કડીમાં નીરાંત ભગત કહે છે કે "અટકળે નામ સઉ લે છે, નીરાંત તો નિશ્ચે કરીને કહે છે, અમન ગુરૂ નામે વ્યાપીક રહે છે." આ પ્રમાણે એ પદમાં નીરાંત મહારાજે પોતાના ગુરૂ અમન સાહેબ હોવાની ચોખ્ખી ખાત્રી આપી છે. આથી જોઇ શકાય છે કે નીરાંત પંથના મોટા ગુરૂ અમન સાહેબ પીર હતા. નીરાંત મહારાજ અને હરીગુરૂ મહારાજએ બંનેએ એક મુસલમાન પીરના ચેલા થવામાં જરાપણ શંકા કરી ન હોતી. પ્રખ્યાત ભક્ત બાઇ મીરાંબાઇ જે વૈશ્નવ સંપ્રદાયમાં એક મહાન પ્રભાવશાળી ભક્તાણી મનાય છે અને જેના ભજનો અને પદો હાલ ઉંચા ઉંચા બ્રાહ્મણો હમેશાં ગાય છે તે રોહીદાસ ચમારના ચેલી હતાં. તેમણે ચમાર જેવા એક નીચ કોમના માણસ પાસેથી પણ જ્ઞાન અને ઉપદેશ લેવામાં જરા પણ હલકાઇ

સમજી નહોતી. એક ઢેડ કે ચમાર હાલ કોઇ ઉંચા હિંદુને પૈસો, રૂપીઓ કે નોટ આપે છે તો તે લઇ લે છે. જ્યારે માયા જેવી ચીજ એક નીચ કોમના માણસ પાસેથી લેવામાં બાધ આવતો નથી તો પછી જ્ઞાન જેવી ચડતી વસ્તુ લેવામાં ક્યાં બાધ આવી શકે ? અહીં ઉંચ નીચનો સવાલજ રહેતો નથી. માલીકની નજરમાં બધા બરાબર છે અને એ વાતની શાક્ષી નીરાંત પંથના તથા ભાવદાસ પંથના ભજનો પોતે પુરી રહ્યા છે. નીરાંત ભગત કોળી હતા અને ભાવદાસ રબારી હતા છતાં તેમના પંથમાં ઉંચી જાતના હીંદુઓ પણ હાલ ચેલા તરીકે ઘણા દાખલ છે. આ પંથના લોકો કોઇને નીચો સમજી શકતા નથી. હાલ એક નિશાળમાં કોઇ મુસલમાન, પારસી, વિસ્વાસી કે કોઇ ઉતરતી કોમનો હિંદુ માસ્તર હોય છે તો તેની પાસે મોટા મોટા બ્રાહ્મણોના છોકરા પણ શિક્ષણ લેવા જાય છે અને તેના શિષ્ય થાય છે જે આપણે હમેશાં નિશાળોમાં જોઇએ છીએ. જ્યારે દુનિયાના શિક્ષણમાં નીચી કોમના શિક્ષક કે ગુરૂનો સવાલ ઉભો થતો નથી તો પછી ઇશ્વરી જ્ઞાનના શિક્ષણમાં તે સવાલ ઉભો થાયજ શી રીતે ? એવો સવાલ ઉભો કરનારા માણસો મહાત્માઓના પંથનો ભેદ સમજતા નથી. **નીરાંત** મહારાજ ઉપલા પુસ્તકમાં પોતાના ૧૧૦મા પદમાં કહે છે કેઃ–

> "બામન તુમે કહા ચીના હે, કહાંસે બમ્મન આયા હે
> બાતન બામન માંહીં બતાવો; જાહેર જુઠ બનાયા હે."

વળી ભાવદાસજીના ભંગી ચેલા રૂખી માધવદાસ ઉપલા 'સત ભાવ ભજન પ્રકાશ" પુસ્તકમાં ૮૨મા પાને ૨૧મા પદમાં કહે છે કેઃ—

કોઇ કહે છે રે રૂખી કુળ નીચ છે જી, હાંરે રહેશે તે નીચ
પાસે ઉંચ રે.
નીચ થઇને રે પાંડવ ઘેર યજ્ઞ સાર્યોજી, હાંરે તોડયાં તે સર્વે
મુનીનાં માન રે.
ઉંચ થઇને રે કાંઇ નર હારી ગયાજી, હાંરે ઉંચ નીચપણાનો
ઇતબાર રે.
ઉંચપણું ન આવે રે પોતાનો આપ જોયા વિનાજી, હાંરે નથી
જાણ્યો આત્મા એક રે.
ચાર જુગ પહેલી રે ભકતી તો રૂખી તણી જી, હાંરે તેની સાખ
ધ્રુવ ને પ્રહ્લાદ.
સદગુરૂ ભાવ ને પ્રતાપે રૂખી માધવ બોલીયાજી, હાંરે સદાય
સંત તે સર્વેથી સરસ રે."

ઉપર પ્રમાણે ભંગી ભગત માધવદાસજી કહી ગયા છે. રૂખીનો અર્થ ભંગી થાય છે જે ભાવદાસજીના પંથમાં એક મોટા મહાત્મા ગણાય છે. માલીકની ભકતી કરવામાં અને તેનું જ્ઞાન શીખવા શીખવવામાં નીચ ઉંચનો ભેદ આવી શકતોજ નથી. આમાં નાત જાતનું કામજ નથી. ત્યાં તો એવું છે કે "જાત ભાત ન પુછે કોઇ, હરકો ભજે સો હરકા હોઇ." અહીં તો હરીને ભજે તેજ હરીનો. વળી કહ્યું છે કે "જાત ન પુછીએ સંતકી પુછ લીજીએ ગ્યાન, મુલ કરો તલવારકા પડા રહેને દો મ્યાન." સંત સાધુ કે ફકીરની જાત પુછવાની કાંઇ જરૂરજ નથી, તરવાર રૂપી જે મુળ વસ્તુ-જ્ઞાન છે તે ગ્રહણ કરો અને મ્યાનરૂપી જે ખોળીયું છે તેનો સવાલજ વચમાં

ન લાવો. ખોળીયું એ કાંઇ મુખ્ય વસ્તુ નથી. બુધ્ધીસાગર મહારાજ જાતના કણબી હતા પણ દિક્ષા લઇ સાધુ થયા પછી, મોટા મોટા જૈન વાણીઆ તેમને ગુરૂ તરીકે માનતા અને તેમના પગે પડી બોધ મેળવતા.

રામચંદ્રજી ક્ષત્રી કુળના હતા તો પણ મોટા મોટા બ્રાહ્મણો તેમના નામની માળાઓ ફેરવે છે અને તેમના નામના જાપ જપે છે. વળી કૃષ્ણ ભગવાન પણ યાદવ કુળના હોવાથી ક્ષત્રી હતા. તેમને પણ તમામ હીંદુઓ માને છે અને ગોકુળ, મથુરા, દ્વારકા, ડાકોર વિગેરે તેમના ધામે દર્શન કરવા જાય છે. ઉપલા બંને મહાન પુરૂષોને મોટા મોટા બ્રાહ્મણો માને છે અને તેમને ઇશ્વરી અવતાર તરીકે ગણે છે. ક્ષત્રીઓ બ્રહ્મણોથી ઉતરતા હોય છે તો પણ ગુણના લીધે ઉપલા બે ક્ષત્રી મહાપુરૂષોને ઉંચી કોમના હીંદુઓ પોતાના ઉધ્ધારક તરીકે માને છે. આથી પણ ચોખ્ખું જણાય છે કે જાત ઉંચી નથી પણ ગુણ ઉંચા છે. જ્યાં આવા ચોખ્ખા પુરાવા મોજુદ છે તો પછી જ્ઞાનમાં ઉંચ નીચનો સવાલ ઉભો જ થઇ શકતો નથી.

હીંદુશાસ્ત્ર પ્રમાણે જ્યારે ભગવાનના અવતાર થયાની વાતનો વિચાર કરીએ છીએ ત્યારે જણાય છે કે મચ્છાવતાર, કચ્છાવતાર, વરાહ અવતારમાં ભગવાન આવ્યા. જ્યારે માછલા, કાચબા, અને ભુંડના ખોળીઆમાં ભગવાન આવ્યા તો શું એ ખોળીયું ભગવાન છે? ના ખોળીયું જોવાનું નથી પણ મુળ વસ્તુ જોવાની છે. તેમ અહીં પણ નીચ ઉંચનું કે મુસલમાનનું ખોળીયું જોવાનું નથી પણ તેમાં રહેલી ભગવાનની ખરી વસ્તુ જોવાની છે. પાલીતાણામાં જૈન દેરાસરો પાસે પીર અંગારશાહ સાહેબની જગા છે. આ પીરે

બાદશાહી વખતમાં જૈનોનાં દેરાસરો માટે જૈનોને જીવના જોખમે મદદ આપી હતી તો જૈન ભાઇઓ આજે પણ તેમને માને છે. એક બીજા સાથે પ્રેમ એજ ખરી વસ્તુ છે. ભાવદાસ પંથનાં એક બ્રાહ્મણ માસ્તર મી. ચુનીલાલ મગનલાલે ભજનની ચોપડી છપાવી છે તેમાં પીર બાવા ગોર સાહેબના ઘણા વખાણ કર્યાં છે.

આખા જગતની ઉત્પત્તી હીંદુ શાસ્ત્ર પ્રમાણે બ્રહ્મમાંથી થઇ છે એટલે મુસલમાનો પણ તેમાં આવી જાય છે. મુસલમાનો જુદા ગણાઇ શકતાજ નથી. જે તેમને જુદા ગણે છે તે બ્રહ્મનો ભેદ સમજતા નથી, પણ માયાવાદી છે. જો નિરાંત મહારાજે અને હરીગુરૂએ મુસલમાનને જુદા ગણ્યા હોત તો તેઓ પીર અમન સાહેબને પોતાના ગુરૂ કરતજ નહીં. તેમણે તો એકાકારનો પ્રત્યક્ષ અમલ કરીને દેખાડયો છે. અને ખરા જ્ઞાની અને ખરા ભક્તની એજ ખુબી છે.

નીરાંત પંથમાં એક બાપુ ગાયકવાડ નીરાંત મહારાજના ચેલા થઇ ગયા છે તે બ્રાહ્મણને સંબોધીને એક પદમાં કહે છે કેઃ—

વિપ્ર જઇ જોને તું તો કબીરની કેવી જાત,
પુછ પુછ એને જઇ કઇ તારી ન્યાત.
નાનકનું નામ તેં તો સાંભળ્યું નાદાન કંઇ
દાદુ તણી સુણી કદી શુન્ય કાને વાત.
ગોરખને ગમાર તું પુછી આવી પાર લેજે,
વ્યાસની તો સુણી કદી કાને તારે ખ્યાત.
નારદનું મુળ તને મુંઢ નથી જાણવામાં,

શંગી જાત તણી થઇ તારે આડી રાત.
જ્ઞાનેશ્વર તણું અલ્યા મુળ તો તપાશી જો,
અખા તણું ખોજે અલ્યા બેઠો બેઠો પાત.
વશિષ્ટને જઇ પુછ તમારી તો જાત કઇ,
બ્રાહ્મણ તો ભણી ભણી મુખે કહે તાત.
સંસ્કારથી થાય છે બ્રાહ્મણ તો જગ સહુ,
શુદ્ર હોય સર્વ અલ્યા જણે જયારે માત.
એ તો અલ્યા ભુલી ગયો મોટાઇમાં ડુબી ગયો,
ગર્વથી ગમાર તારાં ભાંગશે આ ગાત.
અલ્યા જોને બ્રહ્મ ભાટ ગુરૂ મારો મહાની,
ખીંગો ખીર વીર ધણી ધારી જેની ઘાત.
નીરાંતનું નામ અલ્યા જુગ જુગ વાગી
બાપુ તેની નાત જાત ખોળ જઇ ભાત.

ઉપર પ્રમાણે બાપુ સાહેબ ગાયકવાડે એક પદ ગાયું છે જે નાનજી અરજણ ભગતની છપાવેલી "જ્ઞાનોદય પદ સંગ્રહ"ના ૨૦૧ મા પાને મોજુદ છે. ઉપર નીરાંત પંથ અને ભાવદાસ પંથ બંનેના આધાર આપવામાં આવ્યા છે જેથી જોઇ શકાય છે કે ભકતી અને જ્ઞાનમાં નાત જાત જોવાતી નથી. બ્રાહ્મણ, ક્ષત્રી, વૈસ્ય, શુદ્ર, મુસલમાન, પારસી એ સઉ ખોળીયાની વાતો છે. એ કાંઇ મુળ વસ્તુ નથી. મુળ વસ્તુ તો આત્મા છે જે માલીકે પોતાના તરફથી મોકલ્યો છે. આત્માની ઓળખ કરવાની છે, નહી તો શરીરની તો જનાવરોને પણ હોય છે.

કેટલાક લોકો વગર સમજે કહે છે કે મુસલમાનો હીંદુઓના ગુરૂ થઇ શકતા નથી કેમકે તેમનું શાસ્ત્ર અને ધર્મ જુદાં છે. પણ તેઓ એ સમજતા નથી કે સર્વ શાસ્ત્રનો હેતુ માત્ર માલીકનું જ્ઞાન શીખવાડવાનો હોય છે. વેદમાં ખુદાના જ્ઞાન વિશેની વાતો હોય તો જે ખુદાની વાતો શીખવે તે વેદ પ્રમાણેનીજ વાતો શીખવે છે. સંસ્કૃત જે માણસ જાણતો હોય તે શીખવી શકે છે પછી ભલે તે હીંદુ, મુસલમાન, પારસી કે અંગ્રેજ હોય. ઘણી નિશાળોમાં હીંદુઓ અને પારસીઓ મુસલમાન છોકરાઓને ફારસી વિદ્યાનું શિક્ષણ આપે છે અને ઘણે ઠેકાણે મુસલમાનો અને અંગ્રેજો સંસ્કૃત વિદ્યામાં પણ ઘણા પ્રવીણ હોય છે. આવા મુસલમાન અને અંગ્રેજ સંસ્કૃતનું પણ શિક્ષણ આપી શકે. એ તો જાણવાનો સવાલ છે, નાતજાતનો સવાલ નથી. કુકસ ગામમાં નાયા કાકા થઇ ગયા છે તે જાતના કોળી હતા. તેમના નામથી પણ "નાયા કાકાનો પંથ" ચાલે છે અને તેમાં હજારો હીંદુઓ હાલ મોજુદ છે. આ નાયા કાકા પીરાણાવાળા પીર ઇમામશાહ સાહેબના ચેલા હતા. પેટલાદ તાલુકાના દેવા ગામમાં "ભાભારામ" અને રૂણ ગામમાં "કીકીબાઇ" (ચીચીબાઇ) થઇ ગયાં છે એ બંને પાટીદાર કોમનાં હતાં અને એજ પીર ઇમામશાહથી તેમણે ઉપદેશ લીધો હતો. વળી ખંભાતના પુંજાબાવા જે ખારવા કોમના એક મહાન પુરૂષ થઇ ગયા છે અને ગુરૂપદને પામ્યા છે તેમણે એકલબારાવાળા પીર કાયમદીન બાવા સાહેબથી ઉપદેશ લીધો હતો. તેમજ જીવણ વસ્તા (વસ્તા બાવા) તથા રતનબાઇ એ બંને પાટીદાર કોમના હતાં તેમણે પણ એજ પીર પાસેથી જ્ઞાન મેળવ્યું છે જેની સાબીતી છપાએલાં પુસ્તકોમાં મોજુદ છે. કાજી અનવર

સાહેબના પાસેથી પણ કેટલાક હીંદુ ભાઇઓએ ઉપદેશ લીધો છે, અને તેમને પણ હાલ કેટલાક હીંદુભાઇઓ માને છે.

આથી જોઇ શકાય છે કે ઘણા હીંદુભાઇઓએ મુસલમાનોથી જ્ઞાન મેળવવામાં જરા પણ શંકા કરી નથી. શાસ્ત્રનું પ્રમાણ એજ છે કે સારાં કામ કરવાથી માણસ તરી શકે છે. તે ઉંચામાં ઉંચા બ્રાહ્મણનો ચેલો થાય અને તે બુરાં કામ કરે તો તેને કદી પણ મુકતી મળી શકતી નથી. અને કદાચ કોઇ હલકી કોમના માણસનો ચેલો થાય અને જો તે સારાં કામ કરે તો મુકતી થઇ શકે છે. આથી સાબિત થાય છે કે ઉંચી કોમના માણસના ચેલા થવાથીજ કાંઇ મુકતી થતી નથી પણ સારાં કામ કરવાથી મુકતી થાય છે. એટલે ખરી રીતે તો માણસ ગમે તે કોમના ગુરૂનો ચેલો થાય અને તેના ઉપદેશ પ્રમાણે સારાં કામ કરે તો તે મુકતી મેળવી શકે છે. અહીં ઉંચ નીચનો કાંઇ પણ સવાલ નથી. ગુરૂ કોણ છે તે જોવાનું નથી પણ તે શું કહે છે તે જોવાનું છે. કોઇ મુસલમાન ગુરૂ હોય અને તે સારો ઉપદેશ આપે તો તે માલીકનીજ વાતો વેદ પ્રમાણે શીખવે છે અને તે સઉ બરાબર છે એમ માનીને ચાલવાનું છે કારણ કે સઉ શાસ્ત્ર માલીકનીજ વાતો શીખવે છે. એક મુસલમાન પુરૂષ વેદ, મનુસ્મૃતિ, પુરાણ, રામાયણ, મહાભારત, ભાગવત, વિગેરેની વાતો સમજાવે તો તે સમજાવનારો એક મુસલમાન છે એમ સમજી તેની વાતોને ખોટી ગણી તેનાથી હટી જવાનું નથી; બલકે વધારે ખુશ થવાનું છે કે એક મુસલમાન આવી જ્ઞાનની વાતોમાં રસ લઇ આપણને આવી સારી વાતો સમજાવી રહયો છે; અને જે કામ હીંદુ ધર્મગુરૂઓ નથી કરતા તે પોતે પ્રેમથી કરી રહયો છે. આમાં વટાળ કે ભ્રષ્ટતાની કાંઇ વાત

નથી. દુધ, ઘી, કેરીઓ, મેવો, ફળફળાદી વિગેરે મુસલમાનો પાસેથી હીંદુભાઇઓ લઇને તેનો ઉપયોગ કરે છે તો પછી જ્ઞાનની વાત જે સાચી હોય તે લેવામાં શું વાંધો છે? મીરાંબાઇ એક ચમારને પોતાનો ગુરૂ બનાવી તેની પાસેથી ઉપદેશ લેતાં વટલાયાં કે ભ્રષ્ટ થયાં નહીં તો પછી એક મુસલમાન પાસેથી ઉપદેશ લેવામાં કોઇ હીંદુ શી રીતે વટલાઇ ભ્રષ્ટ થઇ શકે? એ તો ખાલી ભડકાવવાની વાતો છે. અત્તર કે સુગંધીનો વેપારી ગમે તે કોમનો હોય પણ તેની દુકાને જવાથી સુગંધી મળી શકે છે. જેમ સુગંધી કોઇપણ કોમનો માણુસ આપી શકે છે તેમ ખુદાનું જ્ઞાન પણ કોઇપણ કોમના માણુસ પાસે હોય તો તે આપી શકે છે. જ્ઞાનીઓ અને ભગતો તો નાતજાતનો સવાલ ઉભો કરી હીંદુ મુસલમાનોને જુદા ગણતાજ નથી. નીરાંત મહારાજના મુખ્ય શિષ્ય બાપુ ગાયકવાડ પોતાના એક પદમાં કહે છે કેઃ–

ભાઇરે નામ સમજીને બેશી રહીએ.
આત્મા ચીનીને મનમાં મગન થઇએ. ટેક.
રામને રહેમાન તમે એક કરી જાણજો,
કૃષ્ણ ને કરીમ એક કહીએ.
વિશ્નુ બિસ્મીલ્લામાં ભેદ નથી ભાળ્યો,
હવે અલ્લા અલેખ એક લહીએ. ૧
ગપુર ગોવીંદ રહીમ એક તમે જાણજો
મૌલા માધવ ગુણ ગઇએ
હરી હક તાલાનો ભેદ મેં તો જાણ્યો
હવે ચોરાસી માર નવ સહીએ. ૨

 ૧૩૭૬૪

પરવરદિગાર પરમેશ્વર એક છે
નબી નારાયણ ચેટ્યા હૈએ
ચોખા ને ચાવલ પણ ડાંગર એક છે
એવું સમજે તેના ચેલા થઇએ. ૩

બાપુ સાહેબ નામ પાક, બીજું નાપાક છે
એવું સમજ્યા હવે કહો કયાં જઇએ
જે જે સાધન કરે પડે તેમાં સાંસાં
અમો બ્રહ્મ જ.માં તો નીત નહીએ. ૪

ઉપલું બાપુ ગાયકવાડનું ભજન પણ નાનજી અરજણવાળી "જ્ઞાનોદય પદ સંગ્રહ"ના ૧૩૯મા પાને છાપેલું છે જેથી જોઇ શકાય છે કે હીંદુ મુસલમાનો સઉ બરાબર છે. બંને માટીનાજ બનેલા છે. તેમના પેદા થવાનો અને મર વાનો રસ્તો સરખોજ છે. બંને મરીને માટીમાં જવાના છે. આત્મા એજ ખરી વસ્તુ છે, અને તે પાક છે એવું હીંદુ શાસ્ત્ર પણ કહે છે. હવે ખોળવાનું એ છે કે આત્મા હીંદુ છે કે મુસલમાન. જે આ ખોળી કહાડે તે ખરા રસ્તાવાળા કહેવાય. જેને પોતાનીજ ખબર ન હોય તે માલીકને શું ઓળખી શકે. માટે પહેલાં પોતે કોણ છે, કયાંથી આવ્યો છે, શા કામે આવ્યો છે, કયાં જવાનો છે વિગેરે ખોળી કહાડવાનું છે; અને આનુંજ નામ ખરૂં જ્ઞાન અને સાચી ભકતી છે. હુંપણા અને અહંકારમાં ડુબેલાઓથી આ કામ થઇ શકતું નથી. તે તો મતામતીમાં અને "મારા તારા"માં પડેલા છે અને નકામો અંતરાય પાડનારા છે. વહેવાર સાચવવા કાંઇ વાંધો નથી પણ જે કામ માટે કોઇ પંથમાં ભળી ભકતીનું બાનું

લેવામાં આવે છે તે બાતું તો જ્ઞાન મેળવવાથીજ સચવાય છે. મનમાં ભેદ ભાવ રાખવાથી કાંઇ સીધ્ધી થતી નથી. જેનું જે ઘર હોય તે ભલે સાચવે. પણ એનો એ અર્થ નથી કે બીજાઓને ખોટા ગણવા. જેના મનમાં ખોટી વૃત્તી છે તેજ બીજાને હલકા સમજે છે. ગમે તેવો હલકો કે નાનો માણસ માલીકનું ભજન કરીને મોટો થઇ શકે છે એવા ઘણા દાખલા હીંદુ શાસ્ત્રમાં મળી આવે છે. પ્રીતમ સ્વામી એક પદમાં કહે છે કે:-

હરી ભજન થકી છોટા હોય તે સઉથી મોટા થાય
તનના તાપ ટળે, જન્મ મરણના સંકટ સર્વે જાય. ટેક
શુકજીનું મુળ જુવો શોધી, સજનો ઘાતીને પશુરોધી,
થાય આપે ઇશ્વર અક્રોધી, હરી ભજન થકી....... ૧
જુવો વાલમિકની વાત ખરી, જેણે દર્ભશાળામાં દેહ ધરી
જેણે સપ્ત કોટી રામાયણ કરી, હરી ભજન થકી........૨
જુવો એકલશ્રંગી હરણીના, અને વ્યાસ મુની વણ પરણીના
જુવો સુત પુરાણી કોણ કરણીના....હરી ભજન થકી. ૩
જુવો દાસી સુતથી શું હીણપણું, વળી પુન્ય પવિત્ર ચરિત્ર ઘણું
થયા નારદ મન ગોવીંદ તણું........હરી ભજન થકી. ૪
જુવો માંડવ્યની મેંડકી માતા, જુવો વશિષ્ટ વેસ્યા વિક્ષાતા
જુવો ચતુરાનન પંકજ જાતા,........હરી ભજન થકી. ૫
જેમ મધ્યમ જળગંગામાં ભળે, તે તો ગંગા સરખુ થઇને ફળે,
જેમ પારસ સ્પર્શે લોહ ટળે........હરી ભજન થકી. ૬
એમ જાત ભાત સઉની જાણી, હરી ભજે તે હરી સરખા પ્રાણી,
કહે પ્રીતમ ઓળખો એંધાણી........હરી ભજન થકી. ૭

ઉપલા પદનો અર્થ એ થાય છે કે માલીકની બંદગી કરવાથી નાના એટલે નીચ જ્ઞાતીના હોય તે પણ ઉંચા ગણાય છે. માલીકની બંદગીથી તેમના તનમાં (ત્રીવિધી) તાપ ગમે તેવા હોય તે ટળીજાય છે, તથા તેમના જન્મ મરણના સંકટ–દુઃખ સર્વ નાશ પામે છે. શુકદેવજી મહાત્મા પોપટીના પેટે પેદા થયા હતા અને સજનો એ જાતનો કસાઇ હતો તો પણ માલીકની બંદગીથી એ બંને મોટા મહાત્મા ગણાયા છે. વાલ્મિક રૂષી દાભડાની ઝુંપડીમાં ભીલને ત્યાં અનાર્યકુળમા પેદા થયા હતા. આ વાલ્મિકજીએ રામાયણ જેવું પુસ્તક રચ્યું છે જેને આખી હીંદુ આલમ માને છે. એકલશ્રંગી રૂષી હરણીના પેટે પેદા થયા હતા અને વ્યાસજી મુની જેમણે પુરાણનાં પુસ્તકો લખ્યાં છે તે "મચ્છગંધા" નામની કુંવારી માછણ જેને પારાસરજીના સંભોગથી ગર્ભ રહી ગયો હતો તેના પેટે પેદા થયા હતા. તે ઉપરાંત સુતપુરાણી મહાત્મા ક્ષત્રી કુળની સ્ત્રી અને વૈશ્ય કુળના પુરૂષથી પેદા થયા હતા અને વ્યાસજીના શિષ્ય હતા. તેમણે પણ કરણી વડે રૂષી પદ મેળવેલું છે. નારદજી દાસીપુત્ર હતા. આથી હલકું કુળ બીજું કયું હોઇ શકે? તો પણ તે. પોતાના પુન્ય અને કર્મ વડે વિષ્ણુ ભગવાનની મુછના વાળ ગણાય છે. માંડવ્ય રૂષી મેંડકી–દેડકીના પેટથી પેદા થયા હતા જેથી મેંડકી પુત્ર કહેવાય છે. વળી રામચંદ્રજીના ગુરૂ વશિષ્ટ રૂષી ગુણકા–વેસ્યાના પેટથી પેદા થવાથી વેસ્યાપુત્ર કહેવાય છે. અને બ્રહ્માજી કમળમાંથી અધ્ધર (પાંદડામાંથી) પેદા થયા હતા તો પણ માલીકની બંદગીથી મોટા ગણાઇ થયા છે. જેમ રસ્તા ઉપર વહેતું ગંદું–મેલું પાણી ગંગાજીમો મળીને ગંગાના પાણી જેવું પવિત્ર થઇ જાય છે અને લોઢું પારસને અડવાથી પારસ બની જાય છે એજ પ્રમાણે માલીકની

મહેરબાનીથી અને છાયાથી હલકા અને નીચા હોય તે ઉંચા થઈ જાય છે. ઉપર જેટલા મહાત્મા કહ્યા તે સઉની નાત જાત બધાઓના જાણવામાં આવી રહેલી છે. કોઈ તેથી અજાણ્યું નથી. પણ હરીને ભજે તે હરીના લાલ અને ખુદાના આશક છે, એ આથી સાફ જોઈ શકાય છે એમ પ્રીતમ સ્વામી કહે છે.

પીર અમન સાહેબના ગુરૂ પીર કાયમુદ્દીન બાવા સાહેબ પણ પોતાનાં "નુરે રોશન" નામના પૂસ્તકમાં કહી ગયા છે કે:—

કાયમદ્દીન, હરી મતા કીસીકે બાપકી નહી જાન.
જીસે પાવે વો હરીકા દાસ હે પીછાન.
કાયમદ્દીન, હીંદુ મુસલમાન જે વરણુમેં હરીજન હોવે જાન.
જો કોઈ હરીકું ઓલખાવે વો સતગુરૂ હે પીછાન,
કાયમદ્દીન, કોઇ નીચ જાતને હરી ઓલખા હોવે જાન.
વોહી સતગુરૂ કહાવે, ઉસસે કુંચી મીલાવે માન.

ઉપલા પદથી પણ ચોખ્ખું જણાય છે કે હરીમતા કોઇના બાપની નથી કે કોઇનો એ ઉપર ઇજારો નથી. ગમે તે જાતનો હોય પ જેણે હરી–માલીકને ઓળખ્યો હોય તો તે ગુરૂપદને લાયક છે. જ્યારે પુત્ર, વેસ્યા પુત્ર, કસાઇ પુત્ર, ભંગી પુત્ર, જેવા પોતાની નેકીથી પામી ગયા છે એવું હીંદુ શાસ્ત્ર ચોખ્ખું કહે છે તો પછી નો માટે કયાં વાંધો છે? કહલું છે કે:—

સભી ભુમી ગોપાલકી વામેં અટક કહાં
જીસકે મનમેં ખટક હે સોહી અટક રહા.

અર્થ:-આખી દુનિયા માલીકની બનાવેલી છે તેમાં તેણે વાધો કયાં રાખ્યો છે? પણ જેના મનમાં શંકા છે તેનું ગાડું અટકે છે. નકામાં વાંધા સાંધા ઉભા કરવાથી ભક્તી કે જ્ઞાનમાં આગળ વધી શકાતું નથી. કબીરદાસજીનો પણ એજ સિધ્ધાંત છે. દાદુ મહારાજ, ગુરૂનાનક, હાથી, તુલસીદાસ, તુકારામ મહારાજ સઉ એજ સીધ્ધાંત ઉપર જોર દઈ ગયા છે, અને એ સીધ્ધાંતથીજ તેઓ મોટા મહાત્મા ગણાઈ ગયા છે. પણ પાછળથી કેટલાક એવા નીકળ્યા છે કે જે એ મહાત્માઓનો સીધ્ધાંત સમજ્યા વિના ઉલટે રસ્તે દોરવાઇ રહ્યા છે. ઉપલા ખરા મહાત્માઓએ હીંદુ મુસલમાનની એકતા કરવા માટે જોર દીધુ છે, જ્યારે હાલના કેટલાક ભેદ ભાવ ઉભો કરી તે તોડવા માગે છે. "વૈષ્નવની વાર્તા"માં પઠાણુ અલીખાં અને રસખાંની વાતો વૈષ્નવ સંપ્રદાયે ઘણી ખુબીથી લખેલી છે અને તેમને ખરા ભકત બતાવેલા છે. જો એ લોકો ભેદ ભાવવાળા હોત તો મુસલમાનોને પોતાના ત્યાં સ્થાનજ આપત નહી, પણ ખરા સમજુઓએ તેવું કદી પણ કર્યું નથી.

તા૦ ૨૭ જુન ૧૯૨૭ના "સાંજ વર્તમાન"માં વૈષ્ણવો સંબંધી એક લેખ છપાયો છે તેમાં લખ્યું છે કે "વૈષ્ણવોના ઘણા પ્રકાર છે જેવા કે રામાનુજના અનુયાયીઓ, માધવાચાર્યના અનુયાયીઓ, રાધા વલ્લભીઓ, ચઇતન્યના અનુયાયીઓ, તથા સ્વામીનારાયણો વિગેરે." આ બધાજ લોકો વૈષ્ણવો કહેવાય છે. વૈષ્ણવમાં મીરાંબાઇ જેવું જબરી ભકતીવાળાં બાઇ ગણાયાં છે અને બધાજ વૈષ્ણવો તેમને માને છે. આ બાઇ રોહીદાસ ચમારના ચેલી હતાં અને ચમારથીજ તેમણે જ્ઞાન મેળવ્યું હતું. બધા વૈષ્ણવોને માન્ય એવો એક સંસ્કૃત

શ્લોક છે તેમાં કહ્યું છે કે જેમ આકાશમાંથી પડેલું તમામ પાણી સમુદ્રમાં જાય છે તેમ બધા દેવોને કરેલા નમસ્કાર એક દરે ભગવાનને પહોંચે છે.

હવે હીંદુ મુસલમાનોને જુદા ગણવાનાજ નથી. દીલ્હીમાં ઇ૦ સ૦ ૧૯૨૪ માં એકત્ર પરિષદ (Unity Conference) હીંદુ અને મુસલમાન આગેવાનોએ એકત્ર થઇને ભરી હતી તેનો હેતું એજ હતો કે હીંદુ મુસલિમ એકતા કરવી. આનો અર્થ એ નથી કે વહેવાર તોડી નાખી ધર્મ ક્રિયાઓ નકામી ગણવી અને ભ્રષ્ટ થઇ જવું. ખોળીયા અને વહેવાર માટે જે ચીજો જરૂરની હોય તે સાચવવી પણ આત્માને એકત્ર કરી મનમાંથી અહંકાર અને મલીનતા તો કહાડીજ નાખવી જોઇએ. સાડા ત્રણ મણની કાયામાં કઇ ચીજ હીંદુ અને કઇ ચીજ મુસલમાન તે ખોળી કહાડવું જોઇએ. આત્માની જાત કઇ છે તે જાણ્યા સિવાય મુકતીનો માર્ગ કયાં ખુલ્લો થાય છે? માટે આત્માની ઓળખ કરવી જોઇએ. ખોળીયાને હીંદુ ગણો કે મુસલમાન તેની સાથે કાંઇ લેવા દેવા નથી. હીંદુ મુસલમાનોએ આત્માનો સાક્ષાત્કાર કરવાનો છે. જ્યાં સુધી આત્મા એક થતો નથી ત્યાં સુધી ભેદભાવ ઉભેલાજ રહે છે. અને આત્મા એક થઇ જાય છે તો બધા વાંધા સાંધા જતા રહે છે.

આ જગતમાં પાણી એક છે, અગ્ની એક છે, પવન એક છે, પૃથ્વી એક છે, સુર્ય એક છે, ચંદ્ર એક છે, અને તેનાથી તમામ કોમના લોકો એક સરખી રીતે ફાયદો મેળવી શકે છે તો પછી ખુદાનું જ્ઞાન કયાં જુદું છે.? એ પણ સઉ માણસો માટે એક સરખુંજ છે. અને બધાઓને તેથી લાભ મેળવવા એક સરખો હક

છે. કોઇ મુસલમાનની માલકીનો કુવો હોય તો તેમાંથી મોટા બ્રાહ્મણો પણ પાણી ભરી ફાયદો મેળવી શકે છે, તો પછી જ્ઞાનનું પાણી મુસલમાનો પાસેથી કે કોઇ બીજા પાસેથી મળે તો તે લેવામાં શું બાધ આવે એમ છે? આ એક ઉંડા ઉતરીને વિચાર કરવાની બાબત છે.

મીસીસ એની બીસેન્ટ નામની એક અંગ્રેજ બાઇએ હીંદુસ્તાનમાં થીઓસોફી (તત્વજ્ઞાન)ના મંડળો ઘણે ઠેકાણે કાયમ કરેલાં છે અને તેમાં બ્રાહ્મણ, વાણીઆ, ભાટીઆ, લવાણા, પાટીદાર, એ બાઇના ચેલા થઇ જોડાએલા છે. આ તેમણે માત્ર જ્ઞાન મેળવવાના હેતુથી કરેલું છે તો તેમાં બાધ કયાં આવે છે? વળી હાલ મહેરબાબા નામના એક ઇરાની—પારસી સાધુ જાહેરમાં આવ્યા છે જેની હકીકત મુંબાઇના "સાંજ વર્તમાન" છાપામાં અવાર નવાર આવ્યા કરે છે. તે ઉપાસની મહારાજ નામના એક હીંદુના ચેલા છે અને ઉપાસની મહારાજ એક સાંઇબાબા નામના મુસલમાન ફકીરના ચેલા છે. અહીં મુસલમાન એ હીંદુ ગૃહસ્થના ગુરૂ, અને પારસીના દાદાગુરૂ છે. આ મામલો તો હાલનોજ છે, કાંઇ જુના વખતનો નથી. આવા પ્રકારની એકતા શું ઓછી વખાણવા લાયક છે? આવી એકતાનો જેમ ખ્યાલ વધતો જશે તેમ વધારે ફાયદો થશે. ગાંધીજીને હાલ પણ કેટલાક મુસલમાનો વળગેલા છે અને તેમનો ઉપદેશ સાંભળે છે. આ પણ એક પ્રકારની એકસંપી છે. આમાં વાંધો શું છે?

કબીર સાહેબ ગમે તે કોમની સ્ત્રીના પેટે પેદા થયા હોય પણ તે નાનપણથીજ દીકરા તરીકે એક મુસલમાન જુલઇયા—તાઇના હવાલામાં ગયા, તેના ઘરનું પંદર વરસ ખાધું, અને એના દીકરા

તરીકેજ તેના ઘરમાં મોટા થયા. એક હીંદુનો છોકરો કદાચ હાલ કોઇ મુસલમાનના ઘરમાં તેના દીકરા તરીકે રહી તેના ઘરનું ખાય અને તેનાજ ઇસ્લામી વહેવારમાં મોટો થાય તો હાલ બધાજ તેને મુસલમાન ગણશે. તેને કોઇ પણ હીંદુ કહેશે નહીં. એજ હાલત કબીર સાહેબની હતી. "કબીર" શબ્દ અરબી–ઇસ્લામી ભાષાનો છે જેનો અર્થ "મોટો" થાય છે. હાલ પણ મુસલમાનોમાં "કબીર" "કબીર મહંમદ" "કબીરખાન" "કબીરૂદ્દીન" "મહંમદ કબીર" એવાં નામો મોજુદ છે. પણ આખી દુનિયાની હિંદુ વસ્તીમાં કોઇ પણ હીંદુનું નામ કબીર જોવામાં આવતું નથી કારણ કે તેમનામાં એવો શબ્દજ નથી. વળી તેમણે પોતાના ઉપદેશમાં નાસુત, મલકુત, લાહુત વિ. જે શબ્દ વાપર્યા છે તેપણ ઇસ્લામનાજ છે. કબીર સાહેબનું શિક્ષણ હીંદુઓને ઘણું પસંદ પડયું અને તેમને તેમણે હીંદુ માન્યા કે ગમે તો અવતારી પુરૂષ માન્યા એ એક શ્રધ્ધાની વાત છે. એમ તો આગાખાનના હીંદુ ચેલાઓ આગાખાનને અને પીરાણા પંથના ચેલાઓ પીર ઇમામશાહને ઇશ્વરી અવતાર તરીકે માને છે તો તે એમની માન્યતાની વાત છે. પણ આગાખાન અને પીર ઇમામશાહના નામોજ બતાવી આપે છે કે તેઓ મુસલમાન છે. તેજ પ્રમાણે કબીર સાહેબનું નામ પણ કહી આપે છે કે તેઓ મુસલમાન છે. તેઓ એવા મુસલમાન હતા કે તેમણે હીંદુ મુસલમાન કે નીચ ઉંચમાં જરા પણ ભેદ ગણ્યો નથી અને તેથીજ કેટલાક હીંદુઓ અને કેટલાક મુસલમાનો તેમને માને છે. હીંદુઓ ભલે તેમને ગમે તેવા ઉંચા દરજ્જાના માને. એમાં કોઇ જાતનો વાંધો નથી પણ તેઓ તેમને વાસ્તવિક રીતે હીંદુ તો કદી સાબિત કરી શકવાના નથી. કબીર સાહેબનું નાનપણથી એક

મુસલમાનના ત્યાં ખાઇપીને તેનાજ છોકરા તરીકે મોટા થવું, અને તેમનું નામ પણ ઇસ્લામી હોવું, એ બાબત એવી છે કે ન્યાયવાળો માણસ એજ કહેવાનો છે કે તેઓ મુસલમાન હતા. તેઓ વળી એક ઇસ્લામી ચિસ્તી પીરના મુરીદ પણ હતા.

વળી શીખોના ગુરૂ નાનક મહારાજ હઝરત બાવા ફરીદ સાહેબ ચિસ્તીના ખાનદાનના મુરીદ હતા અને તે ઉપદેશને લઇનેજ તેમણે મક્કા, મદીન, બુગદાદ, વિગેરે ઇસ્લામી ધામોની જાત્રાઓ કરી હતી. આવા જ્યાં ચોખ્ખા પુરાવા મોજુદ છે તો પછી તેઓ ભેદભાવ વગરના ઠરે છે. તેઓ એક મોટા મહાત્મા અને ખુદાના લાલ હતા અને તેમણે હીંદુ મુસલમાનોની એકતા કરવા માટે અને ઉંચ નીચનો ભેદ તોડવા માટે એવું શિક્ષણ આપ્યું છે કે જે હીંદુભાઇઓને તે પસંદ પડે છે તે તેમને ઇશ્વરના અવતાર તરીકે માને છે. હીંદુભાઇઓ એક ઇસ્લામી ચલણુવાળા મહાત્માને આવી લાગણીથી માને છે તેજ હીંદુ મુસલિમ એકતાનો એક ઉમદા નમુનો છે.

ઉપલી તમામ હકીકતથી ભાઇઓ જોઇ શકશે કે જ્ઞાની પુરૂષોએ ફક્ત જ્ઞાનથી કામ રાખેલું છે. નાતજાતને જોઇ નથી. તેમણે અહંકાર કે ભેદ ભાવ રાખ્યો નહોતો. પોતાનો વહેવાર સાચવ્યો હશે પણ ભેદ તો કદી ગણ્યોજ નથી. ઉંચી કોમનો માણસ કદાચ ઇશ્વરી જ્ઞાન મેળવી ગુરૂપદ સંપાદન કરે તો તેના સંસ્કારના લીધે સહેલાઇથી કરી શકે છે પણ એક ઉતરતી કોમનો માણસ એવા મહાન દરજ્જે ચડે તો તે પેલા ઉંચા કરતાં વધારે માનને લાયક છે. કારણ કે તેના ઉપર માલીકની કેટલી બધી મહેરબાની થઇ હશે કે જેથી તેને ગુરૂપદ મળ્યું હશે ? આ સઘળી બાબતનો વિચાર કરવાનો છે. નકામી

ખેંચતાણુ અને હોંસાતોંસી કરવાની નથી. એવું કરવાથી જ્ઞાનમાં આગળ વધી શકાતું નથી પણ રખડતાજ-રહેવાય છે. આપમમત હુંપદ અને અહંકારવાળા અને પોતાને ઉંચા સમજનારા હમેશાં બરબાદ થયા છે. રાવણુ અને કંસના અહંકારને લીધે કેવા હાલ થયા છે એ કોણ નથી જાણતું ? માટે મોટાઇમાં કાંઇ મોલજ નથી. નાના થઇને ચાલશો તોજ આગળ વધી શકશો. કહ્યું છે કેઃ—

ઉંચા ઉંચા સબ ચલે, નીચા ચલે નહીં કોઇ,
કહે કબીર નીચા ચલે, વો સબસે ઉંચા હોઇ.

આ વચન બેશક ધ્યાનમાં ઉતારવા જેવું છે. બ્રાહ્મણો, વાણીઆ, પાટીદાર, ક્ષત્રીઓ વિગેરે જ્યારે કોઇ અંગ્રેજ, કોઇ પારસી, કે કોઇ મુસલમાનના ત્યાં નોકર હોય છે ત્યારે ખરા દીલથી તેમની તાબેદારી કરે છે. કોઇ મુસલમાન નવાબના ત્યાં નોકર હોય છે તો તેને "ખુદાવીંદ" "ખુદાવીંદ" કહી તેની જોઇએ તેવી સેવા કરવા તૈયાર હોય છે. આમાં કાંઇ અચરજ જેવું નથી પણ જ્યારે પગાર (માયા) માટે એક સંસારી મુસલમાનની તાબેદારી કરવા વાંધો આવતો નથી તો પછી જ્ઞાન માટે કોઇ મુસલમાન મહાત્માની તાબેદારી કરવામાં વાંધો શી રીતે આવી શકે? પણ મમત્વનો કાંઇ ઇલાજ નથી.

આર્યસમાજીઓ શું કહે છે ?

હાલ વળી કેટલાક આર્યસમાજીઓ નીકળ્યા છે તેઓ સનાતની હીંદુઓને ઢેડા અને ભંગીઆઓથી જાહેર વહેવાર જારી કરવાની જોરથી

ભલામણ કરે છે અને મુસલમાનોથી આઘા રહેવાનો ઉપદેશ કરે છે! જાણે મુસલમાનો ઢેડ ભંગીથી પણ ઉતરતા ન હોય! ઢેડાઓ જ્યારે દેશી ભાઇ છે તો શું મુસલમાનો નથી? મુસલમાનો તો કહે છે કે આર્ય-સમાજીઓ ઢેડાઓને પોતાની સાથે એક થાળમાં જમવા બેસાડે, એકજ પવાલામાં પાણી પાએ, અને તેમને ઉંચ વરણની કન્યાઓ શોધી આપે તો તેમાં આર્યસમાજીઓની નેકનામી છે એમાં મુસલમાનો તો નારાજ હોઇ શકેજ નહીં. મુસલમાનોને એમાં શું નુકશાન છે? તેઓ તો ગરીબ ઢેડાઓને આગળ વધેલાજ જોવા માગે છે. આર્યસમાજીઓ તેમને જેટલો લાભ આપવા માગે તેમાં મુસલમાનો તદન રાજી છે કારણકે તેઓ તો ઢેડાઓને જરા પણ હલકા સમજતા નથી. બલકે હમેશાં તેમને પોતાની પાસે અડીને બેસવા દે છે. કેટલાક ઢેડાઓ જે અંત્યજ નિશાળોમાં ભણીને તૈયાર થયા છે તેમને મુસલમાન મુનશીઓએજ આભડછેટ રાખ્યા વગર ભણાવ્યા છે અને હાલ પણ ઢેડોની નિશાળમાં ઘણે ઠેકાણે મુસલમાનોજ તેમને ભણાવે છે. તેઓ ક્યારે તેમને હલકા સમજે છે? આર્યસમાજીઓતો હમણા હમણા ઢેડાઓની જરા તરા લાગણી રાખતા થયા છે પણ મુસલમાનો તો પહેલાથીજ ઢેડાઓને અડકે છે અને તેમને પોતાના ઘરમાં પણ વગર સંકોચે આવવા દે છે. મુસલમાનો તો ઉંચા હીંદુઓની પણ લાગણી રાખે છે અને નીચાની પણ રાખે છે. તેમને મનતો બધાજ ભાઇ છે. એ તો આર્યસમા-જીઓજ હીંદુઓને મુસલમાનોથી અલગ રહેવાની અને તેમને હલકા ગણવાની સુચના આપે છે, અને તેઓ હાલ બધે ભાષણો પણ તેવાંજ કરે છે કે જેથી હીંદુ મુસલમાનોમાં જુદાઇ થઇ કલેશ પેદા થાય છે. મુસલમાનો હીંદુઓથી જરા પણ જુદાઇ રાખવા માગતા નથી. એ

તો આર્યસમાજીઓ કેટલાક હીંદુભાઇઓને ભળતું સમજાવી એવી જુદાઇ કરાવવા માગે છે. તેઓ હીંદુભાઇઓને એવું સમજાવે છે કે મુસલમાનના કોઇ મેળામાં કે તહેવારમાં ભાગ લેવો નહીં, તેમના કોઇ રિવાજ પાળવા નહીં, તેમના ભજન ગાવા નહીં, તેમનો લિબાસ પહેરવો નહી, કે તેમના જેવો દેખાવ રાખવો નહીં; કારણ કે મુસલમાનો વિધર્મીઓ છે અને એમની કોઇ ચીજનું અનુંકરણ કરવું એ વેદ ધર્મની વિરૂધ્ધ છે. તેઓ સનાતની હીંદુઓને જોરથી આવી સલાહ આપે છે પણ તેઓ પોતે અંગ્રેજી ભણીને કઇ તરફ તણાતા જાય છે તે જોતા નથી. તેમણે અસલ હીંદુ ચોટલીઓ કહાડી નાખી અને ચહેરા કરાવી અંગ્રેજી વાળ રાખવા માંડ્યા, ટીલાં કરવાં છોડી દીધાં, પોતાનો અસલ પહેરવેશ મુકી દઇ માથે અંગ્રેજી ટોપસા અને શરીરે કોટ, પાટલુન, જાકીટ વિગેરે પહેરવા માંડયાં એટલુંજ નહી, પણ ગળામાં કૉલેર-પટો નાખી નેકટાઇ-લુગડાની પટીઓ બાંધવા માંડી, પુરૂષની નિશાની જે દાઢી મુંછ છે તે તદન કડાવી નાખી સ્ત્રીઓના જેવા ચહેરા બનાવ્યા, કોટ પાટલુનથી ભોંય બેસવાનું ઠીક પડતું નથી એટલે કમોડ-લાકડાની નાની ઘોડીમાં ગોઠવેલા ચીનીના વાસણમાં લોટે જવાનું અને ઉભા ઉભા પેસાબ કરવાનું મંડાણ માંડયું. નાતાલ, ઇસ્ટર, ગુડ ફ્રાઇડે જેવા અંગ્રેજી તહેવારો પાળી અંગ્રેજોનો રવીવારનો દીવસ પણ પાળવા માંડયો અને અંગ્રેજોની માફક તે દીવસે ધંધો રોજગાર બંધ કરી રજાઓ પાળવા માંડી. મર્યાદા વગરના થઇ સ્ત્રીઓને પોતાની બગલમાં ગાડીઓમાં બેસાડી જાહેરમાં લોકો જુવે તેમ ફરવા માંડયું. તેઓ પોતાના ધર્મની એક પણ બાબત આચરણમાં મુકતા નથી પણ ફકત નિશાળે જઇ વેદ વિરૂધ્ધના જડવાદની કેલવણીમાં આગળ વધવું એજ

સમજે છે. ઉરદુ ભાષાને પરદેશીઓની (મુસલમાનોની) ભાષા બતાવી તેનાથી અણગમો રાખે છે અને અંગ્રેજી ભાષા જે પરદેશીઓનીજ છે તે શીખવા તથા શીખવવા રાતદીવસ કોશીશ કરી રહયા છે. ટેબલ પર બેસી અંગ્રેજોની માફક ખાવા લાગ્યા છે અને ગમે તેવા દારૂ પીનારાઓના હાથનું રાંધેલું પણ ખાય છે. કેટલાકમાં માંસ અને દારૂનો પણ છુટથી ઉપયોગ થવા માંડયો છે. અંગ્રેજોની માફક ઇવનીંગ પારટીઓ અને ખાણાના જલસા કરે છે અને બધા સેળભેળ થઇ જોડા સાથે ખાણું લે છે. અને છેવટમાં કોઇ મોટા માણસની તંદુરસ્તીની સલામતી ઇચ્છવા બધા ટેબલ આગળ ઉભા થઇ દારૂના કે પાણીના ગલાસ ઉંચા કરી ઘુંટડા પીએ છે અને એમ માને છે કે તેથી તેમણે પેલા મોટા માણસની તંદુરસ્તી ચાહી છે. ખાઇ રહયા પછી ટેબલ આગળ કેકર–હવાઇ ફટાકડા ફોડે છે અને આનંદ મેળવે છે. સોડા લીમલેટ, જીંજર, રાસબરી, પીકમીઅપ, ટોનીક, વિગેરેની બાટલીઓ ફોડી તેના ઢીંચારા પીએ છે, અફીણની મોટી બહેન ચાહનો દરરોજ નિયમસર ઉપયોગ કરે છે અને હુકકાના ઠેકાણે પરદેશી ચિરૂટ અને સીગરેટ-કાગળની બીડીનો હાલ તેને ચાલતે ઉપયોગ કરે છે. નાતાલના અંગ્રેજોના તહેવારોમાં પોતે શામીલ થાય છે અને તે તહેવારોમાં અંગ્રેજોને ખુશાલીની મુબારકબાદીઓ આપે છે અને મેવા મીઠાઇના કંડીઆ તેમને ભેટ ધરે છે. દેશી દવાઓ મુકી અંગ્રેજી ડાકટરોની દવાઓ વાતવાતમાં ખાય છે અને તેઓ જેમ કહે તે પ્રમાણેજ ચાલે છે. પાદરીઓની મિશન સ્કુલોમાં ભણવા જાય છે અને ત્યાં તેમનું ધર્મ પુસ્તક ફરજીઆત શીખે છે. પોતાના ધર્મ પુસ્તક તરફ તેમનું ધ્યાન કદી દોરાતું નથી. પૃથ્વીથી સૂર્ય નવ કરોડ માઇલ દુર છે,

પૃથ્વી પોતાની ધરી ઉપર એક પળમાં ઓગણીસ માઇલ ગોળ ફરે છે, અને માણસ જાત વાંદરાની ઓલાદની છે એવું અંગ્રેજો કહે છે તે કબુલ કરી લે છે! અને મુસલમાનો માલીકના જ્ઞાનની વાત કરે છે તો તે તેમને ખોટી લાગે છે.

તેઓ અંગ્રેજી રૂઢી પ્રમાણે કાગલો અને લખાણો લખે છે, અંગ્રેજી ભાષામાં કાબેલ ગણાવા માટે મોટાં મોટાં અંગ્રેજી કાવ્યો અને પદો મ્હોડે કરે છે, અને અંગ્રેજોની માફક કોઇ જાહેર જગામાં નાટક પણ ભજવી બતાવે છે. હવે તો આ કામમાં જવાન જવાન શીખેલી છોકરીઓ પણ શામીલ થાય છે. મુસલમાનોને તેઓ બુરા ગણે છે અને અંગ્રેજોનું તમામ વાતમાં અનુકરણ કરી તેમની પાછળ પાછળ ચાલવામાં આનંદ માને છે. અંગ્રેજોની રમતો જોવા પાછળ તેઓ ગાંડા થઇ રહયા છે. લગન વખતે ચોરી અને મંગળ ફેરા કહાડી નાખી કોઇ મકાનમાં ઉભા ઉભા લગન કરી રજીસ્ટરમાં તેની નોંધ કરાવી લે છે અને તેને શાસ્ત્ર પ્રમાણે લગન કર્યું એમ બતાવે છે. વિલાયતી ચોકલેટ, વિલાયતી બીસ્કીટ, વિલાયતી સ્વીટ–મિઠાઇ, વિલાયતી કેક, વિલાયતી મુરબ્બા, વિલાયતી પનીર, વિલાયતી કોકો, વિલાયતી કાફી, વિગેરે અંગ્રેજી ચીજોનો ખાવાપીવામાં છુટથી ઉપયોગ કરે છે. જેટલા અંગ્રેજી ભણેલા છે તે ઘણે ભાગે ઉપલીજ ચીજો તરફ હાલ વળેલા છે. અંગ્રેજી ખાણાં ખાવાં, અંગ્રેજી લુગડાં પહેરવાં, અંગ્રેજી તહેવારો પાળવા, અંગ્રેજી પદો ગાવા, અંગ્રેજી સલામ કરવી, અંગ્રેજી વાતચીત કરવી, અંગ્રેજી દવાઓ પીવી, ઉભા ઉભા મુતરવું, મડમોના શરમ ભરેલા નાચ અને જલસા જોવા, ઘોડાની શરતોમાં જવું, સટ્ટા કરવા, દેવાળાં કહાડવાં, વિગેરે

બાબતોમાં પડેલાઓ જુના સનાતની હીંદુ ભાઇઓને તાલીમ આપે છે કે તમારે મુસલમાની તહેવારો અને રિવાજોથી દુર રહેવું ! તેઓ ઉપલી બાબતો જે કરે છે તે તો વેદ શાસ્ત્રના આધારે હશે ! જો આનું જ નામ વેદ શાસ્ત્રની તાલીમ અને વેદાંતી જ્ઞાન હોય તો હીંદુસ્તાનનો ઉધ્ધાર થઇ ચુકયો ! આવા અગ્રેજી બુરા રિવાજોમાં ફસાનારા, અને વેદશાસ્ત્રને શરમાવનારા આર્ય સમાજીઓ સનાતની હીંદુભાઇઓને આડંબરથી શીખામણ આપવા નીકળે છે કે મુસલમાનોના તહેવારોમાં શામીલ થવું એ વેદ શાસ્ત્રને અનુસરતું નથી ! અલ્યા ભાઇ ! તમે જે ઉપલી ચીજો ઉપાડે છોગે ફરી રહ્યા છો તેને માટે વેદનો કયો આધાર છે ? પણ વેદ કદી તમે જોયો નથી કે તમારી પાસેજ નથી તો તમને તેની શું ખબર ! કોઇ પણ આર્યસમાજી કે તેમના સોબતીઓના ઘરમાં વેદનું પુસ્તકજ નથી કે તેનું તેમને જ્ઞાન નથી તો પછી તેઓ વેદની વાત જાણેજ શું ? તેમને તો હાલની અંગ્રેજી કેળવણી પ્રમાણે "ડારવીન" સાહેબના સિધ્ધાંત ઉપરથી એટલીજ ખબર છે કે "માણુસ જાતના બાપ દાદા અસલમાં વાંદરા હતા !" આવું જ્ઞાન મેળવવામાં તેમને આનંદ પડે અને આત્મજ્ઞાન મેળવવા માટે તેમને કીડીઓ ચડે ! તેઓ ખરૂં જ્ઞાન પોતે લેતા નથી એટલુંજ નહીં, પણ બીજાઓને પણ લેતાં અટકાવે છે ? આ તેમનો જડવાદ અને ઉલટી સમજ નથી તો બીજું શું ? અંગ્રેજો ભલે પરદેશીઓ હોય, માંસ ખાય, દારૂ પીએ, સ્ત્રીઓને બગલમાં લેઇ ઉઘાડી રીતે નાચે, હીંદુઓને ખ્રિસ્તાસીઓમાં લઇ જાય તેની ફિકર નહી ! પણ મુસલમાનોની ફિકર મુસલમાનો હીંદુસ્તાનમાં એક હજાર વરસથી અહીંના જુના રહેવાસી થઇ ગયા છે, તો પણ આર્યો

હજુ તેમને પરદેશી સમજી સનાતની હીંદુઓને તેમનાથી આઘા રહેવા ભલામણો કરી રહયા છે અને સો વરશથી અહીં આવેલા પરદેશી અંગ્રેજોના રિવાજ તરફ પોતે ખેંચાઇ બીજા સનાતનીઓને પણ ખેંચી રહયા છે ! પણ તેમની શીખામણ હવે સનાતની હીંદુ ભાઇઓને ગળે ઉતરે એવી નથી કારણ કે તેમણે જોઇ લીધું છે કે આર્યસમાજીઓનું કાંઇ ચોક્કસ ધોરણ નથી આર્યસમાજના મુખ્ય પુસ્તક 'સત્યાર્થ પ્રકાશ''મા સનાતની હીંદુ પથો, તેમના તેમના ધર્મગુરૂઓ, બ્રાહ્મણો, વૈષ્ણવો, જૈનો, કબીર પંથીઓ, વિગેરેની જોઇએ તેટલી નીંદા કરી છે અને હજુપણ તેઓ તેની નીંદા કર્યાજ કરે છે. ગાંધીજીએ પણ તેમની નીતી રીતી આજ કારણે ૪૦ સ. ૧૯૨૪માં વખોડી કહાડી હતી જેથી આર્યસમાજીઓએ તેમના ઉપર પણ સખત હુમલા કર્યા હતા. હાલે મી૦ બીપીનચંદ્ર પાલે પણ તેમના માટે એવોજ મત આપ્યો છે. બીપીનચંદ્ર પાલ જે બગાલાના એક મોટા હીંદુ આગેવાન છે તેમણે હાલ અંગ્રેજી છાપામાં એવી હકીકત બહાર પાડી છે કે આર્યસમાજીઓ હીંદુ ધર્મનો નાશ કરનારા છે. જેમ તેઓ મુસલમાનો સાથે લડે છે તેમ તેઓ હવે સનાતની હીંદુઓ સાથે પણ લડશે. ગાંધીજી અને મી૦ પાલ હીંદુઓજ છે અને તેઓજ આર્યસમાજીઓ માટે આવા મત આપી છે. આર્યસમાજીઓ વેદાંતનુ જ્ઞાન જાણતા નથી, તેઓ શીખતા નથી, અને બીજા શીખવા ઇચ્છા રાખે છે તેમને પણ રોકે છે. હીંદુ મુંસલમાનોને જુદા પાડવા તેઓજ કોશીશ કરે છે અને હીદુઓને મુસલમાનો વિરૂધ્ધ ઉશ્કેરે છે નહીં તો સનાતની હીંદુઓ તો મુસલમાનોને પોતાનાજ સમજે છે. આર્યસમાજીઓ શુધ્ધીની પધ્ધતીથી

હીંદુ ધર્મના વાડા તોડી ખાનપાન અને બેટી વહેવાર બીજાઓ સાથે ચાલુ કરવામાં હીંદુસમાજની ઉન્નતી સમજે છે જ્યારે મુસલમાન ધર્મગુરૂઓ તેમને પોતાના વાડા કાયમ રાખી માત્ર જ્ઞાનમાં આગળ વધવામાં તેમની ઉન્નતિ માને છે.

આર્યસમાજીઓ સનાતની હીંદુભાઇઓને એમ સમજાવે છે કે મુસલમાનો હીંદુઓને વટલાવે છે, ગાયો કાપે છે, અને હીંદુ કોમનો નાશ કરવા માગે છે, માટે મુસલમાનોને જેમ બને તેમ તોડવા જોઇએ. પણ તેઓ એ વિચાર કરતા નથી કે અંગ્રેજ પાદરીઓ એ કામ તો કરે છે. પાદરીઓએ અમદાવાદ, ખેડા, વડોદરા, ભરૂચ, સુરત વિગેરે જીલ્લાઓમાં પોતાના મોટાં મોટાં મથકો કાયમ કરેલાં છે અને તેઓ આર્યસમાજીઓની નજરો સામે હીંદુઓને પોતાના ધર્મમાં વટલાવી રહયા છે. મુસલમાનોને આવું કરવાને જોગવાઇજ કયાં છે ? વળી મુસલમાનો કાંઇ હમેશાં ગાયો કાપતા નથી. જે હમેશાં કપાય છે તે તો વિલાયતી લશકર અને ક્રિશ્ચયન-વિશ્વાસી પ્રજા માટે કપાય છે. મુસલમાનો બાર મહીનામાં ફકત એક દિવસ ગાયો કાપતા હશે પણ હાલ તો તેમણે તે કરવાનું પણ મોટે ભાગે મુકી દીધું છે. વિલાયતમાં ત્રીશે દહાડા ગાયો ઉઘાડી રીતે કપાય છે ત્યાં તો આર્ય-સમાજીઓ ખુશીથી પૈસા ખરચી અંગ્રેજોની વિદ્યા શીખવા જાય છે અને ત્યાં તેમની સાથે એકજ ટેબલ પર બેસીને તેમના હાથનું રાંધેલું ખાય છે તે તેઓ નથી જોતા. અંગ્રેજો ભલે હમેશાં ગાયો કાપે અને તેમના માંસનો દરરોજ ઉપયોગ કરે તો વાંધો નહીં ! અને મુસલમાનો જુજ પ્રમાણમાં ફકત એક દીવસ ન છુટકે તેવું કરે તો તેમા વાંધો ! આને માટે આર્યસમાજીઓ તો હાલ એટલું બધું જોર દઇ રહયા

છે કે બસ મુસલમાનોનાં પગલાં હીંદુસ્તાનમાં જોઇએજ નહીં ! પણ તેઓ એ ખ્યાલ કરતા નથી કે હીંદુસ્તાનમાં પહેલાં અનાર્યો જે હાલ ભીલ કોળી ગણાય છે તેમનીજ વસ્તી હતી. તેમનુંજ આખા હીંદુસ્તાનમાં રાજ હતું. તેમને તોડવા આર્ય લોકો મધ્ય એશીઆમાંથી અહીં ચડી આવ્યા અને અનાર્યોને બરબાદ કરી તેમનાં રાજ પડાવી લીધાં અને તેમને તારાજ કરી નાખ્યા જેથી તેમને પહાડો અને જંગલોમાં નાસી જઇ દુ:ખી જીંદગીમાં પડવું પડયું. આર્યો પછી હીંદુસ્તાનમાં મુસલમાનો ચડી આવ્યા અને તેમણે અહીં પોતાની સત્તા જમાવી. તે પછી અંગ્રેજ લોકો ચડી આવ્યા અને તેમણે પોતાનું રાજય કાયમ કર્યું. આ ત્રણેનો આવો ક્રમ છે. હાલ તો મુસલમાનો અહીં એક હજાર વરસથી કાયમ છે. બાર વરસનો ક્રમજો છુટતો નથી તો હઝાર વરસનો શી રીતે છુટે ? અંગ્રેજો જેમણે સો વરસથી પોતાની સર્વોપરી સત્તા અહીં જમાવી છે તેમની તાબેદારી કરવામાં આર્યસમાજીઓ આનંદ માની રહયા છે. અને મુસલમાનો માટે આવો ખ્યાલ રાખે છે ! જો આનુંજ નામ ભાઇચારો અને નેક લાગણી હોય તો ભલે તેમ થવા દો. પણ તેમણે એ યાદ રાખવું જોઇએ કે હીંદુસ્તાનમાં હીંદુઓની વસ્તી તેવીસ કરોડની છે અને મુસલમાનોની આઠ કરોડની છે. વળી દુનિયામાં હીંદુઓ તેવીસ કરોડ છે અને મુસલમાનો પીસતાલીસ કરોડ છે તો પણ મુસલમાનો હીંદુઓ સાથે એકસંપી રાખવા રાજી છે. તેમને તેઓ દુશમન ગણવા માગતા નથી પણ ભાઇ તરીકે ગણવા માગે છે છતાં આર્યસમાજીઓ તેમને માટે આવો ખ્યાલ રાખે એ તાજુબ થવા જેવું છે. હીંદુ મુસલમાનો એક શરીરની બે આંખ છે. એક આંખને પણ જો નુકસાન થાય તો

આખા શરીરને તકલીફ થાય છે એનો વિચાર કરીને તેમણે ચાલવાનું છે. મુંસલમાનો અને હીંદુઓ સાથે રહી કામ કરશે તોજ સ્વરાજનું કામ થઇ શકશે. નહીં તો કદી બનવા જોગ નથી. આર્યસમાજીઓ પોતાનું સંગઠન કરવા માગતા હોય તો ભલે કરે. એમાં મુસલમાનોને કાંઇ વાંધો નથી પણ તેઓ તેમ કરવામાં મુસલમાનોના ધર્મ અને તેમના મહાન પેગમ્બર સ૦ તથા તેમના મહાત્માઓ ઉપર ખોટા શબ્દોમાં હુમલા કરે એ તો મુસલમાનો કદી સાંખી શકે નહીં. સનાતની હીંદુઓનું સંગઠન તો તેમના સંપ્રદાયોના રૂપમાં કાયમજ છે અને તેનેજ તેઓ મજબુતીથી વળગી રહેલા છે. એટલે તેઓ તો પોતપોતામાં સંગઠિત છેજ પણ આર્યસમાજીઓ તેમના સંપ્રદાયોના વગોણા કરી તેમનામાં ભંગાણ પાડે છે અને તેમનું બંધારણ ઢીલું કરે છે. તો પણ સનાતની હીંદુઓ પોતાના સંપ્રદાયોની વધારે મજબુતી કરવા માગતા હોય તો એમાં મુસલમાનો રાજી છે.

પહેલાં ધર્મમાં મજબુત થાઓ.

હીંદુ ભાઇઓનાં પોતપોતાનાં સંપ્રદાયો જે તેમને સંગઠનના રૂપમાં મજબુત બનાવવા દરેક ઠેકાણે પુરતાં છે તો પણ આર્યસમાજીઓ ગામે ગામ પોતાના તરફથી હીંદુ સભા સ્થાપી તેમને તેમાં જોડવા જોર કરવું એમાં સંગઠનનો હેતુ સચવાએલો તેઓ માનતા હોય તો એ તેમની મરજીની વાત છે. પણ એ જોવાનું કામ સનાતનીઓનુ છે. સંપ્રદાયો એ ધર્મનાં ખાતાં છે અને તેમાં દરેક જણ પોતાની ઇચ્છા પ્રમાણે એવા કોઇ પણ સંપ્રદાયમાં રહી તેની સારી રીતે મજબુતી કરી શકે છે કારણ કે એમાં ભકતીની શુધ્ધ ભાવના રહેલી છે. પણ જો ગામેગામ આર્યો તરફની નવી હીંદુ સભાઓ સ્થપાશે તો તેના માટે;

તો પાછળથી લોકો પાસેથી નાણા મંગાશે અને ફંડ ભેગું થવાથી લડાઇઓ જાગશે. વળી તેમાં મોટા થઇ આગેવાન એને હુંશીઆર ગણાવા અનેક પ્રકારના કાવા દાવા રચાશે અને મમત્વ અને અહંકારનો વધારો થવાથી માંહોમાંહે કલેશ અને કુસંપ પેદા થશે. આ બાબતનો અનુભવ આપણને સ્વરાજ માટે પઇસા ઉઘરાસવા ગામેગામ સ્થપાએલી મંડળીઓ ઉપરથી મળી ચુકયો છે. સ્વરાજને માટે ભેગા થએલા એક કરોડ રૂપીઆ તમામ ખવાઇ ગયા છે અને હવે લડાઇઓ થઇ રહી છે. ગામેગામ હીંદુ સભા સ્થાપવામાં પણ આવોજ મામલો થશે કારણ કે પઇસા અને આગેવાની એ બે ચીજો એવી છે કે જેમાં જરૂર લડાઇ ઉભી થાય છે. ધાર્મિક પંથો અને સંપ્રદાયોમાં તેવું નથી કારણ કે ત્યાં માત્ર ભકતી અને સેવા કરી નાના (સેવક) થવાની વાત હોય છે. શું ગામેગામ આવા સંપ્રદાયો સંગઠન માટે પુરતાં નથી કે બીજી વધારેની સભાઓ તેને માટે કાયમ કરવાની જરૂર દેખાય છે ? શું આવી સભાઓના ઓઠામાં આર્ય પંથનો ફેલાવ અને સનાતની ધર્મની બરબાદી નહીં થાય? જો સંગઠન મજબુત કરવું હોય તો જેમ ગામે ગામ સભાઓ સ્થાપી કામ લેવા માગો છો તેમ ગામેગામના સંપ્રદાયોથી લો, અને સંપ્રદાયોના પ્રમાણિક, શુભ લાગણીવાળા, ભકતીશાળી, દાનવીર, નમ્રતાવાળા, વિવેકી પુરૂષોને પોતાના આગેવાન તરીકે કબુલ કરી તેમના જેવા ગુણ ધારણ કરવા કોશીશ કરો, અને તેમના પગલે પગલે ચાલો કે સંગઠન માટે પ્રથમ જે સારા ગુણની જરૂર છે તે આવી જાય. પ્રેમ અને આસ્થા વગર મજબુતી આવતી નથી માટે પહેલાં ધર્મ ઉપર આસ્થા મજબુત કરો અને ભકતી ચાલુ કરો. હાલ સંગઠનનુ જે કામ થઇ રહયું

છે તે સંસારી હેતુથી થઇ રહ્યું છે અને સંપ્રદાયો મારફત થશે તે ધાર્મિક હેતુથી થશે. ધર્મને વ્હેમ સમજનારા અને ચૈતન્યવાદને મુકી જડવાદ અને નસ્તીકતા તરફ વળેલા માણસો હાલ જે ઉન્નતીની વાતો કરી રહયા છે તેમાં સંગીનપણું ભાગ્યેજ હોઇ શકે. ઉન્નતી ત્રણ પ્રકારની ગણાય છે. પહેલી ધર્મની, બીજી શરીરની, અને ત્રીજી ધનની. ધર્મ એ ધન અને જીવ કરતાં પણ વહાલી ચીજ છે કારણ કે ધર્મ જાય તો પછી કાંઇજ રહેતું નથી. તે પછી તંદુરસ્તી આવે છે. તંદુરસ્તી પઇસા કરતાં પણ ચડતી છે. અને છેવટે પઇસો આવે છે. એટલે પહેલો ધર્મ, પછી તંદુરસ્તી, અને છેવટે પઇસો. પણ હાલ તો પઇસાને સઉથી આગળ મુકવામાં આવ્યો છે. મરીને લોથ થઇ જાય ત્યાં સુધી કમાવાની હાય હાય રહે છે અને તે પછી શરીર ન ચાલે ત્યારે તંદુરસ્તીનો ખ્યાલ આવે છે અને જ્યારે તંદુરસ્તી તદન મટી જાય છે ત્યારે ધર્મનો—પુન્ય કરવાનો ખ્યાલ આવે છે. આ હીસાબે જોતાં હાલ ઉલટુંજ કામ આ નવી કેળવણીવાળાઓમાં થઇ રહ્યું છે. આવા ઉંધાડી રીતે ઉલટા ચાલનારાઓથી ઉંન્નતીની આશા ભાગ્યેજ રાખી શકાય. તેઓ સંગઠન અને શુધ્ધીની વાતો કરવા માટે ધર્મને પ્રથમ ગોઠવે છે પણ એ માત્ર મ્હોડાની ગોઠવણી હોય છે, આચરણ હોતું નથી. જ્યાં આચરણ ન હોય ત્યાં બધુંજ ફોકટ છે. તેથી આચરણ માટે પહેલાં પોતપોતાના સંપ્રદાયોના સીધ્ધાંતો પ્રમાણે ચાલવું ઘટે છે. જે માણસ પોતાનાજ સંપ્રદાયોનાં ફરમાન પાળવામાં મોળો હોય તે દેશની ઉંન્નતી કરવા બહાર પડે તો દેશ તેનાથી શું આશા રાખી શકે ? માટે પ્રથમ તો પોતપોતાના સંપ્રદાયોમાં મજબુત થવું જોઇએ કે શ્રધ્ધા પેદા થાય. જો શ્રધ્ધા પેદા થશે તો સંગઠન

પોતાની મેળે થઇ જશે. અને સંગઠન કરવાનો એજ ઉત્તમ અને સરળ રસ્તો છે. વૈષ્ણવ સંપ્રદાય હોય કે બીજો ગમે તે સંપ્રદાય હોય તેમાં જે શ્રધ્ધાની કમજોરી આવી ગઇ હોય તે દુર કરવો એજ પહેલું સંગઠન છે. માટે પહેલું આ કામ કરવાનું છે અને પછી જરૂર હોય તે સભાઓનું કામ હાથમાં લેવાનું છે. આ તો એક નમ્ર સુચના છે. પણ હીંદુભાઇઓની નજરમાં આવે એ ખરૂં.

આર્યસમાજીઓ ગાયો પાળતા નથી.

આર્યસમાજી તરફથી ગાયોના નામે મુસલમાનોને વારંવાર બદલામ કરવામાં આવેછે પણ પ્રથમ તેમણે પોતેજ ઘેરઘેર ગાય રાખવા બહાર પડવું જોઇએ કે ગાયોનું પાલન સારી રીતે થાય. પણ હાલ કેવી સ્થીતી છે ? તા. ૧૯-૪-૧૯૨૨ના "સાંજ વર્તમાન" નામના મુંબાઇના પ્રખ્યાત છાપામાં રાજકોટની પ્રાણી રક્ષક સભા તરફનો એક લેખ છપાયો છે. તેમાં લખ્યું છે કેઃ—'ચરબી વાપર્યા વગર મીલ (કાપડનું કારખાનુ) ચાલી શકે નહીં. ગાયો વિગેરે નિર્દોષ પ્રાણીઓનો વધ કર્યા વગર ચરબી મળી શકે નહીં. એક સાધારણ મીલ ચલાવવા દર વરસે સેંકડો મણ ચરબી જોઇએ. ફકત એકલા અમદાવાદમાંજ કાપડની આસરે સાઠેક મીલો છે. તે મીલોમાં દર વરસે દોઢ લાખ મણ ચરબી વપરાય છે, ત્યારે દેશાંતરમાં ચાલતી કાપડની હજારો મીલો પાછળ કેટલી ચરબી વપરાતી હશે અને તે ચરબી મેળવવાં ગાયો વિગેરે કેટલા પ્રાણીઓનો વધ કરવામાં આવતો હશે તે વિચાર કરતાં કંપારી છુટે છે."

ઉપલી હકીકત હીંદુભાઇઓની એક પ્રાણીરક્ષક સંસ્થા તરફથી

બહાર પાડવામાં આવી છે. આવી હજારો મીલો ઘણે ભાગે આર્યોજ ચલાવે છે અને તેમના કારખાનાઓમાંજ લાખો મણ આવી ચરબીની જરૂર પડે છે. હવે આ ચરબી માટે જે ગાયો કપાતી હશે તે કોના માટે કપાય છે તે હીંદુભાઇઓએ જોવાનું છે. શું આમાં પણ મુસલમાનોનો હાથ છે? મુસલમાનો તો ગાયો પાળવા રાજી છે અને આર્યોને જોર દઇ કહી રહયા છે કે તમે પોતે ઘર આગળ ગાયો પાળો. તેવીસ ક્રોડ હીંદુઓ જો ઘેર ઘેર ગાયો રાખે તો એકદમ લાખો ગાયોનું પાલન શરૂ થઇ જાય. પણ ગાયની કોને પડી છે? સટ્ટા, શેરબજાર, ઘોડાની શરત, જોટાના પાટીઆ, પેટપૂજા વિગેરેમાંથી ફુરસદ મળે ત્યારે ગાયો પાળેને? વળી વધારે કહેવામાં આવે છે તો આર્યસમાજીઓ જવાબ આપે છે કે ગાય રાખવાની ઘર આગળ જગા નથી, તેની સારવાર કરનાર ઘર આગળ કોઇ નથી, ઘાસ ચારાની ઘણી મોંઘવારી છે તેથી ઘર આગળ ગાય રાખવાનું પાલવી શકતુ નથી. જ્યારે પોતાની માતાના પાલન માટે આવી સંસારી અડચણો આગળ ધરવામાં આવે તો પછી ગાયનું પાલન શી રીતે થાય? અને બીજાઓ તેને માટે પોતાની ધાર્મિક કે આર્થિક અડચણો આગળ લાવે તો તેમને શું કહી શકાય? જ્યારે પોતાની માતાને પોતાના ઘર આગળ બે હાથ જેટલી જગા આપવામાં ન આવે તો પછી તે માતા કઠેકાણે જાય એમાં નવાઇ જેવું શુ? આમાં માઠું લગાડવાનું નથી પણ ઉંડા ઉતરી વિચાર કરવાનો છે. જે લોકો સંગઠન અને શુધ્ધી માટે કોશીશ કરી રહયા છે તેમણે તો પ્રથમ ગામેગામ હીંદુઓના ત્યાં ઘેર ઘેર ગાય રખાવવા તૈયાર થવાનું છે કે આ અગત્યનું કામ પહેલુ થાય. જો હીંદુઓ ગાયો રાખશે તો

૩

તેમનું જોઈને મુસલમાનો પણ શીખશે, અને આ સવાલનો નીવેડો જલદી આવી જશે. જ્યાંરે હીંદુભાઈઓ ગાય પાળવા તૈયાર નહીં થાય તો બીજાઓ શી રીતે તૈયાર થશે.

આમાં ઝઘડો કરવાનું કાંઈ કામ નથી પણ પ્રેમથી કામ લેવાનું છે. જે કામ પ્રેમ અને મોહબ્બતથી થાય છે તે દબાણથી થતું નથી. હીંદુ મુસલમાન બંનેને પ્રેમથી સમજાવવાના છે. બંનેની અડચણો ખ્યાલમાં લેવાની છે અને પછી જે સહેલો અને સીધો રસ્તો ઘેર ઘેર ગાય પાળવાનો છે તે ધીમેથી બતાવવાનો છે. જો બંનેને તેના ફાયદા નમ્રતા અને વિવેક બુદ્ધિથી બતાવવામાં આવશે તો તેઓ જરૂર ધ્યાનમાં લેશે અને કામ સહેલાઈથી થઈ શકશે. પાંજરાપોળમાં પાંચ પચાસનો ફાળો આપી દેવાથી કાંઈ ગાયોનું પાલન થઈ શકતું નથી. એ તો મોઢ ઉતારીથી કહેવાય. વળી પાંજરાપોળોમાં જનાવરોની કેવી બુરી દશા હોય છે તે બધા જાણે છે. જેને પવિત્ર માતા ગણવામાં આવે તેને તો ઘર આગળજ સ્થાન મળવું જોઈએ. અને એનું જ નામ લાગણી કહેવાય. પણ આ બધું કામ શાંતી અને સમજાવટથી કરવું જોઈએ.

ધાંધલ કરવાથી કાંઈ થઈ શકતું નથી. તેથી તો ઉલટો ગેર ફાયદો થાય છે અને લોકો અવળે રસ્તે ઉતરી પડે છે. વળી સમજાવનારાઓએ પ્રથમ પોતાના ત્યાં ગાયો રાખીને દાખલો બેસાડવો જોઈએ કે લોકો ઉપર તેમના કહેવાની છાપ પડે. પોતે ન કરીએ અને બીજાને કહેવા જઈએ તો લોકો માને નહીં. ગાયોને ઘર આગળ સ્થાન મળતું નથી તેથીજ તેમની આવી દશા થઈ રહી છે અને [illegible] ધર્મવાળાઓ [illegible] છે. હું તો [illegible] મુસલમાનો

માટે બુરૂ બોલી તેમના દોષ કહાડી નચીંત બેશી રહેવાથી કાંઇ ગાયોનું પાલન થઇ જવાનું નથી. પણ પોતે પ્રત્યક્ષ પાલન કરી દેખાડવાનું છે. અંગ્રેજોને બદલામ કરવા કે મુસલમાનોનું બુરૂં બોલવું એમાં કાંઇ માલ નથી ગાયના ફાયદા સમજાવી લોકોના મનમાં લાગણી પેદા કરો કે જેથી તેઓ પોતાની મેળે પાળતા થાય. બધાને સમજાવો કે હીંદુસ્તાન એ એક ખેતીવાડીનો દેશ છે, અને તેની વસ્તીના એંસી ટકા જેટલા લોકોનો આધાર ખેતી ઊપર છે. ખેતીને માટે ખેડ, ખાતર, અને પાણી એ ત્રણ ચીજો મુખ્ય છે. ખેડ બળદથી થાય છે અને ઘેર ઘેર ગાયો હોય તો તેની જોઇએ તેટલી સંખ્યા આપણને સસતામાં સહેલાઇથી મળી શકે. ખાતર એ છાણ પુંજો છે તો જેમ ગાયો ઘર આગળ વધારે હોય તેમ ખાતર પણ વધારે નીકળી શકે. પાણી તો માલીકના હાથમાં છે તો પણ જો બળદની આપણી પાસે છત હોય તો પ્રથમથી પાકા કે વખત પડે કાચા કુવા તૈયાર કરીને પણ ખેતીનું કામ રૂપીએ આઠ આના પણ કરી શકાય. વળી બળદને માટે સરકાર પાસેથી તગાવી લઇ તેના દબાણમાં રહેવું પડે છે તો તેવો પ્રસંગ પણ આવે નહીં. આવા ફાયદા જો ગાયના સમજાવવામાં આવે અને આર્યસમાજીઓ તેનો અમલ પ્રથમ કરવા માંડે તો એકદમ ગાયોનું પાલન શરૂ થઇ જાય અને દેશ આબાદીમાં આવી જાય. પણ આ મહેનતનું કામ વગર પઇસે કરે કોણ ! આવો ચાલતો મામલો છે ! અહીં તો અંગ્રેજો અને મુસલમાનોને બદલામ કરવા છે પણ કામ કરવું નથી ! જેમાં લોકો પાસેથી ફાળો લેવાનો ન હોય તેમાં મહેનત કોણ કરે ! ફાળો મળતો હોય તો પોતાનું પણ પાકે ! હીંદુ સભાઓ કાયમ કરવાથી તો તેના

નામે પૈસા મળે અને ગાયના પાલનમાં શું મળવાનું હતું! આવો મામલો હોય તો ગાયોનું પાલન શી રીતે થાય! આમાં આર્યસમાજી ગૃહસ્થોએ માઠું લગાડવાનું નથી. તેઓ કેટલીક વખત બીજાઓના નકામાં વાંક કહાડી તેમની ઉપર સખત ટીકાઓ કરવા લાગી જાય છે તેને બદલે જો તેઓ ઉપલું સારૂં કાર્ય શાંતીથી હાથપર લે તો તેઓ ઘણું કરી શકે એમ છે.

માંગરોલવાળા પીર મોટામીયાં સાહેબ ચિસ્તીની માફક તેમણે પણ હમેશાં ઘેર ઘેર ગાય પાળવાનો બોધ કરવો જોઇએ. પીર સાહેબ માંગરોલની ગાદી ઉપર આવ્યા ત્યારથી એટલે લગભગ દસ બાર વરસથી ગામેગામ ફરી ગાયોનો બોધ કરે છે. તેમણે આજસુધી ગાયોના નામે કોઇની પાસે પઇસા માગ્યાનું કદી જાણવામાં આવ્યું નથી. તેમની આવી નિસ્વાર્થ સેવાને લીધે તેમને માન આપવા તથા તેમનો ઉપકાર માનવા મુંબાઇના માધવ બાગમાં તા૦ ૨૨-૮-૧૯૨૮ના રોજ હીંદુ ભાઇઓની એક ગંજાવર સભા પંડીત મદન મોહન માલવીઆના પ્રમુખ પણા નીચે મળી હતી, ના૦ પીર સાહેબને સોનાના બે ચાંદ આપવાનું પણ નક્કી હતું પરંતુ પીર સાહેબે પોતે તે ચાંદ નહી લેતાં ગાયોના કામમાં આપી દેવાથી લોકોને તેમની સાચી નેકીની ચોકસ ખાત્રી થઇ ગઇ હતી. આવું જોઇ તે વખત સભામાં મી૦ માવજી ગોવીંદજી શેઠ જે હાલ મુંબાઇ ગવનરની ધારા સભાના મેમ્બર છે તેમણે પ્રેમના ઉભરામાં આવી કહયું હતું કે સોનાને લાત મારનારા જો કોઇ ધર્મગુરૂ મળ્યો હોય તો તે આ પીર મોટામીયાં સાહેબજ છે. આવા ધર્મ ગુરૂ પેદા થયા છે તો

હવે દેશની ચડતી પણ થવાનીજ છે. તેઓ ફક્ત મુસલમાનોનાજ ધર્મગુરૂ છે એટલુંજ નહી પણ હીંદુઓના પણ ધર્મગુરૂ થઇ ચુકયા છે. તેમના ઉપદેશથી દેશમાં હઝારો ગાયો ઘેર ઘેર રખાઇ ગઇ છે, વિગેરે મી૦ માવજી શેઠે ભરી સભામાં કહ્યું હતું.

ઓ૦ પંડીત મદન મોહન માલવીઆએ પ્રમુખ સ્થાનેથી ભાષણ કરતાં કહ્યું હતું કે મારૂં હૃદય અત્યારે આનંદથી ભરાઇ ગયું છે. પીર સાહેબે જે સુચના આપણને કરી છે તેથી તેમના મનમાં કેટલો બધો ઉંચો ભાવ છે તે આપણે જાણી શકયા છીએ. અને તેમનો આપણે જેટલો ઉપકાર માનીએ તેટલો થોડો છે. હીંદુ અને મુસલમાનોમાં જે શુભ લાગણી પેદા થઇ છે તે દેશનું શુભ ચિન્હ છે. પીર સાહેબની પવિત્ર ગાદી તરફથી ગાયો પાળવા માટે બસો વરસથી ઉપદેશ આપવામાં આવે છે. પીર સાહેબની વાત હવે સઉના મનમાં ઉતરી છે. હીંદુઓએ અને મુસલમાનોએ હવે પ્રેમ ભાવથી ચાલવાનું છે. હીંદુઓએ મુસલમાન ભાઇઓની મસ્જીદ માટે ખ્યાલ રાખવો જોઇએ, અને મુસલમાનોએ હીંદુના મંદીરનો ખ્યાલ રાખવો જોઇએ. બંને કોમમાં વારંવાર જે ઝગડા ઉત્પન્ન થયા છે તેથી ઘણી નુકસાની થવા પામી છે. મારી આ તકે મારા હીંદુભાઇઓને એજ સલાહ છે કે કદાચ કોઇ મુસલમાન ભાઇઓ ગાયની કુરબાની કરવા તૈયાર થાય તો તેમણે તેમની આગળ આજીજી કરી તેમને સમજાવવા જેટલી બની શકે તેટલી તજવીજ કરવી. તો પણ જો તેઓ ન માને તો તેમની સાથે કોઇ પણ પ્રકારના જોર જુલમથી નહીં વર્તતાં એ વાત તેમની પોતાની મુનસફી ઉપર છોડી દેવી. આપણે તેમની સાથે પ્રેમભાવ રાખીશું તો જરૂર તેમના મનમાં આપણા

માટે પ્રેમ પેદા થશે, અને તેઓ આપણી લાગણીનો ખ્યાલ કરશે, કારણ કે તેઓ આપણા ભાઈ છે, વિગેરે પંડીત માલવીઆજીએ કહ્યું હતું. આ તમામ હકીકત તે વખતના છાપાઓમાં છપાઈ ગએલી છે જે તેમની ફાઈલોમાં મોજુદ છે.

વળી મુંબાઈ જીવદયા મંડળી તરફથી "ના૦ પીર મોટામીયાં સાહેબના બોધ સંભળવા દેશી ભાઈઓને અપીલ" એ મથાળાવાળો એક લેખ "સાંજ વર્તમાન" છાપાના તા૦ ૧૫–૧૧–૨૦ ના અંકમાં છપાયો હતો તેમાં પણ ના૦ પીર સાહેબની કોશીશથી ચાલીસ હજાર જેટલી ગાયોને અભય વચન મળી ગયાનું જાહેર કરવામાં આવ્યું હતું. એ વાતને આજે સાત વરસ થયાં છે અને હજુ પણ પીર સાહેબ એજ કોશીશ કરી રહ્યા છે તો હાલમાં કેટલીઓ ગાયોનું પાલન થવા લાગી ગયું હશે, તેનો વિચાર કરવાનો છે.

આ ગાયો વિશેનો બોધ પીર સાહેબની ગાદી ઘણા લાંબા વખતથી કરતી આવી છે જે વિશેના કેટલાક લેખો ખ૦ સ૦ ૧૯૧૩–૧૪ના "સાંજ વર્તમાન" છાપાના અંકોમાં છપાએલા મોજુદ છે. તે વખતે તો ખીલાફત અને હીંદુ મુસલિમ એકતાની ચરચાનું નામ પણ નહોતું. તેમની ગાયો માટેની કોશીશ વિશે તો "સાંજ વર્તમાન" અને "પ્રજા મિત્ર"ના દફતરો ભર્યા પડયા છે. જેને ખાત્રી કરવી હોય તે કરી શકે છે. તેમનું ખાનદાન લગભગ બસો વરસથી ગાયોનો બોધ કરે છે એવા પુરાવા તો ઘણા નીકળી આવે છે. આ કાંઈ દેખાદેખી ઉપાડેલું કામ નથી. પીર સાહેબની આ હકીકત અમે એટલા માટે અહીં આપી છે કે એક મુસલમાન ધર્મગુરૂ આટલું બધું કામ કરે છે તો હીંદુ ગુરૂઓની ગાયો માટે કેટલી મોટી ફરજ હોવી જોઈએ તે તેઓ જુવે, પણ હીંદુ ગુરૂઓ તો ચેલા

કરી કહીઆખિર્યાનું અને પઇસા મેળવી મોટા કહેવરાવવાનું જાણે છે. ગાયોની કોને પડી છે ! આર્યસમાજીઓએ પીર સાહેબનું આ બાબતમાં ખાસ અનુકરણ કરવું ઘટે છે. તેઓ વગર પઇસે પીર સાહેબની માફક સેવા કરવા બહાર પડી ગામે ગામ ફરી બોધ કરવા તૈયાર થશે તોજ ગાયોનું બરાબર પાલન થઇ શકશે નહી, તો બધી આશા ફોકટ છે.

આર્યસમાજના પુસ્તકમાં કબીર સાહેબ અને બીજા હીંદુ મહાત્માઓની કરેલી નીંદા.

નાભાજીની "ભક્ત માળા", મી. દેવશંકર દવેની "સ્વધર્મ નિષ્ટ દેવી જીવન", પંડીત રાજેંદ્રનાથની "ભારતીય મત દર્પણ" ટામસ વીલની "ઓરીએન્ટલ બાયો ગ્રાફીકલ ડિક્ષનેરી" વગેરે પુસ્તકો કબીરજી મુસલમાન હોવાનું બતાવે છે. મી. દેવશંકરના પુસ્તકમાં તો એ પણ બતાવ્યું છે કે રામનુજાનીચાર્ય સંપ્રદાયમાંથી રામાનંદી સંપ્રદાય થયો અને તેમાંથી કબીરે કબીર પંથ સ્થાપ્યો. વળી એમાંજ લખ્યું છે કે કબીરજીએ કહ્યું છે કે હું મ્લેચ્છ (મુસલમાનના) ઘરમાં રહી કર્મથી વૈષ્ણવ થયો છું. આથી જોઇ શકાય છે કે ગુરૂપદની યોગ્યતા માટે હીંદુ મુસલમાનની વાત જોવાતી નથી પણ પુરૂષાર્થ જોવાય છે, અને આજ ખરી શુધ્ધી છે. આવી આત્મિક શુધ્ધીથી દેશને ફાયદો થાય એટલુંજ નહી પણ આત્માનું પણ કલ્યાણ થાય એમાં નવાઇ જેવું નથી. કબીર સાહેબને હીંદુ ભાઇઓ માટે ઘણી લાગણી હતી અને હીંદુ મુસલિમ એકતાનો બોધ દેવા તેમણે ઘણી સારી કોશીશ કરી હતી.

અમદાવાદમાંથી નીકળતા "પોલીટીકલ ભોમીઓ" નામના છાપાના તા. ૩ અગસ્ટ ૧૯૧૭ના અંકમાં કબીર સાહેબ વિશે એક લેખ છપાએલો છે તેમાં લખ્યું છે કે કબીર સાહેબ પંજાબવાળા હઝરત મીરાં શાહ ભીખ સાહેબ ચિસ્તીના મુરીદ (શિષ્ય) હતા. કબીર સાહેબ તથા દાદુ ભગત વિગેરે મુસલમાન ભકતોએ ચિસ્તી ખાનદાન પાસેથી શિક્ષણ લઇ જ્ઞાનનો ફેલાવ કર્યો છે. વિગેરે તે લેખમાં લખ્યું છે. આથી જણાય છે કે કબીર સાહેબ મુસલમાન હતા અને ઇસ્લામી રિવાજ પ્રમાણે ચિસ્તી સંપ્રદાયના એક પીરના મુરીદ પણ થયા હતા. હીંદુઓ તેમને હીંદુ માને છે અને મુસલમાનો તેમને મુસલમાન માને છે. આમાં પણ કાંઇ વાંધો નથી. એ તો પોતપોતાની માન્યતા છે. આપણે આગળ સાબીત કરી ગયા છીએ કે માલીકના રસ્તામાં હીંદુ મુસલમાન જેવી કાંઇ વસ્તુ છેજ નહીં. ગમે તે કોમનો હોય પણ જ્યાં માલીકના રસ્તે લાગી ગયો એટલે તે મહાપુરૂષ થઇને ઉભો રહે છે.

જાત ભાત ન પુછે કોઇ,
હરકો ભજે સો હરકા હોઇ.

એ હરીજન એટલે ખુદાવાળો કહેવાય છે. કબીર સાહેબ તેવાજ મહાત્મા હતા. તેમને માનનારા તમામ કોમોમાંથી હાલ પણ ઘણા માણસો છે. આવા એક સારા પુરૂષની પણ આર્યસમાજના મુખ્ય પુસ્તક "સત્યાર્થ પ્રકાશ"માં ઘણી નીંદા કરેલી છે. એ પુસ્તકના એકાદશ સમુલ્લાસમાં ૯૦મા પાને કબીર સાહેબ માટે લખ્યું છે કેઃ—

"કોઇ એક વણકર કાશીમાં રહેતો હતો, એને પુત્ર વા પુત્રી નહીં હતાં. એક વખતે થોડી રાત બાકી હતી તે વખતે તે વણકર

એક ગલીમાં ચાલ્યો જતો હતો. ચાલતાં ચાલતાં તેણે સડક ઉપર જોયું, તો સડકની એક બાજુ ફુલથી ભરેલી ટોપલીમાં એજ રાત્રિનું જન્મેલું બાળક હતું. તેને લઇ વણકરે ઘેર પોતાની સ્ત્રીને એ બાળક આપ્યું, તેણે તેનું પાલન કર્યું. જ્યારે તે મોટો થયો ત્યારે વણકરનું કામ કરતો હતો. એક વખત તે કોઇ પંડિતની પાસે સંસ્કૃત ભણવાને ગયો પણ પંડિતે તેનું અપમાન કર્યું, અને કહ્યું કે–'અમે વણકરને નથી ભણાવતા'. એ પ્રમાણે કેટલાએક પંડિતો પાસે ગયો પરંતુ કોઇએ ભણાવ્યો નહીં, ત્યારે તે ઉટપટાંગ (ભળતી) ભાષા બનાવી વણકર આદી નીચ લોકોને સમજાવવા લાગ્યો. તંબુરો લઇને ગાતો હતો અને ભજન બનાવતો હતો. વિશેષત: પંડિતોની અને વેદ શાસ્ત્રની નિંદા કર્યા કરતો હતો. કેટલાક મુર્ખ લોકો એની જાળમાં ફસાઇ ગયા. જ્યારે એ મરી ગયો ત્યારે લોકોએ તેને શિષ્ય બનાવી દીધો. એણે જે જે બનાવ્યું હતું તે એના ચેલાઓ ભણતા હતા. કાન બંધ કર્યા પછી જે શબ્દ સંભળાય છે એને "અનહત શબ્દ" સિધ્ધાંત રૂપે ઠરાવ્યો. મનની વૃત્તિને "સુરતી" કહે છે. એને (સુરતીને)એ શબ્દમાં (અનહત શબ્દમાં) લગાવી એને સન્ત અને પરમેશ્વરનું ધ્યાન કહે છે. ત્યાં કાળ પહોંચતો નથી. બરછીના જેવું તિલક અને ચંદનાદિ લાકડાના ગાંઠા બાંધે છે. ભલા વિચારી જુઓ! કે એમાં આત્માની ઉન્નતી શી છે અને એનાથી કઇ જ્ઞાનની વૃધ્ધિ થાય છે! એ તો માત્ર બાળકોના રમત જેવી રમત છે," વિગેરે આર્યસમાજના એ મુખ્ય પુસ્તકમાં કબીર સાહેબની નિંદા રૂપે લખેલું છે. આવા એક સારા મહાત્મા માટે આર્યસમાજના પુસ્તકમાં આવું હલકું લખાણ જોઇને કોઇને પણ અફસોસ થયા વગર રહે

નથી. જે કબીર સાહેબને આજે હજારો હીંદુઓ માને છે તેમના માટે આર્યસમાજ આવું લખાણ લખે અને પોતાને હીંદુભાઇઓની ખરી લાગણી ધરાવનારી બતાવે એ અજાયબ થવા જેવું છે.

એ ઉપરાંત એ પુસ્તકમાં સીખોના નાનક પંથ, દાદુપંથ, રામાવંદી પંથ, રામ સ્નેહી પંથ, શકતી પંથ, શીવ પંથ, વૈશ્નવપંથ સ્વામી નારાયણ પંથ, ગુસાંઇજી પંથ, પુષ્ટી માર્ગ, જૈન મત, વિગેરેની પેટ ભરીને નીંદા કરેલી છે. જૈનો, વૈષ્ણવો, અને સ્વામી-નારાયણ મતવાળાઓને તો ધુતારા અને કપટી સુધ્ધાં કહી નાખ્યા છે. પુરાણોને ખોટાં બતાવ્યા છે. તીર્થ યાત્રાને ઢોંગ બતાવ્યો છે. રામેશ્વર, હરદ્વાર, જગન્નાથ, ગોકુળ મથુરા, દ્વારકા ડાકોર વગેરેનાં ધામોને મક્કામા અમે બુરાં બતાવ્યા છે. શંકરાચાર્ય અને આચાર્યોની પણ ભાઇએ તરફથી નીંદા કરી છે. પોતાના મત સિવાય તમામ ધર્મપંથોને તે પુસ્તકમાં પેટ ભરીને વગોવ્યા છે. જૈનોને નાસ્તિક અને હીંદુસ્તાનમાં મુર્તિ પુજાનું મંડાણ માંડનારા બતાવ્યા છે. આ બાબતની ખાત્રી કરવી હોય તો આર્યસમાજનું "સત્યાર્થ પ્રકાશ"નું પુસ્તક જોઇએ. તેના અગીયારમા અને બારમા સમુલ્લાસમાં આજ બાબતોનો કાયદો ખોલેલો છે. હીંદુભાઇઓના ધર્મપંથો અને તેમના ધર્મગુરૂઓની પેટ ભરીને નીંદા કરનારા આર્યસમાજીઓ વખતે જોઇને હીંદુભાઇઓના હિતસ્વી થઇને હાલ બહાર પડે છે અને કોમના ઉધ્ધારના નામે હીંદુભાઇઓ પાસેથી લાખો રૂપીઆના ફાળા લેવા તૈયાર થાય છે એ પણ કુદરતની એક લીલા છે! હીંદુભાઇઓની છાતી પર બેસી તેઓ ઉઘાડે છોગે હીંદુભાઇઓના પંથોની નીંદા કરે છે, અને ઉપરથી સંગઠન અને શુધ્ધીના નામે તેમનાં નાણાં મેળવી

ખાલી કરી રહયા છે! આનુજ નામ કોમની લાગણી અને સંગઠનની મજબુતી હોય તો હીંદુભાઇઓની મરજી! કબીર પંથીઓ, દેવી ભક્તો, વૈષ્ણવો, સ્વામી નારાયણ પંથીઓ અને જૈનો વિગેરેની ઉઘાડી વગોણી કરનારા લોકો પોતાને દેશના ઉધ્ધાર કરનારા બતાવે અને હીંદુભાઇઓ એ વાતને સ્વીકાર કરી લે અને તમને મદદ આપવા તૈયાર થાય એ પણ જમાનાની ખુબી છે! હીંદુઓ માટે નીંદાવાળા શબ્દો વાપરવાનું યોગ્ય સમનારા આર્યસમાજીઓ હાલ હીંદુઓને અંગ્રેજો અને મુસલમાનોના અત્યાચારથી બચાવવા નીકળ્યા છે! અને અંગ્રેજો તથા મુસલમાનોને નસાડી મુકી દેશને પાપથી મુકત કરી નાખવાના છે! આ છંદ બાળનો તમાસો નથી તો બીજુ શું છે! આ દેશમાં હીંદુ મુસલમાનો લાંબા વખતથી એક બીજાના ખરા ભાઇ તરીકે રહેતા આવ્યા છે પણ જ્યારથી આર્યસમાજીઓએ શુધ્ધી અને સંગઠનનું ખોટું ધાંધલ ઉપાડયું છે ત્યારથી હીંદુ મુસલિમ એકસંપીનો નાશ થઇ ગયો છે. હીંદુઓને પેટ ભરીને પોતાના પુસ્તકમાં ગાળો ભાંડી હવે હીંદુઓને છાતીએ લગાડવા નીકળ્યા છે! અને હીંદુઓને એવી ગાળો ભાંડનાર દયાનંદજીને મહર્ષિનું પદ આપી રહયા છે! જાણે એ ગાળો માટેજ એ પદ અપાતું હોય!

આર્યસમાજ સ્ત્રીને પારકા પુરૂષ સાથે નિયોગ કરવાની અને હીંદુઓને માંસ ખાવાની ભલામણ કરે છે.

તેઓ બીજાના ધર્મપંથોની આ પ્રમાણે નીંદા કરી રહયા છે પણ પોતાના ધર્મમાં શું ગોટાળા છે તે જોતા નથી. તેમના

એજ "સત્યાર્થ પ્રકાશ"ના પુસ્તકમાં ચોથા સમુલ્લાસમાં ૧૦૪ પાને તેમના આર્યસમાજી પંથવાળાઓ માટે લખ્યું છે કે:—

"જ્યારે પતિ સંતાનોત્પત્તિ (પોતાની સ્ત્રીથી છોકરાં પેદા) કરવામાં અસમર્થ થાય ત્યારે પોતાની સ્ત્રીને આજ્ઞા આપે કે હે સુભગે! સૌભાગ્યની ઇચ્છા કરનારી સ્ત્રી, તું મારાથી બીજા પતિની ઈચ્છા કર, કારણ કે હવે મારાથી સંતાનોત્પત્તિ નહીં થઇ શકે, ત્યારે સ્ત્રીએ બીજાની સાથે નિયોગ (સંભોગ) કરી સંતાનોત્પત્તિ કરી લેવી. પરંતુ વિવાહીત પતિની સેવામાં તત્પર (તૈયાર) રહેવું......

વિવાહિત પતિ ધર્મને માટે જો પ્રદેશ ગયો હોય તો આઠ વરસ સુધી, વિદ્યા અને કિર્તી માટે ગયો હોય તો છ વરસ સુધી, ધનાદિને માટે ગયો હોય તો ત્રણ વરસ સુધી વાટ જોઇ સ્ત્રીએ (બીજા પુરૂષ સાથે) નિયોગ કરી સંતાન પેદા કરી લેવાં, જ્યારે વિવાહિત પતિ આવે ત્યારે નિયુક્ત (સંભોગ માટે નિમેલા) પતિને રજા આપે" વિગેરે તે પુસ્તકમાં લખેલું છે. બીજા ધર્મપંથોની નીંદા કરનારા આર્યસમાજીઓ પોતાનો આ ધર્મ સિધ્ધાંત કેવો શરમાવનારો છે તે જોતા નથી. પુરૂષ પોતાની ઓરતને બીજા માણસ પાસે જવાની રજા આપી તેના પેટથી છોકરાં પેદા કરાવે એ કેવું દેખાય છે તેનો વિચાર કરવાનો છે. આવા નિયમને સાચો સમજનારા અને તેને સ્વીકારનારા આર્યસમાજીઓ બીજાઓને ગુંડાઓની ઉપમા આપી પર પુરૂષોના અત્યાચારથી દેશની સ્ત્રીઓનુ શીયળ સાચવવાના નામે બહાર પાડે છે એ પણ જોવા જેવું છે!

સ્ત્રીઓને પારકા પુરૂષ પાસે જવાની ઉપર પ્રમાણે ભલામણ કરવા ઉપરાંત હાલ તો આર્યસમાજના આગેવાનો ગોસ્ત-માંસ

ખાવાની પણ હીંદુભાઇઓને જોરથી ભલામણ કરી રહયા છે. શ્રધ્ધાનંદજીની જગાએ ગોઠવાએલા ડાકટર મુંજે જે આર્યસમાજના ખાસ એક મુખ્ય નેતા છે તેઓ હીંદુઓએ માંસ ખાવુજ જોઇએ એવું જોરથી કહી રહયા છે. "મુંબાઇ સમાચાર"ના તા. ૧૫ જુલાઇ ૧૯૨૭ના અંકમાં અધિપતિની નોંધમાં એક અગ્ર લેખ છઠ્ઠા પાને છપાયો છે તેમાં અધિપતી લખે છે કેઃ—

"હીંદુ મહાસભાના ચાલુ વરસના પ્રમુખ ડો૦ મુંજેએ એક અજાયબ શોધ કરી છે ! તેમના અભિપ્રાય મુજબ હીંદુસમાજ નિર્બળ બની બેઠો છે તેનું કારણ એજ કે હીંદુ સમાજ માંસાહારી નથી ! વિદ્વાન ડાકટર જણાવે છે કે જુના સમયમાં હીંદુ સમાજનું રક્ષણ ક્ષત્રીઓ કરતા હતા અને ક્ષત્રીઓ માંસાહારી હોવાથી તે કરી શકતા હતા. પણ આ જમાનામાં હીંદુ સમાજના દરેક જણે પોતપોતાનું રક્ષણ કરવાની યોગ્યતા મેળવવાની હોવાથી બધાએ માંસાહારી થવાની જરૂર છે." વિગેરે મુંબાઇ સમાચારના લેખમાં જણાવેલું છે. આથી સાફ જણાય છે કે હવે આર્યસમાજ હીંદુભાઇઓને માંસ ખાવાની પણ સુચના કરે છે. પોતાની સ્ત્રીઓને જરૂર પડે પારકા પુરૂષ પાસે મોકલવી અને માંસ પણ ખાવું એ જો વેદની તાલીમ હોય તો આવી તાલીમને ઉંચ વરણના હીંદુઓ તો દુરથીજ નમસ્કાર કરશે ! મુસલમાન મહાત્માઓ વેદાંતીઓની માફક હીંદુભાઇઓને માંસ નહી ખાવાની ભલામણ કરે છે જ્યારે આર્યસમાજીઓ તે ખાવા માટે હવે જોરથી ભાર દઇ કહી રહયા છે. હવે હીંદુભાઇઓ કોની ભલામણ ઠીક ગણે છે અને કોના કહેવા ઉપર અમલ કરે છે તે જોવાનું છે. પણ આથી એટલું તો ચોકસ થઇ ગયું છે કે આર્યસમાજ હીંદુ ધર્મને કેવા દરજે લઇ જવા માગે છે.

ચાર વરણમાં ઉંચા કોણ?

કેટલીક આર્ય ખ્યાલવાળા હીંદુઓ સુધારાના નામે નીરાંતપંથ, ભાવદાસ પંથ, અને કબીર પંથને પણ બુરા ગણે છે અને એ પંથોના વાગંદ, કુંભાર, કોળી, વિગેરે નીતના મહાનંત અને ભગતો છે તેમની હેકડી કરે છે અને તેમને અજ્ઞાન અને હલકા ગણે છે. પણ તેમને એ ખબર નથી કે ખુદા જેને ચાહે તેમ પોતાનું જ્ઞાન આપે છે. રામસ્વામી અની હતા તો પણ હાલ તેમના પંથોમાં બ્રાહ્મણો પણ ચેલા બનેલા છે. માલીકની નજરમાં કોઇ હલકો કે ભારે છેજ નહીં. આપણે આગળ ખુલાસે વાર સાબિત કરી ગયા છીએ કે માલીકનું જેને જ્ઞાન મળે તેજ ઉંચો છે અને કહ્યું પણ તેમજ છે કેઃ—

ચાર વરણમે હરીજન ઉંચે.

બ્રાહ્મણ, વાણીઆ, ક્ષત્રી, અને શુદ્ર એ ચાર વરણોમાં ઉંચા તેજ લોકો છે જે માલીકની ભક્તી કરે છે અને તેનું જ્ઞાન મેળવે છે. તુકારામ મહારાજ શુદ્ર—હલકી વરણના હતા તો પણ તેમનો ઉપદેશ શીવાજી મહારાજ સાંભળવા જતા હતા અને તેમના પગે પડતા હતા. સારસાવાળા કુબેર મહારાજ પણ બામણ અને વાણીઆથી તો ઉતરતાજ હતા તો પણ આજે ઉંચા પણ તેમને માને છે, તુલસીદાસ મહારાજે પણ કહ્યું છે કેઃ—

ચતુરાઇ ચુલે પડી, ભીક પડયો આચાર
તુલસી હરી ભક્તી વિના, ચારૂં વરણ ચમાર.

આવા આવા તો ઘણા દાખલા દલીલો સાથે મહાત્માઓ આપી ગયા છે. અને જે હરીની ભકતી કરનારા હોય તેમને સારા ગણી તેમના દર્શન કરવાની તાકીદ કરી ગયા છે. જુતા લોકો કહી ગયા છે કે:-

જોગી જંગમ સેવડા, સન્યાસી દરવેશ
છઠ્ઠા દર્શન બ્રહ્મકા, બીન નહીં ન મેશ.

જોગી, જંગમ, સેવડા, સન્યાસી, દરવેશ (ફકીર), અને બ્રાહ્મણ સારા ગુણ અને જ્ઞાનવાળા હોય તો તેમના દર્શન કરવાથી અને તેમની દુવા લેવાથી મિનં મેશ વિગેરે સખીઓનો (અહોનો) નડાવ થતો હોય તે પણ મટી જાય છે. આવો ચોખ્ખો મામલો છે પણ જ્યાં અભિમાન અને અહંકાર ભર્યો હોય તો વાત શી રીતે બને? જામ્બુરવાસી કવી પર્વતસીંહ અમીરસીંહ પોતાની "મોક્ષ મેળવવાની ચાવી" નામની કિર્તનમાળામાં ૪૫મા પાને ૧૭માં પદમાં લખે છે કે:

યે ઘરકા છોડ દે અભિમાન; મનવા દો દિનકા મહેમાન.

સમજતા કયું નહીં નાદાન; મનવા દો દિનકા મહેમાન,—ટેક.

કહાંસે આયા કહાં જાવેગા, કહાં કરેગા સ્થાન.
બિચાર કર લે દેવકો દુર્લભ, પાયા પદ ઇન્સાન,
નહિ ફીર મીલનેકા હય માન—મનવા—યે ઘરકા. ૧
પહેલે ગર્ભમેં કયા કહાથા, ધરૂંગા હરદમ ધ્યાન,
બાહેર આકે પાંચ પચીસમેં, ભુલ ગયા સબ ભાન,
ઉલટા અબ વો ટપ્પા તાન—મનવા—યે ઘરકા. ૨
જો આયા તો કુછ ભી કરલે, સુકૃત સત્યાભાન,

પાપ પુન તેરે સંગ ચલેગા, ખાલી જહાન મકાન,
જીધરકા ઉધર રહે અવસાન.....મનવા-યે ઘરકા ૩

પંચ તત્વકા બના હુવા હે, પિંજરા યે પહેછાન.
નહીં હે તેરા, હે નહીં મેરા, છુટ જાય જબ પ્રાણ,
તબ મીટ્ટીમેં મીલતા માન...મનવા યે ઘરકા. ૪

કહે "પરવત" સમજાકર અબતો, મુરશદ મીલા મહાન.
જો નહીં સમજેગા તો ઉઠાકે મારૂંગાં લકુ માન,
જ્ઞાનકા તબ ખુલેગા કાન. મનવા....યે ઘરકા. ૫

હીંદુ શાસ્ત્ર પ્રમાણે જગતની ઉત્પત્તી બ્રહ્મમાંથી થયાનું ચોકસ મનાય છે. અને જગતમાં મુસલમાનો પણ આવી જાય છે એટલે મુસલમાનોની ઉત્પત્તિ પણ બ્રહ્મમાંથીજ છે. બ્રહ્મને મુસલમાનોમાં "નબીનું નૂર" કહે છે. બ્રહ્મ ત્રણ પ્રકારના છે. ૧ બ્રહ્મ ૨ પરી બ્રહ્મ ૩ પર બ્રહ્મ બ્રહ્મ એટલે નબીનું નુર. પરી બ્રહ્મ એટલે ખુદાનુ નુર, અને પર બ્રહ્મ એટલે ખુદા પોતે. જ્યાં આવું સરખાપણું મોજુદ છે તો પછી ભેદભાવ આવીજ શકતો નથી. મતામતીથી જાણી જોઈને લાવવો હોય તો ભલે, કોઈના કહેવું નથી, પણ તેથી જ્ઞાનનો માર્ગ ખુલી શકતો નથી. બ્રાહ્મણનું બચ્ચુ જ્યારે પેદા થાય છે ત્યારે તેને સુવાવડના ખાટલામાં કોઈ પણ અડકતું નથી. તે વખતે તેને પણ બીજા શુદ્રોની માફક આઘું રાખવામાં આવે છે. ચાલીસ દહાડા પછી જ્યારે તેની મા સુવાવડ ન્હાય છે ત્યારે લોકો તેને અડકે છે. આથી સાફ જણાય છે કે વહેવાર આવા બ્રાહ્મણના બાળકને જન્મતી વખતે અડકવાને લાયક ગણતો નથી. તે તે વખતે તો બધી કોમના બાળકો

જેવો અછુતજ ગણાય છે. તે બ્રાહ્મણ હોવાથી તેને માટે કોઇ જુદો વહેવાર રાખ્યો નથી. પાછળથી તે પોતાને ઉંચો ગણાવે છે અને અમુક ઉમરે પહોંચતાં જનોઇ ધારણ કરી બ્રાહ્મણ ગણાય છે. જનોઇ એ પણ બ્રાહ્મણ પુરૂષ માટે એક ચિન્હ છે, નહીં તો બ્રાહ્મણ સ્ત્રીઓને તો તે હોતી નથી. આથી જોઇ શકાય છે કે બ્રાહ્મણના પેટે પેદા થવું અને જનોઇ એ માણસને ઉંચા બનાવતાં નથી. કોઇ બ્રાહ્મણ માંસ ખાય અને દારૂ પીને ગટરમાં પડે તો તે બ્રાહ્મણ છે તો પણ તે ભ્રષ્ટ થઇ જાય છે. ખોટાં કર્મ તેને પતિત બનાવી નાખે છે. આથી સાફ જણાય છે કે સારાં કામ એજ ઉંચપણું છે. અને નઠારાં કામ એ નીચપણું છે. સારાં કામ કરનારો ગમે તે કોમનો હોય તો પણ ઉંચો ગણાય છે. તેથીજ કહ્યું છે કે "માણસમાં ચલણુ એજ રાજા છે." સારા ચલણનો માણસ સારો હોય છે અને તે કોઇને હલકો ગણાતો નથી.

હીંદુ મુસલમાન બંનેએ સમજીને ચાલવું જોઇએ.

મુસલમાન ભાઇઓએ પણ સમજવાનું છે. તેમણે હીંદુભાઇઓથી ભેદ ભાવ રાખવાનો નથી પણ તેમની સાથે પ્રેમથી મળવાનું છે. ખુદાએ કુરાને શરીફમાં પહેલીજ (અલ હમ્દોની) સુરતમાં ફરમાવ્યું છે કેઃ– "હું આખા જગતનો પાલનાર—માલીક છું." જગતમાં હીંદુ ભાઇઓ આવી જાય છે એટલે તેમનો બનાવનાર અને પાળનાર ખુદાજ છે. વળી કુરાને શરીફમાં એ પણ કહ્યું છે કે ગેર કોમોના દેવતાઓનું બુરૂં ન બોલો. જો તમે તેમનું બુરૂં બોલશો

૪

તો તેઓ તમારા ખુદાને ગાળો દેશે, અને તેનો દોષ તમને લાગશે. વળી એક ઠેકાણે કુરાને શરીફમાં કહ્યુ છે કે જો ગેર કોમના લોકો તમારી સાથે પ્રેમ રાખતા હાથ લંબાવે તો તમે પણ તેમની તરફ તેવો હાથ લંબાવો. વળી બીજી એક જગાએ છે કે દરેક કોમ માટે અમે ધર્મ ક્રિયાઓ મુકરર કરી છે તે પ્રમાણે તેઓ ચાલે છે. તેમાં તેમને તમારી સાથે કાંઇ તકરાર કે ઝગડો નથી.

ઉપલાં કુરાને શરીફનાં બોધ વચનો જોતાં મુસલમાન ભાઇઓને હીંદુભાઇઓ સાથે નકામી તકરાર ઉભી કરવાનું કાંઇ કારણ રહેતું નથી. દરેક માણસ ભલે પોત પોતાના સંજોગો અને રિવાજો પ્રમાણે ખુદાના રસ્તે ચાલે, એમાં નકામો વાંધો ઉઠાવવાની કાંઇ જરૂર નથી. રૂહ હીંદુ છે કે મુસલમાન તે ખોળી કહાડવાનું છે. અને જેણે એ ખોળી કહાડયું છે એજ ખરે રસ્તે ચડેલો છે. નબીના નૂરમાંથી આખી આલમ-સૃષ્ટી પેદા થઇ છે તો એમાં હીંદુ ભાઇઓ પણ આવી જાય છે. હવે આમાં જે ઇમાન લાવી ખુદાના ખરા રસ્તે ચડી વધારે નેકી તરફ દોરાય છે તેજ સારો છે. કારણકે કુરાને શરીફમાં કહ્યું છે કે "તમારા સઉમાં માનવંત તેજ છે કે જે વધારે ભકતી-વાળો—પયેજગાર છે." વળી કુરાને શરીફમાં કહ્યું છે કે "હે લોકો અમે તમને એક મરદ અને (એક) ઓરતમાંથી પેદા કર્યા છે. અને તમને જુદી જુદી કોમ અને જુદા જુદા ખાનદાનના બનાવ્યા છે કે તમે (ખરી રીતે કોણ છો તેની માહીતી મેળવી) એક બીજાને ઓળખી શકો." "કુરાને શરીફમાં એ પણ ફરમાવ્યું છે કે "ખુદાએ તને જે કાંઇ આપ્યું છે તે વડે (નેકી કરી) તું આવતી દુનીયાને માટે સારૂં રહેઠાણ (દરજો) મેળવ. અને આ દુનિયામાં તારો ભાગ

(જે ફક્ત એક કફન છે તે) ભુલી જા નહીં. અને જેમ ખુદાએ તારૂં ભલું કર્યું છે તેમ તું પણ બીજાઓનું ભલું કર. અને તું દુનિયામાં ફિસાદ કરવા તૈયાર ન થા. કેમકે ખુદા ફિસાદ કરનારાઓને પસંદ કરતો નથી."

આ ઉપરથી જણાય છે કે બધા લોકો એકજ મરદ અને એકજ સ્ત્રીની ઓલાદ છે પણ જે ખુદાના ખરા નેકીના રસ્તે ચડે છે તે સઉમાં વધારે ઉંચો છે એમ ગણી શાંતીથી ચાલવું એજ સારૂં છે. કારણ કે માલીક ફીસાદ ખોરાઓને જરા પણ પસંદ કરતો નથી. હીંસા તોસી અને અહંકાર એ જબરો ફિસાદ છે માટે તેનાથી ખાસ બચતા રહેવું જોઈએ. આવુંજ શિક્ષણ મુસલમાન મહાત્માઓ–સુફીઓ આપી ગયા છે.

જો હીંદુઓ ખરા વેદાંતીઓના નિયમ પ્રમાણે અને મુસલમાનો ખરા સુફીઓના નિયમ પ્રમાણે ચાલે તો બંનેમાં કદી ફિસાદ થાય નહીં. બંને મન ઉપર કાબુ રાખવાનું શિક્ષણ આપે છે અને નરમ થઈને ચાલવાનું કહે છે. અને આજ જ્ઞાનમાં આગળ વધવાની સીડી છે. આત્માનો સાક્ષાતકાર તેનાથીજ થાય છે.

ભગવદ્ગીતાના અધ્યાય ૯ ના શ્લોક ૩૨ માં ભગવાને કહયું છે કે "હે પાર્થ ! મારો આશ્રય કરનાર પાપી હોય, સ્ત્રીઓ, વૈશ્યો તથા શુદ્રો હોય તો પણ તેઓ પરમગતિને પામે છે."

આ શ્લોકથી સાફ જણાય છે કે ગમે તેવો પાપી કે હલકો માણસ હોય તો પણ તો તે માલીકને શરણે જાય તો તેની મુકતી થઇ શકે છે. આમાં ફકત માલીકને શરણે જવાનીજ વાત છે. માલીક ઉપર પાકું આકીન રાખનારાજ મુકતી મેળવી શકે છે. ઉંચા નીચામાં અહીં જરા પણ ભેદ રાખ્યો નથી.

ભગવદ્ ગીતાના અધ્યાય ૧૧ ના ૫૫ મા શ્લોકમા કહ્યું છે કેઃ—

" હે પાંડવ ! મારૂં કર્મ કરનાર, હુંજ જેને પરમ છું, સંગ વર્જિત તથા સર્વ પ્રાણીઓ સાથે વેર નહીં રાખનાર, એવો જે મારો ભક્ત છે તે મને પામે છે."

ઉપલા શ્લોકથી સાફ જણાય છે કે જે માણસ માલીકના હુકમ પ્રમાણે વર્તે છે અને કોઈ પણ પ્રાણી સાથે વેર નથી રાખતો તે માલીકને મળે છે, બીજો મળી શકતો નથી. સર્વ પ્રાણીઓમાં નીચા ઉંચા સૌ આવી જાય છે એટલે તેમની સાથે વેર રાખવાની પણ આમાં મનાઈ છે.

ભગવદ્ ગીતાના ૧૨મા અધ્યાયના ૧૫ મા શ્લોકમાં ભગવાને કહ્યું છે કેઃ—

જે માણસથી લોકોને ઉદ્વેગ થતો નથી અને જે માણસ લોકોથી ખેદ પામતો નવી, વળી જે હર્ષ, ક્રોધ, ભય અને ખેદથી મુક્ત છે તે મને વહાલો છે."

ઉપલા શ્લોકથી જણાય છે કે જે માણસ લોકોથી કંટાળે છે અને ક્રોધ કરે છે તે માલીકને પસંદ પડતો નથી. "લોકો" શબ્દમાં બધાજ આવી જાય છે.

ભગવદ્ ગીતાના ૧૨ મા અધ્યાયના ૧૭ મા શ્લોકમાં ભગવાને કહ્યું છે કેઃ—

"જે માણસ હરખાતો નથી, અદેખાઈ કરતો નથી, શોક કરતો નથી કે તૃષ્ણા (ઇચ્છા, આપ મતલબ) રાખતો નથી, જે માણસ સારી અને નરસી ક્રિયાઓનો ત્યાગ કરનારો છે તથા જે ભક્તીવાળો છે તે મને બહુ વહાલો છે.

ઉપલા શ્લોકમાં કહ્યું છે કે માલીક તરફ સંપુર્ણ ધ્યાન લગાડીને જે માણુસ હરખ શોક મુકી દઇ માલીકની ભકતી કરે છે તે માલીકને ઘણો વહાલો છે. આમાં પણ કોઇ નાત જાતનો સવાલ દેખાતો નથી.

એકાદશ સ્કંધના ૭ મા અધ્યાયના ૨૨ મા શ્લોકમાં ભગવાને કહ્યું છે કેઃ-

"એક બે ત્રણ અને ચાર પગવાળાં, ઘણાં પગવાળાં, તથા પગ વિનાનાં ઘણાં શરીરો આ જગતમાં પેદા થએલાં છે, તેઓમાં બે પગવાળું માણુસનું શરીર મને પસંદ છે."

આ શ્લોકમાં કહ્યું છે કે સઉ પ્રાણીઓમાં માણુસ મને વધારે વહાલું છે. માણુસમાં મુસલમાનો પણ આવી જાય છે. આ શ્લોકનો અર્થ તો તદન ઉઘાડો છે જેથી જોઇ શકાય છે મુસલમાનો પણ માલીકને નાપસંદ નથી. માણુસ માલીકને બેશક પસંદ છે. તેનો અર્થ એજ કે તેની નેકી પસંદ છે. હીંદુઓની પણ નેકીજ માલીક પસંદ કરી શકે છે, બુરાઇ નહીં.

અધ્યાય ૧૧ના ૪૫મા શ્લોકમાં ભગવાને કહ્યું છે કેઃ—

"સર્વ પ્રાણીઓમાં હું ક્ષેત્રજ્ઞ રૂપે રહેલો છું તેવી સર્વત્ર સમ દ્રષ્ટી રાખી પુજન કરવું."

સઉ પ્રાણીઓમાં માલીકની કુદરત રહેલી છે એવું બરાબર સમજી માલીકની બંદગી કરવી. કોઇને હલકો ગણવો નહીં એ આ શ્લોકમાં બતાવેલું છે.

અધ્યાય ૧૨ના શ્લોક ૭માં ભગવાને કહ્યું છે કેઃ—

"પ્રહલાદ, બલીરાજા વિગેરે ઘણા જણ સત્સંગથી મને પામ્યા છે. આ લોકો વેદ ભણ્યા નહોતા. તેઓએ ભણવા માટે મહાત્માઓની સેવા પણ કરી નહોતી. તેમ તપ પણ કર્યું નહોતું તો પણ સત્સંગથી મને પામ્યા હતા."

આ શ્લોકથી જણાય છે કે ભગવાનને પામવા માટે જપ તપની કાંઇ જરૂર નથી. ફક્ત સત્સંગની જરૂર છે. અને જ્ઞાનીઓ સાથે બેસી લાભ મેળવવો એજ સત્સંગ છે. જ્ઞાની ગમે તે જાતનો હોય તે જોવાનું નથી, પણ ફક્ત જ્ઞાન જોવાનું છે.

અધ્યાય ૧૯ના ૪ થા શ્લોકમાં ભગવાને કહયું છે કેઃ-

"જે ફળ જ્ઞાનના લેશથી થાય છે તે ફળ તપ તીર્થ જપ દાન અથવા તો બીજા પવિત્ર પદાર્થો આપી શકતા નથી."

આ શ્લોક જ્ઞાનથી કેવું ફળ મળે છે તે જણાવે છે. અને તપ, તીર્થ, જપ, દાન, વિગેરેથી પણ જ્ઞાનને ચડતું બતાવે છે અને ઉપલા શ્લોકની વાતને ટેકો આપે છે. બધા જ્ઞાનીઓમાં આત્મા સરખો છે એટલે બધાનું જ્ઞાન એકજ છે.

અધ્યાય ૨૧ ના ૫ મા શ્લોકમાં ભગવાને કહયું છે કેઃ-

"આત્મા પણ સર્વમાં એકજ છે માટે ખરૂં જોતાં કોઇમાં પણ શુધ્ધતા કે અશુદ્ધતા નથીજ."

ઉપલા શ્લોકોથી સાફ જણાય છે કે જ્ઞાન એજ સર્વથી ચડતી વસ્તુ છે અને તે મેળવવામાં ઉંચ નીચનો સવાલ આવી શકતોજ નથી. આ વાતને માટે ભગવદ્ ગીતાના ઉપલા આધાર કરતાં બીજો કયો આધાર ચડતો મેળવી શકાય એમ છે? જે લોકો ગીતાને માને

છે તેમને માટે તો ઉપલા આધાર બસ છે. આટલું જાણ્યા પછી પણ જો ભેદભાવ રાખવો હોય તો જેવી મરજી. પણ એ શાસ્ત્રથી તદ્દન ઉલટું ચાલવા બરાબર ગણાશે.

આજ આધારે નીરાંત મહારાજે પણ ભેદભાવ રાખ્યો નથી અને તેથીજ તેમણે પીર અમન સાહેબને પોતાના ગુરૂ કર્યા હતા જેની સાબીતી આપણે તેમના પોતાનાજ ભજનમાં આગળ આપી ગયા છીએ. વળી બીજી પણ સાબીતીઓ તેને માટે મોજુદ છે.

તા. ૧૬ જુન ૧૯૨૨ના "પોલીટીકલ ભોમીઓ" પેપરના અંકમાં ૧૫ મા પાને એક લેખમાં લખવામાં આવ્યું છે કેઃ—"ગુજરાતમાં અને ખાસ કરીને રેવા અને મહી નદીના વચલો પ્રદેશમાં નીરાંત પંથ ચાલે છે તે કરજણ તાલુકાના દેથાણ ગામના તલબદા કોળી ભગત નીરાંત નામે હતા તેમના નામથી ચાલે છે. આ નીરાંત ભગત પીર અમન સાહેબના ચેલા હતા. અને પીર અમન સાહેબ એ એકલબારાવાળા પીર કાયમદીન બાવા સાહેબના (શબ્ય) ચેલા હતા વિગેરે તેમાં ચોખ્ખું લખેલું છે.

મુંબાઇ હાઇકોર્ટના વકીલ મી૦ રતનશાહ કોયાજી સાહેબ બી૦ એ૦ એલ૦ એલ૦ બી૦ એમણે પીર "કાયમદીન બાવા સાહેબ" (એક વેજીટેરીઅન મહાત્મા) નામની એક ચોપડી લખી છે તેમાં તેમણે લખ્યું છે કેઃ—"જેવી રીતે આ ખારવાઓના ગુરૂ પુંજાબાવાને પીર (કાયમદીન બાવા) સાહેબ તરફથી ન્યામત મળી હતી તેવીજ રીતે ગુજરાતમાં રેવા અને મહી નદીના વચલા પ્રદેશમાં નીરાંત પંથ ચાલે છે તે પંથના સ્થાપકને પીર સાહેબના એક શિષ્ય પીર અમન સાહેબ તરફથી ન્યામત મળી હતી. આ નીરાંત પંથ

કરજણ તાલુકાના દેથાણ ગામના તળબદા કોળી ભગત નીરાંત નામે હતા તેમના નામથી ચાલે છે. નીરાંત ભગત પીર અમન સાહેબના ચેલા હતા અને અમન સાહેબના ગુરૂ પીર કાયમદીન બાવા સાહેબ હતા" વિગેરે તેમાં લખેલું છે.

માંગરોલની ગાદીના મુળ સ્થાપક પીર મોટામીયા સાહેબ જે આજથી દહોડસો વરસ ઉપર થઇ ગયા છે તેમના પરચાની એક ચોપડી મીં૦ ઉમરભાઇ ભંડારી તરફથી છપાઇ છે તેના ૧૭૬મા પાને લખ્યું છે કે:—"સૈયદ અમન સાહેબ જે નિરાંત ભગતના ગુરૂ હતા તેમના પીર દાદા કાયમદીન બાવા સાહેબ છે. નિરાંત ભગતે આખો નિરાંત પંથ ચલાવેલો છે, તો તે પંથના લોકો પણ પીર કાયમદીન બાવા સાહેબને માને છે." પંડીત રાજેન્દ્રનાથે પણ પોતાના પુસ્તકમાં નીરાંત મહારાજને મુસલેમાન ફકીરના ચેલા બતાવેલા છે.

તે ઉપરાંત આજથી દસ બાર વરસ ઉપર મુંબાઇ "ગુજરાતી" છાપાના દીવાળીના અંકમાં "નીરાંત પંથ"ની હકીકત છપાઇ હતી તેમાં પણ નીરાંત મહારાજના ગુરૂ અમન સાહેબ બતાવેલા છે. વળી વડોદરાના શ્રીમંત મહારાજ સર સયાજીરાવ ગાયકવાડની આજ્ઞાથી નીરાંત પંથના ભજનોની ચોપડી બહાર પાડવામાં આવી હતી તેમાં પણ એ ઇશારો છે. આ તમામ હકીકત ઉપરથી જોઇ શકાય છે કે નીરાંત મહારાજ મુસલમાન ધર્મગુરૂનાજ શિષ્ય હતા અને તેમના ઉપદેશથીજ તેમને જ્ઞાન મળ્યું હતું. આવી ચોખ્ખી સાબીતીઓ એ માટેની આપવામાં આવે છે છતાં પણ એ વાતનો મતામતીથી ઇનકાર કરવામાં આવે તો કાંઇ ઇલાજ નથી. નીરાંત મહારાજ અને હરીગુરૂ મહારાજ એકજ ગુરૂના શિષ્ય હતા. ભાવદાસ મહારાજ હરી-

ગુરૂના ચેલા હતા જેમના પંથના ઘણા લોકો આજે પણ પીર અમન સાહેબની જગાએ ઘણા આવે છે જે એ પીરની જગાના મુજાવર –પુંજારી ચોખ્ખું જણાવે છે.

અંતરાય પડાનારા ભુલ કરે છે.

નીરાંત પંથ, ભાવદાસ પંથ, અને કબીરપંથ એ મુસલમાન મહાત્માઓથી મળીને ચાલવાનુંજ શિક્ષણ આપે છે કારણ કે એ પંથોનો સબંધ મુસલમાન ધર્મગુરૂઓ સાથે વધારે છે. મુસલમાન મહાત્માઓને ખોટા ગણવા એ સારા પુરૂષોની નીદા કરવા બરાબર છે અને આવી નીંદા કરવાનો કોઇ પણ પંથમાં હુકમજ નથી. આ પંથોના કોઇ કોઇ ભગતો ખાલી આડંબર કરીને મુસલમાનોને જુદા ગણે છે પણ ખરૂં જોતાં તેઓ પોતેજ પોતાના પંથની હકીકતથી વાકેફ નથી. વળી કેટલાક લોકો એવા છે કે તંબુરા અને પુસ્તક લઇને નીકળી પડે છે અને વગર અધિકારે લોકોને કંઠીઓ બાંધવા માંડે છે. પણ સમજવું જોઇએ કે નિયમ પ્રમાણે કંઠી તેજ બાંધે કે જેને તે પંથના કોઇ ગાદીપતિ ધર્મગુરૂ મહાનત બનાવી ગુરૂપદનો અધિકાર આપે. આવો અધિકાર પંથના લોકોની સભા વચ્ચે ચાદર ઓરાડી આપવામાં આવે છે. જ્યાં સુધી આવો અધિકાર ન મળ્યો હોય ત્યાં સુધી માત્ર તે પંથની કંઠી બંધાવવાથી કે તેમાં ચેલા થવાથી બીજાઓને કંઠી બાંધી ચેલા બનાવવાનો હક મળતો નથી. આ પંથના વગર અધિકારવાળા જે કંઠીઓ લોકોને બાંધે છે તે અધરીઆ અને નકામી ગણાય છે. માટે ગુરૂ પાસે બરાબર પુરૂં જ્ઞાન લઇ એવો અધિકાર મેળવીને એ કામ કરવાનું છે. વળી ચેલા થનારાઓએ પણ

કંઠી બંધાવના પહેલાં પુરી ખાત્રી કરી લેવી જોઇએ કે કંઠી બાંધનારને એવો અધિકાર મળ્યો છે કે કેમ. કોઇ માણુસ પદ બનાવે, અથવા ભજન સારા ગાય, કે જીભે કથણી કથે કે જરા છટાથી બોધ કરે, અથવા પોતે બ્રાહ્મણુ હોય તો તેથી તે ગુરૂ થઇ જવાને લાયક નથી. ગુરૂ તો તેજ થઇ શકે છે કે જેને જ્ઞાની ગાદીપતિ ધર્મગુરૂ ચેલા કરવાનો નિયમસર અધિકાર આપે. હાલ તો જેની મરજી આવે તે ગુરૂ થઇ નીકળી પડે છે અને લોકોને ચેલા બનાવે છે.

લોકો જ્ઞાન માટે પોતાની મરજી પ્રમાણે કોઇ સારા ગુરૂ પાસે જાય છે તેમને આવા નીકળી પડેલા ભગતો એવું સમજાવે છે કે આપણા હિંદુઓમાં વિદ્યા કયાં ઓછી છે કે બીજાઓ પાસે શિક્ષણુ લેવા જાઓ છો? આપણા ત્યાં કઇ વસ્તુ નથી કે બીજાઓનો આસરો લેવો પડે છે? આપણા ત્યાં જ્ઞાન શીખવનારા કયાં ઓછા છે કે પારકાઓના ત્યાં જાઓ છો? હવે આવું કહેનારા પોતેજ કેવા વિકારથી આવું કહી રહયા છે તેનો વિચાર કરતા નથી. તેઓ એ તો જાણે છે કે હજારો હીંદુભાઇઓ વેદ-સંસ્કૃતમુકીને અંગ્રેજીનું રાતદીવસ ગમે તે કોમના માણુસ પાસેથી શીક્ષણુ લેઇ રહ્યા છે. અંગ્રેજી એ કાંઇ હીંદુઓની વિદ્યા નથી તો પછી એનું શિક્ષણુ અને જ્ઞાન ગમે તે કોમના માસ્તર પાસેથી લેવામાં આવે છે તો ત્યાં કેમ એવું કહેતા નથા કે આપણા ત્યાં વિદ્યા અને જ્ઞાન કયાં ઓછા છે કે બીજાઓ પાસે શિક્ષણુ લેવા જાઓ છો. હજારો હીંદુભાઇઓ અંગ્રેજો, પારસીઓ, યહુદીઓ, મુસલમાનો વિગેરેની નોકરીમાં રહી તેમનો આસરો લઇ રહયા છે. અંગ્રેજ સરકારની અને અંગ્રેજી કંપનીઓની નોકરીમાં જોઇએ તેટલા હીંદુઓ છે અને તેમના આસરે પોતાનું ગુજરાન

ચલાવે છે. જ્યારે માયા મેળવવા તાબેદારી માટે બીજાઓના આશરે જવામાં આનંદ માનવામાં આવે છે તો પછી જ્ઞાન મેળવવા બીજાઓનો આસરો લેવામાં શું વાંધો છે ? જ્યારે પાપી પેટ ભરવા માટે બીજાઓના દરવાજા ઠોકી તેમની તાબેદારી મેળવવા રાત દીવસ કોશીશો કરો છો તો તે વખતે કેમ એવું શીખવતા નથી કે આપણા ત્યાં કઇ વસ્તુ નથી કે બીજાઓનો આસરો લેવો પડે છે ! વળી હાલ તો હીંદુભાઇઓ ઇંગ્લાંડ, અમેરીકા, જરમની વિગેરે ઠેકાણે વિધર્મી શિક્ષણ મેળવવા હજારો રૂપીઆ ખરચીને પણ જાય છે, અને અંગ્રેજોની વિદ્યા ભણવા અને તેમનું જ્ઞાન મેળવવા અંગ્રેજોને પોતાના પ્રોફેસર —ગુરૂ તરીકે જાહેર રીતે સ્વીકારે છે તો તે વખતે એમ કેમ કહેતા નથી કે આપણા ત્યાં શીખવનારા કયાં ઓછા છે કે પારકાઓના ત્યાં જાઓ છો !

જો એમ કહેવામાં આવે કે એ તો રાજની ભાષાનું જ્ઞાન છે અને તે ઉપયોગી હોવાથી ગમે ત્યાંથી શીખવા કાંઇ વાંધો નથી તો પછી ઇશ્વરી જ્ઞાન શું ઉપયોગી નથી ? અને છે તો પછી તે બીજાઓ પાસેથી શીખવામાં શું વાંધો છે ? વળી એમ કહેવામાં આવે કે અંગ્રેજ સરકારની અને અંગ્રેજી કંપનીઓની નોકરીમાં જોડાઇ અંગ્રેજોની તાબેદારી કરીએ છીએ તેમાં અમને જે પગાર મળે છે તે દેશના પૈસા માંથી મળે છે, એમાં અંગ્રજોનું કાંઇ નથી, તો અહીં એમ પણ કહી શકાય કે જે જ્ઞાન મળે છે તે તો માલીકના રસ્તાનું છે એમાં બીજા-ઓનું કાંઇ નથી. જેમ અંગ્રેજો પાસેથી માયા મેળવવા માટે તેમની તાબેદારી કબુલ કરવા તેમજ તેમની પાસેથી વિદ્યાનું જ્ઞાન મેળવવા માટે તેમને પોતાના ગુરૂ તરીકે કબુલ કરવા હીંદુભાઇઓ વાંધો લેતા

નથી તો પછી અહીં મુસલમાનો પાસેથી જ્ઞાન મેળવવા માટે તેમને ગુરૂ તરીકે માનવા તેમને વાંધો હોઇજ શું શકે ? અંગ્રેજોની તાબેદારી કરવા તેમના આસરે જાય છે, તેમના ગુલામ આનંદથી બને છે, તેમની વિદ્યા શીખે છે, તેમને પોતાના શિક્ષક–ગુરૂ તરીકે કબુલ કરે છે અને તેમની પાસેથી માયા પણ મેળવે છે. તો તે વખતે કોઇ કંઠીઓ બાંધનાર હીંદુ ગુરૂ કે ભગત એમ કહેવા બહાર પડતો નથી કે તમે આપણું ઘર છોડીને બીજે શા માટે ફાંફાં મારો છો ? આવું કહેવું તો બાજુ પર રહ્યું, પણ તેમાંના કેટલાક તો પોતાનું પેટ ભરવા અંગ્રેજ સરકારની અને અંગ્રેજ કંપનીઓની વરસોના વરસોથી તાબેદારી કરે જાય છે અને લોકોને સમજાવે છે કે તમે બીજાઓનો આસરો કેમ લો છો ! કદાચ એમ દલીલ કરવામાં આવે કે આ તો એક વહેવારની બાબત છે. તો આપણે કહીશું કે તેમાં પણ સત્ય સદાચાર અને નીતીની જરૂર છે. મા બ્હેન અને સ્ત્રીની કાયામાં કંઇ ફેર નથી પણ વહેવારમાં નીતીનો અને નેકીનો ખ્યાલ જરૂર રાખવો પડે છે. ભગત કે ગુરૂ કહેવાડવું સહેલું છે પણ તે પ્રમાણે ચાલવું એ તો મહા મુશ્કેલ છે. જે માણસ ઉંચ નીચના ખ્યાલમાં પડેલો હોય તે ભકતી શું કરી શકે ? જે માણસ માયાની જાળમાં સપડાએલો હોય તે ભકતી શું કરી શકે ? જે માણસ વાતવાતમાં છેડાઇ પડે તે ભકતી શું કરી શકે ? જે માણસ સ્ત્રીઓને જોઇ આપો ભુલી જાય તે ભકતી શું કરી શકે ? ભકતમાળામાં લખ્યું છે કે કબીર સાહેબે કહ્યું છે કેઃ—

કામી ક્રોધી લાલચી, તાસે ભકતી ન હોય,
ભકતી કરે કોઇ સુરમા, જાત વરન કુલ ખોય.

જાત ભાતનો ખીયાલ રાખતા નથી તેજ ભકતી કરી શકે છે અને એમનુંજ આકીન માલીક ઉપર મજબુત હોય, બાકી ઉંચપણાની મમતમાં ખેંચાઇ બીજાઓને હલકા ગણનારા મ્હોંડે પોતાને ભલે ભગત કે ગુરૂ કહે પણ તેઓ ખરૂં પુછો તો ખુદાના તાબેદાર હોતા નથી પણ સ્વાર્થના તાબેદાર હોય છે એ તેમની રહેણી કરણીજ કહી આપે છે. રાત દીવસ જુઠું બોલે છે, જુઠી નોંધો દફતરમાં લખે છે, લોકોની પાસેથી રૂસવત લે છે, લોકોનો માલ કહાડી લે છે. અને ઉપરીઓ આગળ જુઠી જુબાનીઓ આપે છે. આવું હમેશાં કરે છે અને પોતાને ભગત અને ગુરૂ પણ જણાવે છે! પોતાના પેટને માટે ગાયનું ભેંસ અને ભેંસનું ગાય નીચે કરનારા પોતાને ગુરૂ કહેવરાવવા કોશીશ કરે તો તેમની મરજીની વાત છે પણ જ્ઞાનીઓ અને મહાપુરૂષોનો માર્ગ તો તે વાત કદી કબુલ કરી શકે નહીં. ત્યાં તો સત્ય, સદાચાર, નીતી, અને પ્રેમ ભકતી વગર બીજી ચીજનું કામજ નથી. મ્હોડે બોલવું જુદી વાત છે અને કરવું જુદી વાત છે કહ્યું છે કેઃ-

કેહતે પણ કરતે નહીં, મ્હું કે બડે લબાડ,
કાલા મ્હું લે જાઇંગે, સાહેબ કે દરબાર.

માટે કહેણી અને રહેણી એકજ પ્રકારની રાખવી જોઇએ. અને મહાપુરૂષોની માફક પોતાના મનને મારી નાંખવું જોઇએ. મન મરવા વગર ભગત કે ગુરૂ થઇ શકાતું નથી. પોતાનું સારૂં અને બીજાનું ખોટું, અને પોતે ઉંચા અને બીજા નીચા એવા ખ્યાલની વાતો એ ખરી ભકતીની નીશાની નથી. માલીકનું નામ એજ ખરી વસ્તુ છે અને તે જેને મળે તેજ ખરો છે. માલીકનું નામ

એ કાંઇ કોઇનો ઇજારો નથી. કહ્યું છે કે?—

હડી પડી મેંદાનમેં, સબ ખેલનકું આય,
નહીં કીસીકે બાપકી, ઝીતે સો લે જાય.

અહીં તો "મારે એની તલવાર, અને પાળે એનો ધરમ" એ વાત છે. હીંદુ મુસલમાનનો સવાલજ નથી. જો એવું હોત તો ધરમદાસ કબીર સાહેબના અને નીરાંત મહારાજ અને હરીગુરૂ મહારાજ પીર અમન સાહેબના ચેલા થાતજ નહીં.

હીંદુનો અર્થ 'હીંસાથી દુર રહેનારો" એવો સામાન્ય રીતે કરવામાં આવે છે. હીંદુ શાસ્ત્ર પ્રમાણે હીંસા ત્રણ પ્રકારની છે. ૧ માનસીક ૨ વાચિક ૩ કાયીક. કોઇ માણસનું ભુડું તાકવું એ જીવહીંસા છે. કોઇ માણસને કડવો બોલ કહેવો એ જીવહીંસા છે. અને કોઇને થપડ મારવી એ પણ જીવહીંસા છે. આ ત્રણ પ્રકારની જીવહીંસાથી બચનારો માણસ ખરો હીંદુ ભક્ત કહેવાય છે. વ્યાજના થોકડા ચડાવી ગરીબોનાં ગળાં રહેંસવાં, પેટની દીકરીઓ વેચી દોકડા ઉભા કરવા માટે તેમને સો હાથના ખાડામાં હડસેલવી, ખોટા લેખ લખી કે ખોટી જુબાનીઓ આપી લોકોનું પડાવી લેવું, પોતાની ખાનદાનીના નામે કન્યાના બાપ પાસેથી ભારે આંકડો લેવા તેનું ઘર તળીયા ઝાટક કરવું, વિગેરે કામો અઘોર જીવહીંસાના છે. અને મરઘી કે બકરી મારવા કરતાં જરાપણ ઉતરતાં નથી; બલકે સેંકડે દરજે ચડતાં છે. ઉપલાં કામ ધોળે દીવસે કરનારા ભાઇઓ મુસલમાનોને મરઘી અને બકરીના નામે મ્હેણાં મારે એ પણ જોવા જેવું છે! ઉપદેશમાં આવી બાબતો લોકોને કહેવી જોઇએ એ વાત ખરી છે; પણ

તે એકને નહીં પણ બંનેને સરખી રીતે કહેવી જોઇએ, અને તેજ સમાનતા છે. ગોસ્ત-માંસ ખાનારા ક્ષત્રીઓ તથા મુસલમાનો અને ફળાહારી બ્રાહ્મણ, વાણીઆ બધા કોઠડીમાં કે આગગાડીમાં સાથે બેસે છે ત્યારે એકજ પવનનો સ્વાસ લે છે અને દરેકના શ્વાસનો પવન એક બીજામાં જાય છે. વળી તેઓ બધા નદી કે તળાવમાં ન્હાય છે ત્યારે એકજ પાણી બધાના મ્હોડામાં જાય છે આ મામલો તો ઉઘાડો છે. હવે અહીં ભેદભાવની વાત જેટલી રાખીએ તેટલી આપણા મનની છે. અહીંસાનો નિયમ બેશક પાળવો જોઇએ પણ તેમ કરવામાં બીજાઓને દુઃખ તો નજ દેવું જોઇએ. પોતપોતાનું સાચવવું જોઇએ, કહ્યું છે કે:-

> કબીરકા ઘર ચોકમેં, ગલકટ્ટેકી પાસ,
> કરેગા વો પાયગા તું કયું રહેતા ઉદાસ.

મુસલમાન મહાત્માઓ જીવદયામાં એટલા બધા આગળ વધેલા હતા કે ગોશ-માંસ ખાવાનું તો શું પણ કેટલાક તો દહીં દુધ પણ એ વિચારથી ખાતા નહોતા કે એ પણ માંસ અને ચરબીનું સત્વ છે. હાલ પણ એવા મુસલમાન મહાત્માઓ છે જે જીવ દયાનું સારી રીતે પાલન કરે છે. મનને કાબુમા રાખવા માટે સાત્વિક ખોરાકની જરૂર છે અને તેમાં ફાયદો છે. પણ જીવદયા સાથે બીજી પણ ભકતી અને જ્ઞાન માટે ઘણી ચીજોની જરૂર છે. એ યાદ રાખવું જોઇએ. જે માણસ જીવદયા નેકી અને પુરૂષાર્થમાં આગળ વધેલો હોય તે ગમે તે કોમનો હોય તો પણ તેને સારોજ ગણવો જોઇએ. એમાં નાતજાતનો કાંઇ સવાલજ નથી.

હાલ કેટલાક હીંદુ સુધારકો શુધ્ધીની રૂઢીથી મુસલમાનોને શુધ્ધ બનાવી હીંદુ સમાજમાં લેવા માગે છે અને તે વાતને વેદ પ્રમાણુની બતાવે છે. એટલે તેમના ખ્યાલ પ્રમાણે મુસલમાન પણ વેદ ક્રિયાથી હિંદુ થઇ શકે છે. જ્યારે હીંદુ સુધારકોની વેદ ક્રિયાથી મુસલમાન હીંદુ બની શકે છે અને તેને વેદ શાસ્ત્ર કબુલ કરે તો તેનાથી પણુ ચડતી ઇશ્વરી જ્ઞાનની ક્રિયાથી તે હીંદુઓનો ગુરૂ પણ બની શકે. આ ખ્યાલથીજ કદાચ હીંદુ જ્ઞાનીઓએ મુસલમાનોને મહાત્મા તરીકે પોતાની સાથે લીધા હશે અને તેમ કરી પોતાની સમાજમાં વધારો કર્યો હશે. આ પણ એક પ્રકારની ચડતી શુધ્ધી છે જેને માટે હીંદુ સુધારકોએ ખુશ થવું જોઇએ. સુધારકો વહેવાર તોડીને શરીરની શુધ્ધી કરવા માગે છે જ્યારે મુસલમાન મહાત્માઓ વહેવાર કાયમ રખાવીને આત્માની શુધ્ધી કરાવા માગે છે. આટલોજ ફેર છે.

આચાર વિચાર ભલે કાયમ રહે.

કેટલાક હીંદુભાઇઓ કહે છે કે આભડછેટનો વહેવાર કાયમ રાખવાથીજ જ્ઞાનમાં આગળ વધાય છે. આ વાત કદાચ તેમના ધારવા પ્રમાણે ખરી હશે. પણ એવા દાખલા પણ હીંદુભાઇઓના પુસ્તકોમાં મળી આવે છે? જ્યાં મહાપુરૂષોએ એવા વહેવારને આલી-કની જ્ઞાનની એકતા માટે બાજુ ઉપર મુકી દીધો છે. નરસીંહ મહેતા ઢેડવાડે ભજન કરવા જતા હતા અને મીરાંબાઇ પોતાનાં ગુરૂ રોહીદાસ ચમારના ત્યાં જતાં હતાં. વળી કૌશીક મુનિ ધર્મવ્યાધ નામના ઢેડને ત્યાં જ્ઞાન શીખવા જતા હતા. મીરાંબાઇ અને કૌશીક મુનીના તો

ગુરૂજ ચમાર અને ઢેડ હતા. હવે ગુરૂની સેવામાં જ્યારે આ બે જણા જતાં હશે તો તેઓ તેમના પગે પણ પડતાં હશે, અને તેમને પોતાનાથી ચડતા સમજી તેમને નડતાં પણ હશે. કદાચ આ વાત આપણા ઉંચા ભાઈઓ માનવા તૈયાર ન હોય તો આપણે તેમને બીજા દાખલા આપીશું.

નાભાજીની "ભક્ત માળ" નામનું પુસ્તક જે વૈષ્ણવોમાં એક માન પામેલું પુસ્તક ગણાય છે અને જે અમદાવાદના એક શ્રી સાકરલાલ બુલાખીદાસ નામના હીંદુ ગૃહસ્થે છપાવેલું છે તેના ૨૬૩ મા પાને "વાલ્મીકજીનો પરચો" એ મથાળા નીચે લખવામાં આવ્યું છે કે "મહાભારતનું યુદ્ધ થયા પછી પાંડવોને કુળઘાતનો દોષ છોડવવા જ્યારે શ્રી કૃષ્ણે રાજસૂય યજ્ઞ કરાવ્યો ત્યારે ત્યાં એક પાંચ મુખી શંખ મુકયો હતો, તે યજ્ઞ પરીપુર્ણ થશે તો તે પોતાની મેળે વાગશે એવો તેનો સંકેત કરી રાખ્યો હતો. પછી યજ્ઞ પુરો થયો અને શંખ વાગ્યો નહીં! ત્યારે શ્રી કૃષ્ણજીને પાંડવોએ પુછ્યું કે શંખ કેમ વાગ્યો નહીં? ત્યારે શ્રી કૃષ્ણજીએ કહ્યું કે એક સાધુ મારો ભક્ત છે તે તમારે ત્યાં જમવા વગર રહી ગયો છે તેથી શંખ વાગ્યો નહી. ત્યારે પાંડવોએ પુછ્યું કે તે કોણ છે અમને તે બતાવો. તે ઉપરથી શ્રી કૃષ્ણજીએ કહ્યું કે તે અતીશુદ્ર જાત છે અને તે ભંગીઆવાડમાં રહે છે. તેનું નામ વાલ્મીઓ સ્વપચ છે અને મારો પરમ ભક્ત છે. માટે તમે તેને લાવીને જમાડીને તૃપ્ત કરો એટલે તે શંખ વાગશે. તે ઉપરથી ભીમસેન તથા અરજુન તેમને (ભંગીને) ઘેર ગયા અને વિનંતી કરીને તેમને ઉંચકીને તેડી લાવ્યા. શ્રી કૃષ્ણજી તેમનો હાથ પકડીને પાકશાળામાં લાવ્યા અને દ્રૌપદીને કહ્યું તમે જાતે [illegible]

૫

આથી સફળતા સમજજો, તમે રસોઇમાં કાંઇપણ કસર રાખશો નહીં. તે ઉપરથી દ્રૌપદીએ આખી રાત વેઠી જુકતી બંધ રસોઇ કરી અને તે પેલા સ્વપચ (ભંગી)ને પીરસી. સ્વપચજી પરમેશ્વરને ભોગ લગાવીને પછી બધું એકઠું કરીને ખાવા મંડયા એટલે પેલો શંખ થોડો થોડો વાગવા માંડયો, અને પાછો તરત બંધ થઇ ગયો. ત્યારે તેમણે શંખને કારણ પુછયું, ત્યારે શંખે કહયું કે તમે દ્રૌપદીને પુછો. ત્યારે દ્રૌપદીએ કહયું કે જમાડતાં મને એવો વિચાર આવ્યો કે આખરે આ ચંડાળ છે તેથી મારી રસોઇની કીંમત તે શું જાણે! મેં રાત વેઠીને જુકતી બંધ આ રસોઇ કરી અને સ્વપચજીએ તો બધું એકઠું કરીને ખાધું. બીજે દિવસે ફરીને રસોઇ કરાવી અને તેમને ફરીને આદર સહીત જમાડયા એટલે શંખ વાગ્યો. એ પ્રમાણે ભગતનું મહાત્મય પોતે વધાર્યું," વિગેરે "ભક્ત માળ"માં લખેલું છે. હવે અહીં ભીમસેન અને અરજુનનું સ્વપચ ભંગીને તેમના ઘેર જઇ "ઉંચકીને" લઇ આવવું, શ્રી કૃષ્ણજીનું તેમને હાથ પકડીને પાકશાળામાં લઇ જવું, અને દ્રૌપદીજીનું તેમને પોતાના હાથે પીરસવું એ શું બતાવે છે? શું આમાં હાલનો વહેવાર સચવાય છે? વળી મોટા મોટા ઉંચ કુળના લોકો ખાઇ ગયા તો શંખે કોઇની ભકતી માટે સાક્ષી પુરી નહીં અને આ ભંગીની ભકતી માટે સાક્ષી પુરી તો તે શું બતાવે છે? શું અહીં નીચ એ ઉંચ થઇને નથી ઉભો રહેતો? તેથીજ કહ્યું છે કેઃ-

સુપચ ભગતે જબ ગ્રાસ ઉઠાયો,
સંખ હી બાજ્યો ગગન ચડ ઉંચે.

બીજું દ્રષ્ટાંત એજ "ભકતમાળા"ના ૧૯૫મા પાને શ્રી મોરારી દાસનું આપેલું છે.

શ્રી મોરારીદાસ કરીને એક મહાત્મા હતા અને તે એક રાજાના ગુરૂ હતા. તે જ્યારે એક વાર સ્નાન કરીને આવતા હતા ત્યારે રસ્તામાં તેમને એક ઠેકાણે ઢેડવાડામાં તેમના કાને સવાલ પડયો કે જે ચર્ણામૃતના અધિકારી હોય તે આવજો. એટલે તે સાંભળીને તે ખમચાઇને ઉભા રહ્યા. ત્યાં આગળ એક ચમાર ભકતનું ઘર હતું અને તેણે ઠાકોર સેવા કરી રહીને ચર્ણામૃત લેવાને પોતાના ઘરના માણુસોને હાંક મારી કે જે ચર્ણામૃતના અધિકારી હોય તે આવજો. એટલે તે અવાજ સાંભળી મોરારીદાસે વિચાર કર્યો કે શું હું ચર્ણામૃતનો અધિકારી ન કહેવાઉં ? એમ વિચારીને પોતે ચમારના ઘરમાં પેઠા એટલે તે ચમાર બાવરો બની ગયો. કારણુ કે મોરારીદાસ તો રાજાના ગુરૂ હતા. ચમારે મોરારીદાસને પોતાના ઘરમાં આવેલા જોઇને તેમને કહ્યું કે હે મહારાજ! આ તમે શું કર્યું ! હું તો એક તુચ્છ માણુસ છું માટે તમે મારા ઘરમા પેઠા એ તે શું કહેવાય ! પછી મોરારીદાસે ચર્ણામૃત માગ્યું. ત્યારે તેણે કહ્યું કે મારાથી તે કેમ અપાય ! ત્યારે મોરારીદાસે તેને કહ્યું કે તું ઠાકોર સેવા કરે છે અને તારો ભાવ સાચો છે માટે તું અમારાથી શ્રેષ્ઠ છે તેથી તારા આગળ અમે તુચ્છ કેહેવાઇએ. તે સાંભળીને તે ચમારની આંખમાંથી આંસુ વહેવા લાગ્યાં, અને તે લજવાઇ ગયો. તોપણુ મોરારીદાસે તો તેને કહ્યું કે ઠાકોરજીનું ચર્ણામત લેવું એમાં વર્ણાશ્રમનો કાંઇ બાધ નથી માટે તારે કાંઇ પણુ શંકા લાવ્યા વગર તે મને આપવું યોગ્ય છે. તોપણુ તેણે તે આપ્યું નહી. ત્યારે મોરારીદાસે પોતાના હાથે લીધું અને પોતે પી ગયા. અને ત્યાં ઠાકોર સેવાનાં દર્શન કરી પોતાને ઘેર ગયા. તે વાત આખા ગામમાં ફેલાઇ કે રાજાના ગુરૂ અમારના

ઘરમાં બેઠા અને તેમણે ચમારનું ચર્ણામૃત લીધું. તે વાત ચાલતી રાજાના કાને ગઇ એટલે રાજાને તેથી શોચ પડયો કે મારા ગુરૂએ આ ઘણું અયોગ્ય કામ કર્યું. પોતાના ગુરૂના દર્શન કરવાનો તે રાજાને નિત્ય નિયમ હતો પણ તે દિવસે આ વાત સાંભળીને તેને ગુરૂ ઉપર અભાવ થયો તેથી તે ગુરૂ પાસે ગયો નહીં. તેથી ગુરૂએ તે ગામનો ત્યાગ કર્યો અને પોતે ત્યાંથી બે ત્રણ ગાઉ છેટે એક બીજા ગામમાં જઇ રહયા. પછી રાજાને પોતાના ગુરૂના દર્શન કરવાની આતુરતા થઇ તો જ્યાં તેના ગુરૂ ગયા હતા ત્યાં જઇને તેમના પગે પડયો. તેની આંખમાંથી આંસુ નીકળી પડયા. મોરારીદાસ પોતાના શિષ્યથી મુંહ ફેરવીને બેઠા અને તેનું મ્હોં પણ જોયું નહીં. એટલે રાજા ઘણો અકળાયો જેથી ગુરૂ તેના ઉપર દયા લાવ્યા અને પ્રસન્ન થઇ કહેવા લાગ્યા કે 'તું મુર્ખ છે. ભકતી કરતો તું બીલકુલ જાણતો નથી કારણકે ચમારને તું ચમાર રૂપે દેખે છે. પણ તે ચમાર તારા બધા બ્રાહ્મણો કરતાં વિશેષ (ચડીઆતો) છે. આગળ ઉપર વાલ્મીક રૂષી થઇ ગયા કે જે જ્યાં સુધી તે ભીલના સંગમાં હતા ત્યાં સુધી તે ભીલમાં ગણાતા અને પછી જ્યારે તે રૂષીઓની સંગતમાં રહ્યા ત્યારે રૂષીમાં ગણાવા લાગ્યા', વિગેરે તે "ભકત માળા"માં લખેલુ છે.

હવે અહીં રાજાના ગુરૂ મોરારીદાસ જે એક મહાત્મા છે તે ચમારના ત્યાં જઇ તેના ઘરનું ચર્ણામૃત લે છે અને તે પી જાય છે એ શું બતાવે છે? શું આથી હાલના વિચાર પ્રમાણે વહેવાર ટુટેલો ન ગણાય? પણ ખરા ભકતોએ એ વાતની પરવાજ રાખી નથી. તેમની ભકતી એવી મજબુત હતી કે તેમને નઅળાઇના વિચારજ કદી આવતા નહોતા.

ઉપલા બંને દ્રષ્ટાંતો હીંદુભાઈઓની પોતાનીજ "ભકત માળા" નામની ચોપડીમાંથી લીધા છે. આ વાતો હીંદુ ભાઈઓને માનવી હોય તો માને અને ન માનવી હોય તો તેમની મરજી. આપણે કાંઈ તેમને વહેવાર તોડવાનું કહેતા નથી. ભલે તેઓ પોતાનો વહેવાર સાચવે પણ જેવો સંસારનો વહેવાર સાચવવા તેઓ ઉત્સુક છે તેવો ભકતીનો અને જ્ઞાનનો વહેવાર પણ તેમને સાચવવો પડશે. અને તે ઉંચ નીચનો અને મારા તારાનો ભેદ મનમાંથી કહાડી નાખવો એજ છે. જ્યાં સુધી આવો ભેદ મનમાં કાયમ રહેશે ત્યાં સુધી ભકતી કે જ્ઞાનમાં કદી આગળ વધી શકાશે નહીં. ભલે તે નિત્ય કર્મ રોજ કરે પણ તેથી કાંઈ વળે નહીં. કબીર સાહેબે કહયું છે કેઃ—

> વેદ થકે બ્રહ્મા થકે, થકે શેષ મહેષ,
> જોગી જતીકો ગમ નહીં, જ્યાં સદગુરૂ ઉપદેશ.

> બ્રહ્મ જ્ઞાન આયા નહીં; દીયો ધર્મ છિટકાય
> કહે કબીર વો આત્મા, નિશ્ચે નરકે જાય.
> બ્રાહ્મન બ્રહ્મ ન જાનીઆ, ગલેમેં ડાલા સૂત.
> જ્ઞાન વિજ્ઞાનકી ખબર નહીં, ભયા મસાણી ભુત.
> સંગત ભઈ તો કયા ભયા, હિરદા ભયા કઠોર
> નવ નેજા પાની ચડે, પથર ન ભીજે કોર.

ઉપલી હકીકત "ભકતમાળ"માથી લખી છે. વળી સવરી બાઈ ભીલડીના મુખના જુઠાં-એઠાં બોર રામચંદ્રજીએ ખાધાં હતાં એ પણ એ પુસ્તકના ૨૫૪ માં પાને ચોખ્ખું લખેલું છે. આ વાતો

જેને માનવી હોય તે માને, અને નમાનવી હોય તો ન માને. એમાં આપણું કાંઇ જોર નથી. આતો જ્ઞાની પુરૂષોની વાતો છે. જ્યાં સુધી સંપૂર્ણ જ્ઞાન પ્રાપ્ત ન થાય ત્યાં સુધી વહેવારમાં રહેવાને વાંધો નથી. પણ જ્ઞાનમાં ઉતરવા માટે તો ઉંચા નીચા અને "મારા તારા"ના હલકા ખ્યાલ તો કહાડવાજ પડશે. નીકળે નહીં ત્યાં સુધી ભકતી કહેવાતીજનથી. કદાચ કોઇ કહેશે એક ઉપલી વાતો તો મહા જ્ઞાની લોકોની છે તો એથી એટલું તો કબુલ કરવું પડશે કે એવી વાતો જ્ઞાનમાં છે. એ વાત સાચી છે અને એ રસ્તાના જીજ્ઞાસુઓએ તે વિશે કદીપણ મનમાં શંકા ઉભી કરવાની નથી. ભલે પોતે વહેવારમાં રહી પોતાનું કામ કરે, એમાં કાંઇ વાંધો નથી પણ આવી બાબતો માટે વાતો કરવાનો અને નકામો ખ્યાલ દોડાવાનો તેને અધિકાર નથી.

આવા દાખલા તો હીંદુ શાસ્ત્રમાં ઘણાએ છે જે ઉપર સનાતની હીંદુભાઇને વિશ્વાસ રાખ્યા વગર ચાલેજ નહીં. ભલે તેઓ પોતાની રૂઢી પ્રમાણે જોઇએ તો આભડછેટ રાખે, પણ તેવી વાતોને બુરી સમજે તો તે ઉપલા મહાત્માઓ ઉપર ઉઘાડો દોષ મુકે છે એમજ મનાય. જેમના રસ્તે જવાનું હોય તેમના ઉપર દોષ મુકવો એ નુગરાપણું કહેવાય. માટે એવા ખ્યાલથી જીજ્ઞાસુ સજ્જનોએ તો બચતાજ રહેવાનું છે. એ રસ્તાને નહીં માનનારા ભલે એવી વાતો કરે. પણ કૃષ્ણજી અને રામચંદ્રજીને માનનારા લોકોને તો તેના વિરૂધ્ધ એક અક્ષર પણ બોલવાનો અધિકાર નથી. અને જો બોલે તો તેઓ એમના રસ્તે છેજ નહી, બલકે એ બંને મહા પુરૂષોથી ફરેલા છે એમજ અનુમાન થાય. જે લોકો નકામી વટાળની વાતો કરે છે તેઓ આ નીચેનું પદ વાંચી મનમાં ઉતારશે તો કદાચ તેમના મનને શાંતી મળશે.

કાયા તારી શાથી વટલાણી ? મુરખ મન,
કાયા તારી શાથી વટલાણી રે હેજી. ટેક.
પાંચ તત્વની કાયા બની તારી પ્રાણી,
તેમાં માંહી ચેતન આવ્યો રે હેજી.
ચેતન કાયાને કશું વટાળ ન હોય એ તો,
ઢેડ ભંગીઆનું પીએ પાણી. મુરખ મન, ૧
જે રે વસ્તુની તારી કાયા બંધાણી પ્રાણી,
ઢેડ ભંગીઆની કાયા તેવી રે હેજી.
ચેતન તો સર્વેનો એકજ રૂપ છે,
તેમાં તેં જુદાઇ શાની આણી. મુરખ મન. ૨
જ્યાંથી તું આવ્યો ત્યાંથી સર્વ લોકો આવ્યા,
સઉનું જન્મ મરણુ એક ભાતે રે હેજી.
શરીરનો ઘાટ સઉનો એકજ સરીખો,
સરખાં હાથ પગ મુખ વાણી. મુરખ મન. ૩
ખાવાના કાજે છે સઉને માટીના પદાર્થ સઉ,
માટીથી થયું ને માટી થાશે રે હેજી.
પાંચ તત્વ વિના બીજું કયાંથી આવ્યું એ તો ?
સર્વે વસ્તુ એક પરમાણી. મુરખ મન. ૪
આરે કાયામાં તારૂં શું રે બગડયું છે પ્રાણી ?
ઘટયું ને વધ્યું તો કાંઇ નથી રે હેજી.

મન બગડ્યાથી સર્વે સંસાર બગડ્યો,
શંકા તારા મનમાં ભરાણી. મુરખ મન. ૫
જે જે વસ્તુ જુએ તેને તારૂં અંગ જોજે પ્રાણી,
તેમાં ને તારામાં ભિન્ન નથી રે હેજી.
એક બ્રહ્મ ઓર દ્વિતીયા નાસ્તી છે પ્રાણી,
જ્ઞાની તણી વાણી છે વખાણી. મુરખ મન. ૬

આ સંસાર એકજ બ્રહ્મ છે અને એટલાજ માટે 'એક બ્રહ્મ ઓર દ્વિતિય નાસ્તી" જ્ઞાની પુરૂષોએ કહેલું છે. જ્ઞાની જનોનો સત્સંગ અને સંતનો સમાગમ કરવામાં આવે છે ત્યારે જ્ઞાનનો ઉદય થાય છે અને સર્વ ભ્રમણા નાશ પામે છે, સંશય ટળી જાય છે અને આત્મજ્ઞાન પ્રકટ થાય છે. વળી તે નિર્ભય પદ પામે છે. સર્વમાં એકજ વસ્તુ જુએ છે અને સર્વને એક સમજે છે અને છેવટે મોક્ષપદને પામે છે. પણ જ્યાં સુધી વહેવાર બંધન છે, ત્યાં સુધી આચાર વિચાર રાખવા જોઇએ. કેમકે ન રાખવામાં આવે તો તકલીફ પડે છે. લોકો લડે છે, સંતાપે છે, અને નકામા મ્હેણા મારે છે. માટે લોકોની બોલીઓ ન સાંભળવી પડે તેટલા માટે સંસાર વહેવારમાં રહીને આપણું કામ કરવું જોઇએ. તેટલાજ માટે કહ્યું છે કે "લોક મળે તો લોકાચાર, અને સંત મળે તો એકાકાર." માટે એજ પ્રમાણે કામ રાખવું જોઇએ. વળી કેટલાક અહેખાઇવાળા માણસો પણ સંત થઇને નીકળે છે અને કોઇ સારો માણસ ભક્તી કરતો હોય અને આગળ વધતો હોય તો તે તેમને રૂચતું નથી. તેથી તેને માટે આવી વહેવાર સંબંધીની બળતી વાતો લોકો આગળ

નીંદાના રૂપમાં કરવા લાગે છે, અને જાણે સત્ય ધર્મની વાત શીખવતા હોય એવો ડોળ ઘાલે છે માટે તેવા લોકોથી બચવાની ખાતર આચાર વિચાર સાચવવાનો છે. આવા લોકો જ્ઞાની હોવાનો દેખાવ કરે છે પણ હજુ તેમનો અહંભાવ ટળેલો નહીં હોવાથી તેઓ જુદાઇજ જુએ છે અને નકામી નીંદા કરે છે. તેઓ એ વિચાર કરતા નથી કે આ બોલે છે એ કોણ છે? સાંભળે છે એ કોણ છે! સમજે છે એ કોણ છે? અને જુવે છે એ કોણ છે? શરીર એતો નાશવંત અને જડ વસ્તુ છે અને અહીંજ ઢગલો થઇ પડી રહેવાનું છે. એ કાંઇ સાથે આવતું નથી. જે લોકો શરીરનેજ સર્વસ્વ સમજીને બેઠા છે તેમની ખાતર આચાર વિચાર પાળી તેમની જીભ બંધ રાખવી જોઇએ કે તેઓ ખાલી નીંદા ન કરે. આચાર વિચાર પાળવામાં કાંઇ પણ નુકશાન નથી પણ ફાયદોજ છે. કારણ કે તેથી અદેખા લોકોની પીડાથી નિર્ભય રહેવાય છે. વેહવારી માણસ વહેવારમાં રહી જે પણ પોતાનું કામ કરે તો ફળ મળે છે. એક વેપારીને ત્યાં અફીણ કે ઝેર ભરેલું હોય અને તેનો ઉપયોગ તે ખાવામાં ન કરે તો તેનાથી તે તથા તેના બાલબચ્ચાં મરતાં નથી. ભલે આખા ઘરમાં ઝેર પડેલું હોય પણ જ્યાં સુધી તે ખાય નહીં ત્યાં સુધી તે કદી મરવાનો નહીં. તેજ પ્રમાણે માયામાં રહી વહેવાર સાચવવાથી કાંઇ માયા વળગતી નથી, તેમ માલીક તરફનો ભાવ કાંઇ મટી જતો નથી. ત્યાં તો ખાસ ભાવની જરૂર છે.

ગીતામાં ભગવાને કહ્યું છે કે મને જે રસ્તે ભજશો તે રસ્તે હું તમને મળીશ. આનો ચોખ્ખો અર્થ છે કે ભગવાન માત્ર ભજવાનું માગે છે, રસ્તો માગતો નથી. ગમે તે રસ્તે ભજાય પણ

તેમાં ભગવાનનો વિશુદ્ધ પ્રેમ [illegible]વો [illegible]. અને આજ જ્ઞાનીઓનો અને ખરા ભક્તોનો રસ્તો છે, જેના [illegible] દાખલા આપણે ઉપર બતાવી ગયા છીએ. સાચો જ્ઞાની ગુરૂ જે રસ્તો બતાવે તે ઉપર શ્રદ્ધા રાખી પ્રેમથી અમલ કરવો એજ શિષ્યોનું કામ છે.

વળી કેટલાક હીંદુ ભગતો પોતાને ખરા રસ્તાવાળા સમજી બીજાઓને માટે વાંધાસાંધા કહાડે છે અને તેમને ઉલટા રસ્તે ચડેલા બતાવે છે, અને જાણે પોતે જીવતે જીવત મુક્તી મેળવી ચુક્યા હોય એવો દેખાવ કરે છે. પણ તેઓ એ સમજતા નથી કે મુક્તી મેળવનારા તો જીવતે જીવત મરી ગએલા હોય છે. તેમનામાં બીજાઓને ખોટા રસ્તે ચડેલા ગણવાનો ખ્યાલજ આવી શકતો નથી. અને જો એવો ખ્યાલ લાવે તો તે આડંબરીજ ગણાય.

કેટલીક શંકાઓનું સમાધાન.

કેટલાક આર્યસમાજીઓ કહે છે કે મુસલમાન ધર્મગુરૂઓ ભીલોને અને દેડાઓને પોતાના ત્યાં બોલાવી કબીરોની પુજા કરાવે છે અને હીંદુઓને દોરા ધાગા અને જંતર વીગેરે આપી વહેમમાં નાખે છે પણ આ બધી બનાવટી વાતો છે. મુસલમાનોમાં એક ખુદા સિવાય બીજા કોઇની પુજા કરવાનું કે કરાવવાનું છેજ નહીં. પુજાને લાયક તો ફક્ત ખુદાજ છે તો પછી ભીલોને તેઓ કબીરોની પુજા કરવાનું કહે એ બનેજ નહીં. એ તો ખાલી ભંભેરવાની વાતો છે. વળી જંતર મંતરનું તેઓ કહે છે પણ "કામધેનુ માદળીયું" "વશીકરણ મંત્ર" "કાકીઆ" વિગેરેની વાતો તો આર્યો હમેશાં છાપાઓમાં તેમના પોતાના લોકો તરફની જુવે છે છતાં આવી બાબ-

તમાં મુસલમાન ધર્મગુરૂઓને બદલામ કરે છે એ પણ જોવા જેવું છે! જંતર મંતરની વાતો તો હીંદુભાઇઓમાં અસલથી ચાલું છે એ કાંઇ મુસલમાન ધર્મગુરૂઓએ તેમનામાં દાખલ કરી નથી. કોઇ મુસલમાન ધર્મગુરૂ કદાચ હીંદુભાઇઓને જંતર–તાવીજ આપતા હશે તો તે હીંદુભાઇઓની માગણી ઉપરથી વગર પઇસે આપતા હશે. હીંદુ ધર્મગુરૂઓ જંતર મંતર માટે પૈસા લેતા હશે એટલે હીંદુ ભાઇઓ મુસલમાન ધર્મગુરૂ પાસે મફત લેવા જતા હશે. મુસલમાન ધર્મગુરૂઓ આ કામ પરમાર્થ માટે કરતા હશે તો તેમને યશ મળતો હશે અને તેમના હાથે ફાયદો થવાથી વધારે હીંદુભાઇઓ તેમની પાસે જતા હશે. આ પ્રમાણે જંતર મંતરની આવક હીંદુધર્મગુરૂઓની ઓછી થઇ ગઇ હશે તેથી તેઓ મુસલમાન ધર્મગુરૂઓની વિરૂધ્ધ એવી વાતો ફેલાવતા હશે. વેદ મંતર તો આર્યસમાજીઓ પણ પોતાના ફાયદાને માટે ભણે છે અને બીજાઓ પાસે ભણાવે છે. જો મંતર જંતરમાં ફાયદો ન હોય તો એ કામ બંધ કરી દેતા કોઈ ના કહેતું નથી. મુસલમાનોને એમાં બદલામ કરવાની શું જરૂર છે! જે હીંદુ ભાઇઓને મુસલમાન ધર્મગુરૂથી ફાયદો થતો હશે તે તેમની પાસે જતા હશે. અને પોતાના બાજબી ફાયદા માટે કોઇની પાસે જવામાં ધર્મની કાંઇ મનાઇ નથી હીંદુભાઇઓ આવું સમજીનેજ મુસલમાન ધર્મગુરૂ પાસે જતા હશે. મુસલમાન ધર્મગુરૂ હીંદુભાઇઓની લાગણીને ખાતર તેમનું કામ મફત કરી આપતા હશે તો પણ જો આર્યસમાજીઓ કે તેમના કોઇ ધર્મગુરૂ હીંદુભાઇઓનું કામ મફત પરમાર્થની ખાતર કરી આપવા રાજી હોય તો એમાં મુસલમાનોને કાંઇ વાંધો નથી. ભલે તેઓ કરે, પણ તેમનામાં એ આત્મીક શકતી છેજ નહીં.

જ્યાં સ્વાર્થ હોય ત્યાં પરમાર્થ શી રીતે આવે ? તેમને તો ઢેડાઓને, ભીલોને અને બીજા હીંદુઓને પોતાના જેવા આર્યસમાજીઓ બનાવી પોતાના ટોળામાં ખેંચવા છે. અહીં પરમાર્થની વાતજ ક્યાં છે ?

ઢેડાઓનો ઉધ્ધાર કરવાના નામે તેમની છોકરીઓને આર્યસમાજીઓએ ભણાવી તૈયાર કરી છે તે છોકરીઓ સુધરી ગએલી હોવાથી ઢેડાઓના ઘર નહીં માંડતાં હવે આર્યસમાજીઓની મદદથી બીજા ઉંચાઓના ઘરમાં જાય છે કારણ કે ઉંચાઓ પોતાના ત્યાં કન્યાઓની અછતને લીધે વાંઢા છે એટલે તેમને આ કન્યાઓ ઠીકમાં મળે છે. આવા દાખલા હાલ બન્યા છે અને હજુ તેને માટે પેરવી જારી છે. હાલ સુધી ઉંચા લોકો વાંઢા 'રહેતા હતા, હવે ગરીબ ઢેડાઓને વાંઢા રહેવું પડશે ? ગરીબ ઢેડાઓનો આ પ્રમાણે ઉધ્ધાર થશે ! મુસલમાનોને જરૂર પડે એક કરતાં વધુ સ્ત્રીઓ (ચાર સુધી) કરવાની છુટ છે એટલે તેમના ત્યાં કન્યાઓ પણ તેટલીજ પેદા થાય છે જેથી તેમના ત્યાં કન્યાની અછત નથી એટલે એમને બહાર જવું પડતું નથી, વળી જો કોઇ ઉંચી હીંદુ સ્ત્રીઓ મુસલમાનોના ઘરમાં પેસે છે તે આર્યસમાજની તાલીમને લીધેજ થાય છે. તેમના મુખ્ય પુસ્તકમાં કહ્યું છે કે સ્ત્રીએ જરૂર પડે પારકા પુરૂષ સાથે નિયોગ કરાવવા વાંધો નથી, વર્ણાશ્રમની જરૂર નથી, વળી માંસ ખાવાની પણ તેઓ આજસુધી છુપી પરવાનગી આપતા હતા પણ હવે તો તેમના ખાસ આગેવાન ડાક્ટર મુંજેએ જાહેરમાં માંસ ખાવાની ભલામણ કરી છે. પારકા પુરૂષ પાસે જવાનો, વર્ણાશ્રમનો અને માંસ ખાવાનો બાધ ન હોય એવી તાલીમ હીંદુ સ્ત્રીઓને મળે તો પછી તેમનામાંની કોઇ કોઇ મુસલમાનોના ઘરમાં જાય એ આર્યસમાજનીજ તાલીમ છે ! એમાં મુસલમાનોનેનો શું વાંક ?

કેટલાક આર્યસમાજીઓ હીંદુ અને મુસલમાન ખેડુતોના નોકરો–ચાકરો જે ભીલ લોકો છે. તેમને પોતાના તરફ ખેંચવા એવું સમજાવે છે કે તમે અમારા આસરામાં આવી જાઓ. અમે તમને તમારા ખેડુત માલીકોના જુલમથી બચાવી લઇશું. તેમને તમારી પાસેથી જોર જુલમથી કામ લેવાનો હક નથી. તેમના પૈસા તમે લીધા છે તો શું થયું! તેમને જોઇએ તો એ પૈસા માટે તમારી ઉપર સરકારી કચેરીમાં દાવો કરે. અમે તમને સઉ વાતે મદદ કરીશું માટે તમારે ગભરાવું નહીં, અને તેમને છોડી એકદમ તમારે અમારી પાસે આવવુ. પછી અમે છીએ અને તમારા માગનારા છે? આવું આવું તે બીલોને કહી તેમને ઉશકેરે છે અને તેમના માલીક ખેડુતોથી તેમને જુદા પાડે છે જેથી બિચારા ખેડુતોની ખેતી બરબાદ થઇ જાય છે અને ચાકરો ચાલ્યા જવાથી તેમને આપેલા પઈસા પણ જાય છે. આમાં પણ તેઓ ખેડુતોને પોતાના દાબમાં રાખવા માગે છે. વળી બીલોનો એક મોટો જથો કાયમ કરી તેમના તરફનો એક મેમ્બર ધારાસભામાં મોકલવાનો હક સરકાર પાસે માગવાનો તેમનો ખાસ હેતુ છે કે જો એવો હક મળે તો તેમના તરફથી પોતે ધારાસભામાં ગોઠવાઇ જાય અને બીલોને હમેશાં પોતાની તાબેદારીમાં રાખે. વળી જે ભીલો તેમના હાથ પર ચડી જાય છે તેમને તેઓ પોતાના સગાઓના ત્યાં ચાકરી કરવા મોકલી દે છે અને ખેડુતોના પૈસા ખોટા કરાવે છે. ગરીબ બિચારા ભીલો રાહત મેળવવાનાં ખ્યાલથી પોતાના અસલ શેઠને મુકી દઇ તેમના ત્યાં જાય છે અને ત્યાં પણ તેમને ગુલામીમાંજ પડવું પડે છે. આ વાત ગુજરાતવાળા ગૃહસ્થો જાણતા નથી. આ આર્યસમાજીઓ બીલોનો

ઉધ્ધાર કરવાના નામે જાહેર છાપાઓમાં લાંબાં લાંબાં લખાણો લખી લોકોના મન ખેંચે છે અને તેમની પાસેથી મોટા મોટા ફાળા મેળવે છે અને પોતે મજા ઉડાવે છે. ગામડાઓમાં કેટલાક પારસીઓ રહે છે તેમના સાથે ભીલોને લેવડ દેવડ હોય છે તો તે તેમને આર્યસમાજીઓની ખરી હકીકતથી વાકેફ કરે છે અને ભીલોને તેમના હાથમાં નહીં. સપડાવા ચેતવણી આપી તેમને તેમના ત્યાં જતા રોકે છે એટલે આર્યસમાજીઓ પેલા પારસીઓ ઉપર ભીલોની સ્ત્રીઓની આબરૂ બગાડનારા તરીકેના આરોપ મુકે છે અને એવા લખાણો જાહેર પેપરોમાં આપે છે પણ ખરી હકીકત શું છે તે કોઇ જોતું નથી. આવી રમતો જ્યાં રમાતી હોય ત્યાં ઉધ્ધારનું નામજ કયાંથી હોય! પેપરવાળાઓને બિચારાઓને શું ખબર કે ભીલોના નામે દેશમાં કેવા ભવાડા થઇ રહ્યા છે! ભીલોના ઉધ્ધારના નામે સેંકડો ખેડુતોને આર્યસમાજીઓએ બરબાદ કર્યા છે, સેંકડોના ઉપર જુઠાં અનીતીનાં તોહમતો મુકયાં છે, સેંકડો ભીલોને પોતાના લાગતા વળગતાઓના ત્યાં ગુલામીમાં નાખ્યા છે અને ઉપરથી હજારો રૂપીઆના ફાળા તેમના નામે લોકો પાસેથી લીધા છે. ગરીબ બિચારા ભીલો તેમની ભંભેરણીથી પોતાના ખરા ખેડુતોને મુકીને નાઠા છે તો હવે તેમનાથી તેમના ત્યાં પણ જવાતું નથી. આવી દશા કેટલાક ગરીબ ભીલોની થઇ છે! આ આર્યસમાજીઓનું જોઇને કેટલાક બીજા નવરા હીંદુઓ પણ તેવું શીખ્યા છે અને તેમને પોતાની તાબેદારીમાં લેવા કોશીશ કરી રહયા છે. ગરીબ બિચારા ભીલો! તેમને બિચારાઓને શું ખબર છે કે તેમના નામે જગતમાં શું શું થઇ રહ્યું છે! આવો ઉધ્ધાર જ્યાં થતો હોય ત્યાં ગરીબોનું શું

ભલું થાય! જ્ઞાન અને ભકતીની કોને પડી છે! અહીં તો પેટની પુજા કરવી છે! અને પોતાની મતલબ સાધવી છે!

હવે કહો સાહેબ! મુસલમાનો ઉપર ભીલો અને ઢેડાઓ પાસે કબીરો પુજાવવાના અને તેમને વટલાવવાના આરોપો મુકાય એમાં શું નવાઇ! આ છે આપણા હેતાળ ભાઇઓની હિકમત? ઢેડાઓ અને ભીલો ફકત જ્ઞાન શીખવા જાય એ પણ એમને ખુચે! ઉંચા હીંદુઓના ત્યાં આ લોકો છુટથી જઇ શકે નહી તેમ વર્ણા-શ્રમને લીધે બીજો કોઇ જાતનો વહેવાર તેમની સાથે તેઓ રાખી શકે નહીં. હવે રહયા આર્યસમાજીઓ! તો તેઓ તો ઢેડાઓની કન્યાઓ બીજે પહોંચાડનારા! અને ભીલોને ગુલામીમાં નાખી પોતાની મતલબ સાધનારા માલમ પડયા છે! હવે આ લોકોએ જવું કયાં? શું એમજ ખાડામાં મરી રહેવું!

કેટલાક આર્યસમાજી ખ્યાલના લોકો હીંદુભાઇઓને એવું સમજાવે છે કે મુસલમાનો ગૌભક્ષક છે. માટે તેમનાથી મળવું નહીં પણ આમાં પણ તેઓ વધુ પડતુંજ બોલે છે. યુરોપીયનો, જાપાનીઓ, વિગેરે લોકો ગૌભક્ષક છે છતાં તેમની સાથે હીંદુઓ મળે છે અને તેમની નોકરીમાં જોડાઇ તેમના હુકમ પ્રમાણે તાબેદારી પણ બજાવે છે એ કોણ નથી જાણતું? મુસલમાનો તો ગૌભક્ષક કહી શકાયજ નહીં એવું આપણે દાખલા દલીલોથી આગળ જણાવી ગયા છીએ. તેમને નાહક બદનામ કરવાની કેટલાક તરફથી આવી હિકમતો થાય છે. પણ આ બધું વાંચ્યા પછી કોઇ પણ સનાતની હીંદુભાઇના મનમાં આ વિશેનો કદી ખ્યાલ પેદા થવાનો નથી કે મુસલમાનો ગાયના દુશમન છે. મુસલમાનો તો -"ઘેર ઘેર ગાય" રાખવાના હિમાયતી છે.

કેટલાક ઉંચા હીંદુ ભગતો વળી બીજા કોળીઓને પોતાના ચેલા બનાવવાના હેતુથી બીજ, અગીયારસ કે પુનમના નામે પોતાના ત્યાં ભજન કરવા આવવા જોરથી દબાણ કરે છે અને ગરીબ માણસો વખત અને પૈસાની તંગીને લીધે નથી જઇ શકતા તેઓ તેમને ભારે ઠપકા આપે છે અને કહે છે કે તમે અમારા ત્યાં ભજન કરવા નથી આવતા તો માલીકના ચોર થાઓ છો વિગેરે ઠપકા આપવા તૈયાર થાય છે પણ તેઓ એ સમજતા નથી કે ગરીબ માણસને આવા ભગતોને ત્યાં જવાનો વખત કયાં હોય છે. તેઓ પારકાની મજુરી કરે છે ત્યારે તેમને બે પૈસા મળે છે અને તેમનું ગુજરાન ચાલે છે. એક તો પારકાની મજુરીમાંથી વખત ન મળે અને જવા આવવા પઇસા જોઇએ. વળી તે ઉપરાંત ત્યાં ભેટ ધરવા તથા આરતીમાં નાખવા પણ જોઇએ.

આવા સંજોગોમાં ગરીબ લોકો પોતાનું ગામ મુકી છેટે હમેશાં કેવી રીતે જઇશકે તે તેઓ સમજતા નથી. જો તેમને દરપુનમે બોલાવવાજ હોય તો તેમના જવા આવવાના ખરચનો બંદોબસ્ત કરવો જોઇએ અથવા પોતે દર મહીને વખત મેળવી અને પૈસા ખરચી તેમના ત્યાં ભજન કરવા જવું જોઇએ કે ગરીબ લોકોને સહેલું પડે અને પોતાને તેની કદર થાય. પણ પોતે તો મોટા થવું છે! વળી ભજન કાંઇ પેલા હીંદુ ભગતોના ત્યાં જવાથીજ થાય છે એવું કાંઇ નથી. તે તો ગમે ત્યાં થઇ શકે છે. પોતાના ગામમાં પણ ભજન કરવાનું તેટલુંજ પુન્ય મળે છે. તેથી ત્યાં નહીં જવામાં ઠપકો શાનો? વળી આવા બીજાઓને બોલાવનારા હીંદુભગતો પોતે બીજે ઠેકાણે ભજનમાં જવા કેટલો વખત કહાડે છે અને જો તેઓ બીજાઓની નોકરીમાં હોય છે તો કેટલી

વખત રજા મેળવી શકે છે તેનો પોતે વિચાર કરતા નથી અને ખાલી બીજાઓને બોલવા ઉભા થાય છે. ભજનમાં આવવા ગરીબો ઉપર આવા દબાણુ કરવાની જરૂરજ શું છે? નકામા ગરીબ લોકોને ખરચમાં ઉતારી પોતાના સ્વાર્થ માટે હેરાન શા માટે કરવા?

કેટલાક ઉંચા હીંદુ ભમતો ગરીબ હીંદુઓને પોતાના ચેલા બનાવવા અને તેમને પોતાની તરફ ખેંચવા ખાત્તર કહે છે કે તમારો જન્મ કયાં છે, તમારો વહેવાર કયાં છે, તમારી બોલી કઇ છે, તમારો પહેરવેસ કયો છે, જીવતાં અને મરણુ વખતના રિવાજ શુ છે તે જુઓ અને વિચાર કરો, વિગેરે તેઓ કહે છે; પણુ તેઓ એ વિચાર કરતા નથી કે જન્મવાનો રસ્તો તો બધાનો સરખો છે. વળી મોલેસલામ જે ચારસો વરસથી મુસલમાન છે તેમને હાલમાં હીંદુ બનાવવાની જોરથી હિમાયત થાય છે તો તેઓ મુસલમાન મટી હીંદુ થશે તો જન્મનો સવાલ કયાં જશે? વળી વહેવાર જોવાનું કહો છો તો આ મુસલમાનોમાંથી હીંદુ થનારાઓના વહેવારના સવાલનું શું થશે? બોલી અને પહેરવેશ એતો ઉપરની ચીજ છે. ઉત્તર હીંદુસ્તાનમાં હીંદુ અને મુસલમાનો બંને પાયજામા અને અંગરખા કે કોટ પહેરે છે અને બંને બોલી પણુ એક સરખી એટલે હીંદુસ્તાની બોલે છે. વળી અહીં ઘણે ઠેકાણે મુસલમાનો ધોતીયા વિગેરે હીંદુ પહેરવેશ પહેરે છે અને ગુજરાતી બોલી બોલે છે. માટે અહીં હીંદુપણાનો સવાલ ઉભો થઇ શકતો નથી. હાલ વળી હીંદુઓ અંગ્રેજી બોલી બોલવા અને કોટ પાટલુન પહેરવા લાગ્યા છે, એટલે બોલી અને પહેરવેશનો સવાલ આવી શકતો નથી. જીવતા અને મરણુ વખતના રીવાજ વિશે

૬

કહીશું કે હાલ હીંદુઓ અંગ્રેજી ભણીને કયા રિવાજ ઉપર ચાલવા લાગી ગયા છે તે આપણે આગળ બતાવી ગયા છીએ એટલે એનો પણ સવાલ રહેતો નથી. મરણ વખતનો રિવાજ મુસલમાનોમાં દાટવાનો અને કેટલાક હીંદુઓમાં બાળવાનો તથા કેટલાકમાં દાટવાનો છે. ગરીબ હીંદુઓ જેમને લાકડાં જેટલા પઇસા મળી શકતા નથી તે તમામ દાટે છે અને હવે તેમનામાં એજ રિવાજ છે. વળી જે મોટા મહાત્મા સન્યાસી વિગેરે હોય છે તેમને પણ હીંદુઓ ગાડે છે. આથી સાફ દેખાય છે કે હીંદુઓમાં બાળવાનો પણ રિવાજ છે અને દાટવાનો પણ રિવાજ છે. એમનામાં દાટવાનો રિવાજ નથી એવું તો નથીજ. વળી જ્યારે હીંદુઓ આગબોટમાં મરી જાય છે તો તેમને મુસલમાનો અને ક્રિશ્ચીયનોની માફક દરિયામાં પાણીને સોંપી દેવામાં આવે છે તે ઉપરાંત હીંદુઓ અજાણ્યા દેશમાં વેપાર રોજગાર કે નોકરીએ ગયા હોય છે અને ત્યાં મરી જાય છે તો ત્યાં કોઇ બીજા હીંદુઓ હોતા નથી તો જે માણસો હાજર હોય છે તે તેમને ત્યાં ગાડી દે છે. એટલે જન્મ, વહેવાર, બોલી, પહેરવેશ, જીવતા અને મરણ વખતના રિવાજ. એ બાબતોનો સવાલ ટકી શકતો નથી. એ તો ખાલી ઉપરની વાતો છે.

કેટલાક હીંદુ ભગતો ગરીબ હીંદુઓને ઠપકાના રૂપમાં કહેવા તૈયાર થાય છે કે આપણુંજ ખરૂં છે અને આપણામાં સહુ કાંઇ છે માટે તમારે બીજાઓ પાસે જવાની જરૂર નથી. આનો ખુલાસો પણ ગરીબ હીંદુભાઇઓ સમજી ગયા છે, એટલે તેઓ એ ભગતોના હાથ ચડતા નથી. જ્યારે તેઓ તેમનું સાંભળતા નથી ત્યારે પાછા તેમને સમજાવવા તેઓ યુકતી કરે છે કે ગમે તે વાતે તેઓ હાથ

પર ચડે અને પોતાની કંઠી બંધાવે. જ્યારે કાંઇ ચાલતું નથી ત્યારે તેમને સમજાવે છે કે તમે તમારી પોતાનીજ વાતને પકડી રહો છો પણ અમારૂંજ ખરૂં છે અને બીજાઓનું ખોટું છે એ માનવું એ ભગતની અને જગતની રીત નથી. જ્ઞાનની વાત તો બધાથી કરવીજ જોઇએ ! વિગેરે તેઓ કહે છે. એક વખત તેઓ કહે છે કે આપણુંજ ખરૂં છે માટે તમારે બીજાઓ પાસે જવાની જરૂર નથી, અને જ્યારે કાંઇ નથી ચાલતું ત્યારે એમ પણ કહેવા તૈયાર થાય છે કે જ્ઞાનની વાત તો બધાથી કરવી જોઇએ ! અમારૂં ખરૂં છે અને બીજાઓનું ખોટું છે એ માનવું એ ભગતની અને જગતની રીત નથી ! જો આ તમારૂં કહેવું ખરૂંજ છે તો પછી તમે ભગત થઇને અને જગતમાં રહીને બીજાઓનું ખોટું બતાવવા તૈયાર થાઓ છો એ કયા પ્રકારની રીત !

જ્ઞાન અને ભકતીના રસ્તામાં માણસમાં જ્યારે પ્રેમ પેદા થાય છે ત્યારે સઘળા રોમાંચ ઉભા થઇ જાય છે અને ખુમારી ચડી આવે છે. આ વાત હીંદુ મહાત્માઓ પણ કહી ગયા છે. તો પણ હાલમાં કેટલાક હીંદુ ભકતોમાં સંસારી માયાના આવરણ અને વિકારને લીધે તેવી પ્રેમ ખુમારી પેદા થતી નથી એટલે તેઓ જેનામાં તેવી ખુમારીની લાગણી પેદા થાય છે તેનું ભુરૂં બોલવા લાગે છે અને કટાક્ષ રૂપે તેને ધુણનારાની ઉપમા આપે છે. પણ ખરૂં પુછો તો તેઓ જ્ઞાન અને પ્રેમભકતીની વાત જાણતાજ નથી. જો તેઓ એના ભેદથી વાકેફ હોય તો કદી આવું બોલે નહીં. પણ તેમને તો ઠેકડી કરી સારા માર્ગે ચડેલાઓની નીંદા કરવી છે અને ઉપરથી જ્ઞાની પણ કહેવરાવવું છે ! જ્યાં આવી વૃત્તિ અને આવો વિકાર

હોય ત્યાં ભક્તી અને જ્ઞાન હોયજ શી રીતે? પોતે તે વાત પેદા કરી શકે નહીં' એટલે તેમને એવું બોલવાની જરૂર પડે. એમાં બીજું કાંઇ નથી.

હીંદુભાઇઓમાં તો તેમની કોઇ દેવી પણ માણસના શરીરમાં આવી તેને ડોલાવે છે અને સુચનાઓ આપે છે એવી માન્યતા છે. અસહકારના જમાનામાં સોનગઢ તરફ આવી દેવીઓ પ્રકટ થઇ હતી અને લોકોને હીંસા નહીં કરવાની અને ચોખ્ખાઇથી રહેવાની ભલામણ કરતી હતી જેની ઘણી હકીકત હીંદુભાઇઓ તરફથી તે વખતે છાપાઓમાં છપાએલી છે અને આ વાત બધા જાણે છે. આને પણ ધુણવાનું નકામું ચેટક સમજવામાં આવે તો ભાઇઓને કોઇ રોકી શકે એમ નથી. આવી વાતો હીંદુ ભાંઇઓમાં ઘણી થાય છે અને એને એક સારી વસ્તુ સમજવામાં આવે છે પણ જે ધુનના ધુણવાના ચેટક હોય છે તેના ઇલાજ તો હીંદુ ભાઇઓ ઘણે ભાગે મુસલમાન મહાત્માઓ અને પીરોના ત્યાંજ જઇને કરાવે છે, જેના જીવતા જાગતા દાખલા ઘણે ઠેકાણે મોજુદ છે. જો કોઇ હીંદુ ભાઇના ત્યાં આવો ઇલાજ થતો પણ હશે તો તેમને તે ઇલાજ કોઇ પીર તરફથી મળ્યો હશે. ભાવદાસ પંથ અને નીરાંત પંથના તો ગુરૂજ પીર અમન સાહેબ હતા એટલે કદાચ તે ઇલાજ તેમને પીરે આપ્યો હોય તો નવાઇ જેવું નથી.

કેટલાક ભગતો તો ભીલ કોળીઓને પોતાની તરફ ખેંચવા ઉપદેશ આપે છે કે હાલ આપણા કેટલાક જ્ઞાની હીંદુઓ મોલેસલામ જે હીંદુઓમાંથી વટલીને આસ્સો વરસથી મુસલમાન થઇ ગયા છે તેમને પાછા હીંદુઓમાં લેવાની કોશીશ કરી રહ્યા છે તો તમારે એ

બાબત ખાસ ધ્યાનમાં ઉતારવી જોઇએ વિગેરે તેઓ કહે છે. હવે ચારસો વરસથી મોલે-સલામ લોકો મુસલમાન છે તેમને પાછા હીંદુઓમાં લેતાં અને તેમની સાથે વહેવાર ચાલુ કરતાં બાધ નથી આવતો તો પછી હીંદુઓએ પોતાનાજ વાડામાં રહી મુસલમાનો પાસેથી ફક્ત જ્ઞાનનું શિક્ષણ લેવામાં શું બાધ આવે છે? વળી એ ચારસો વરસથી મુસલમાન ગણાતા આવેલા મોલેસલામ લોકોને હીંદુ-ભાઇઓમાં પાછા ભેળવી લેવાથી નાત, જાત, આચાર વિચાર, અને ખાન પાનનો કયો નિયમ લાગુ પડશે તે પણ વિચારવા જેવું છે.

કેટલાક હીંદુઓ માંસ ખાવાને વેદ પ્રમાણેની વાત બતાવે છે અને ખાય છે અને કેટલાક તેને વેદ વિરૂધ્ધની બતાવે છે. વળી કેટલાક વિધવાઓના પુનર્લગ્નને વેદના નિયમની-પુન્યની વાત બતાવે છે અને કેટલાક તેને વેદ વિરૂધ્ધની એટલે પાપની વાત બતાવે છે. આમાં બે માંથી એક વર્ગ તો દેખીતી રીતે ધર્મ વિરૂધ્ધની વાત ઉપર હોય છેજ તો પણ તેને હીંદુ ગણવામાં આવે છે. વળી કેટલાક દારૂને સોમરસના ઠેકાણે ગણી તે પીવાનું ધર્મ પ્રમાણેનું બતાવે છે અને કેટલાક તેને ખોટું બતાવે છે. વળી ઘણા હીંદુઓ ધર્મ વિરૂધ્ધની એટલે પાપની વાતો ઉઘાડે છોગે કરી રહ્યા છે તો પણ તેઓ હીંદુઓજ ગણાય છે. આમ ઉઘાડી રીતે ધર્મ વિરૂધ્ધ ચાલવાથી પણ તેઓ કાંઇ હીંદુ તો મટી જતા નથી તો પછી ફક્ત મુસલમાનો પાસેથી જ્ઞાન લેવામાં હીંદુપણાને કયાં નુકશાન પહોંચવા જેવું થાય છે?

ધર્મનો અર્થ એજ છે કે પ્રેમ પૂર્વક ખરા અકીનથી નેકી અને નીતીના રસ્તે ચાલવું. કોઇ માણસ પોતાને હીંદુ ધર્મનો બતાવે

અને તે ખરા અંત્તઃકરણથી નેકી અને નીતીથી ન ચાલે તો તે હીંદુ ધર્મ પ્રમાણે ચાલે છે એમ કહી શકાય નહી. એટલે ખરો ધર્મ તો ખરી નેકી અને નીતીજ છે. હીંદુ એ તો હીંદુસ્તાનની એક કોમનું નામ છે અને સનાતન એટલે જુનુ. 'સનાતન હીંદુ ધર્મ' એટલે હીંદુ કોમનો જુનો ધર્મ. જો પોતાને હીંદુ ધર્મવાળા કહેવરાવનારા લોકો નેકી અને નીતીથી ન ચાલે તો તેઓ સનાતની હીંદુ ધર્મમાં પોતાને બતાવે તેથી કાંઇ તેઓ ખરા ધર્મ ઉપર છે એમ કહેવાય નહીં. આથી સાબીત થાય છે કે ખરો ધર્મ એતો શુધ્ધ અંતઃકરણની નેકી અને નીતી છે. જે લોકો ખરા રસ્તે ચડી શુધ્ધ આકીનવાળી નેકી અને નીતી ઉપર ચાલે છે તેઓ ખરા ધર્મ ઉપરજ ચાલનારા કહેવાય છે, પછી ભલે તેઓ પોતાના રસ્તાને ગમે તે નામ આપે અને ગમે તે ક્રીયાઓથી માલીકની બંદગી કરે. મુસલમાનો પણ જો ખરી નેકી અને નીતીથી ચાલનારા હોય તો તેઓ માલીકના ખરા રસ્તા ઉપરજ છે એમ મનાય. તેઓ ફક્ત મુસલમાન છે તેથી કાંઇ બાધ આવતો નથી. જો મુસલમાનોમાં ખરૂં જ્ઞાન ન આવી શકતું હોય તો તેમનામાં જે મોટા મોટા ઓલીયા થઇ ગયા છે તે શાના થાત? પીર અમન સાહેબને જ્ઞાન નહોતું તો નીરાંત પંથ અને ભાવદાસ પંથમાં તે કેવી રીતે આવ્યું? પંડીત રાજેન્દ્રનાથની "ભારતીય મત દર્પણ" નામની ચોપડીમાં લખ્યું છે કે નીરાંત ભગત તુલસી પત્ર હાથમા લઇને ડાકોર રણછોડજીને ચડાવવા જતા હતા. રસ્તામાં ફકીર સાહેબ (અમન સાહેબ) મળ્યા અને પુછ્યું કે આ લઇને કયાં જાય છે? તો નીરાંતે કહ્યું કે ભગવાનને ચડાવવા જાઉં છું. તો પોતે કહ્યું કે ભગવાન તેરે પાસ હે ઓર દુર કયું જાતા હે? આટલુ કહી તેમને

ચેતાવી ખરૂં જ્ઞાન પ્રાપ્ત કરાવી દીધું. જો પીર સાહેબમાં જ્ઞાન ન હોત તો નીરાંત મહારાજને તે શી રીતે મળત ?

કેટલાક હીંદુ ભગતો કહે છે કે પહેલાં હીંદુસ્તાનમાં બધાજ લોકો હીંદુ—આર્યો હતા અને પાછળથી તેમાંના કેટલાક મુસલેમાન થયા છે. એટલે હીંદુઓ પ્રથમ પંકતીએ આવે છે. જો પંકતીનોજ સવાલ હોય તો હીંદુઓની પહેલાં હીંદુસ્તાનમાં અનાર્યો હતા જે હાલ ભીલ કોળી અંત્યજ વિગેરે કહેવાય છે. તેમનુંજ અહીં બધે રાજ હતું પણ આર્યોએ અહીં આવી તેમનું રાજ પડાવી લીધું અને તેમને તારાજ કરી શુદ્ર બનાવી નાખ્યા અને પાછળથી તેમના માલીક બની તેમના ગુરૂ પણ થઇ ગયા ! આ વાત તો ઇતિહાસની છે જેને કોઇ પણ માણસ ખોટી કહી શકતો નથી. પંકતી અને ક્રમ પ્રમાણે તો ભીલ કોળી ચડતા અને આગળ ગણાવા જોઇએ પણ તેમને તો હીંદુઓમાં શુદ્ર—હલકાજ ગણવામાં આવે છે. એક પંકતીમાં જમવા પણ તે બિચારાઓને કોઇ બેસવા દેતું નથી.

કોઇ ઉંચા હીંદુના રસોડામાં કુતરૂં પેશી જાય તો વાંધો નહીં, તેની રસોઇને મ્હોંડુ લગાડી જાય તો હરકત નહીં, પણ જો કોઇ ભીલ કે કોળી તેવું કરે તો મોટો વાંધો ! એટલે ભીલ અને કોળીને હીંદુઓના રસોડામાં કુતરા જેટલો પણ અધિકાર નહીં ! જ્યાં પેસવાનોજ અધિકાર નહીં તો પંગતમાં બેસવાની કયાં વાત ! આ તેમનો દેહનો ધર્મ ! જ્યાં કોઇ ભીલ કે કોળીને પાસે બેસાડીને જમવાની વાત આવે કે ઝટ તેઓ સ્ત્રી અને બેહેનની કાયાનો સવાલ વચમાં લાવીને ઉભો કરવાના ! અને જાણે એમાંજ હીંદુ ધર્મના ટકાવનો આધાર હોય એમ બતાવવા મિથ્યા કોશીશ કરવાના ! જ્યાં

આવોજ ન્યાય હોય તો પછી ગરીબોની ગણત્રી તેમનામાં છેજ કયાં ? આ છે તેમની બીંતરની કસ્તુરી! લોકોને દુર્ગંધની ગોળી ફેંકી દેવાનો ઉપદેશ કરે અને પોતે તે ગોળાને તીજોરીમાં મુકતા જાય ! આનું નામ દયા અને આનું નામ ભકતી ! ઓરતને અને બહેનને એકજ પંગતમાં અડીને પાસે પાસે બેસાડવામાં કાંઇ વાંધો છે? જ્યારે નથી, તો પછી આવી બાબતમાં સ્ત્રી અને બહેનનો સવાલ શા માટે લાવવામાં આવે છે ? જો સ્ત્રી અને બહેનની કાયાનો સવાલ લાવવામાં આવે તો સમજવું જોઇએ કે સ્ત્રીને આપણે લગ્ન વિધીથી તેના શરીરના અધિકારી થઇને તેને લાવીએ છીએ, પણ બેનના શરીર ઉપર તેમજ બીજી પરસ્ત્રી ઉપર એવો અધિકાર આપણને હોતો નથી. બીજો પુરૂષ આપણી બહેન ઉપર પણ તેવો અધિકાર મેળવી તેને પોતાની સ્ત્રી બનાવી શકે છે. આપણી મા ઉપર પણ આપણા બાપને તેવોજ અધિકાર હોય છે. આ એક કાયદેસર અધિકાર મેળવવાનો એટલે ઉપરીપણાના હકનો સવાલ છે. આ અધિકાર અને ઉપરીપણાનો સવાલ બધેજ લાવી શકાતો નથી. લાવવામાં આવે તો એનો અર્થ તો એજ થાય કે ઉંચા લોકોને નીચા લોકો ઉપર ઉપરીપણાનો તેવો અધિકાર એટલે હક છે. આથી તો એજ વાત ઉઘાડી થાય છે કે નીચા લોકો ઉંચાઓના તાબેદાર અને દાસ છે. જો આવું હોય તો પછી ગરીબ લોકોને ઓરતની માફક તાબેદાર બનાવવા જેવોજ મામલો છે. આ ગરીબ લોકોને સ્ત્રીની માફક આપણા તાબેદાર ગણવાના નથી, પણ આપણી બેહેનની માફક આપણા જેવાજ એક સરખા ગણવાના છે. અને આનુંજ નામ સ્ત્રી અને બહેનનો વહેવાર-ભેદ સાચવ્યો ગણાય. જ્યાં બીજાઓને

વહેવારમાં પોતાથી ઉતરતા ગણવામાં આવે ત્યાં સ્ત્રી અને બહેનના ભેદની વાતો કરવામાં આવે તો તે માત્ર વાતોજ વાતો કહેવાય. જેમ સ્ત્રી ઉપર તમે ઉપરીપણાનો અધિકાર મેળવેલો છે તેવો આધકાર તમે ભીલ કોળીઓ ઉપર મેલવેલો નથી છતાં તમે તે વાપરવા માંગો છો, અને મતલબ વખતે દાખલા સ્ત્રી અને બહેનની કાથાના આપો છો ! આ પણ ઠીક તર્કશાસ્ત્ર છે ! ભીલ કોળીઓ વિગેરેને આચાર વીચાર સાચવવાનો બોધ અપાય છે પણ આપણે આગળ જણાવી ગયા તેમ બ્રાહ્મણ, વાણીઆ વિગેરે અંગ્રેજી ભણી આચાર વિચાર પાળતા નથી તેમને બોધ આપવા તો કોઇ જતું નથી ! ત્યાં જઇ તેમને એમ કહેવામાં આવે તો સારૂં કે તમારા પોતાના આચાર વિચારમાં રહેશો તો બુડી નહીં જાઓ ! આપણે પ્રથમ પગથીઆના માણસ છીએ માટે આપણે આપણા ઘરમાં રહેવુંજ યોગ્ય છે. વળી ઘણા હીંદુઓ વટલીને પાદરીઓના થાણાઓમાં જઇ વસ્યા છે એ કોણ નથી જાણતું ? તો અહીં બકરાના ટોળામાં વાઘનું બચ્ચું અજ્ઞાનથી પેશી ગયાની વાતો સંભળાવવા જેવી છે !

હાલ હીંદુ સમાજમાં આચાર વિચારના નિયમોનું ક્યાં ધોરણ રહ્યું છે ? બ્રાહ્મણ પુરૂષ વૈસ્ય કન્યા પરણે છે, વૈસ્ય પુરૂષ બ્રાહ્મણ કન્યા પરણે છે, વૈસ્ય પુરૂષ ક્ષત્રી કન્યા પરણે છે અને ક્ષત્રી પુરૂષ વૈસ્ય કન્યા પરણે છે. વળી હાલ તો ઉંચા હીંદુ શુદ્ર અને અંત્યંજ સ્ત્રીઓ સાથે લગન કરવા લાગ્યા છે, એટલુંજ નહી પણ કેટલાક હીંદુઓ તો યુરોપીયન અને પારસી સ્ત્રીઓ સાથે પણ પરણે છે. આ બધું હીંદુ સમાજમાંજ થાય છે જેના જીવતા જાગતા દાખલા ઘણાએ મોજુદ છે. વળી તેમનામાં લગન કરવાની રૂઢી પણ હવે તો જુદી

જુદી થઇ ગઇ છે આ બધું હીંદુભાઇઓમાં સ્વતંત્રતાના નામે થવા લાગ્યું છે. દુનિયાના વહેવારમાં સ્વતંત્રતા, અને ધર્મની બાબતમાં સ્વતંત્રતા નહીં ! મોટા હીંદુઓ સ્વતંત્રતાના નામે ગમે તે કરે તો હીંદુ ધર્મ આબાદ રહી શકે, અને બિચારા ગરીબ લોકો જો કોઇ મુસલમાન ધર્મગુરૂ પાસે જ્ઞાન શીખવા જાય તો હીંદુ ધર્મ નાશ થઇ જાય છે !

કયા રસ્તે માલીકને ખોળવો એ પોતપોતાની મરજીની વાત છે. એ એક પોતાનો ખાનગી અને અંતરનો સવાલ છે. અને મોલેસલામોને હીંદુ બનાવતી વખતે હીંદુઓ તરફથી એજ દલીલ કરવામાં આવે છે. ચડતા હીંદુઓ આ દલીલ કરી શકે અને બીજા બોલવા જાય તો આચાર વિચાર અને દેહધર્મનો સવાલ આવીને ઉભો થાય! ગમે તે કોમની સ્ત્રીઓ હવે હીંદુઓમાં આવવા લાગી છે અને તે લાવવાની સ્વતંત્રતા તેમને મળી ગઇ છે તો પછી માલીકને ખોળવાના રસ્તાની સ્વતંત્રતા કેમ ન મળી શકે? જ્ઞાન તો મનને કરવાનું છે શરીર સાથે શું લેવા દેવા છે? કોઇ પારકી ન્યાતની સ્ત્રી સાથે લગન કરવામાં આચાર વિચાર અને દેહનો સવાલ હીંદુ ધર્મ પ્રમાણે છે ખરો, પણ હાલ તો તે પણ ઉડી ગયો છે. તો પછી જ્ઞાન શીખવામાં જેમાં દેહનો સવાલજ નથી તેને માટે ચરચા શાની? અને કદાચ આચાર વિચાર કે દેહનો સવાલ પણ હોય તો ઉપલી વર્ણાંતર લગનવાળી બાબતો થાય છે તેનું શું? દુનિયામાં મતનો ગુરૂ મન થાય તોજ આમાં ન્યાય બરાબર થાય એ સુત્ર અહીં પણ લગાડવા જેવું છે. જેમ દુનિયામાં ગમે તે કોમના માણસને "મહેરબાન" કે "મુરબ્બી" કહેવાનો તેમજ તેનાથી સારો લાભ લેવાનો હીંદુભાઇઓને હક છે તેમ કોઇ પણ કોમના મહાત્મા પાસેથી જ્ઞાન મેળવવાનો પણ તેમને હક છે.

ઉંચા હીંદુઓ જેમની સંસ્કૃત ભાષા શીખવાની ફરજ છે તે નહીં શીખતાં વિધર્મીઓની અંગ્રેજી ભાષા શીખવા રાત દીવસ ફાંફાં મારી રહયા છે તેમને કેમ કહેવામાં આવતું નથી કે તમે આ શું કરો છો. તમારે તો તમારા ધર્મની સંસ્કૃત ભાષા શીખવી જોઇએ અને તમને તો વેદની ભાષાનું સ્વપ્નું પણ આવતું નથી. બ્રાહ્મણોજ સંસ્કૃત નહીં શીખતાં અંગ્રેજી તરફ દોડયા છે તો પછી બીજાઓનું શું ? ધર્મની પડી છેજ કોને ! અહીં તો ઉંચા થવું છે અને પૈસા લેવા છે !

કેટલાક વળી એમ કહે છે કે જે ઉંચા હીંદુઓએ ઢેડ અને ચમારને ગુરૂ કર્યા હતા તો તે ઢેડ અને ચમાર હીંદુ હતા, કાંઇ વિધર્મી હતા નહીં. એટલે હીંદુ હીંદુથીજ જ્ઞાન મેળવી શકે. પણ હીંદુઓએ મુસલમાનો પાસેથી જ્ઞાન મેળવ્યું છે એમ આપણે આગળ સાબિત કરી ગયા છીએ. વળી આ જમાનામાં તો હીંદુઓ યુરોપીયનો, અમેરીકનો, જાપાનીઓ વિગેરે જેવા વિધર્મીઓથી ઉઘાડી રીતે જ્ઞાનની તાલીમ લઇ રહયા છે એ કોણ નથી જાણતું ? ઢેડ અને ચમારને ગુરૂ બનાવી ઉંચા હીંદુભાઇઓ તેમની પાસેથી જ્ઞાન મેળવી શકે તો મુસલમાનો (હીંદુ નહીં હોવાથી) શું ઢેડ ચમારથી પણ નીચા છે ? જ્ઞાન મેળવવામાં નીચ ઉંચનો સવાલ ઢેડ ચમાર સાથે રહેતો નથી તો પછી મુસલમાનો સાથે શી રીતે રહી શકે ? ઉંચા હીંદુઓ ઢેડ ચમારને તો વહેવારમાં અડકતા નથી પણ મુસલમાનોને તો વગર સંકોચે અડકે છે. વળી તેઓ કોઇ ઢેડ કે ચમારને કદી અડકી જાય છે તો શુધ્ધ થવા તેઓ મુસલમાનોને અડકે છે એવી તેમનામાં રૂઢી છે. તેમના આ રિવાજથી સાફ જણાય છે કે

તેઓ મુસલમાનોને ઢેડ ચમાર કરતાં વહેવારમાં ચડતાજ સમજે છે અને ગંગાના પાણી જેવા શુધ્ધ માને છે. જ્યારે મુસલમાનોને હીંદુભાઈઓજ વહેવારમાં ઢેડ ચમારથી ચડતા અને શુધ્ધ સમજે છે તો પછી તેમની પાસેથી જ્ઞાન મેળવવામાં તેમને વાંધો નડેજ શી રીતે? માલીકનું જ્ઞાન એકજ છે અને તે ગમે તે માણુસ પાસેથી લઈ શકાય છે. જેના દાખલા આપણે આગળ ખુલાસેવાર આપી ગયા છીએ.

મી૦ બીપીનચંદ્ર પાલ નામના પ્રખ્યાત બંગાલી હીંદુ ગૃહસ્થ કલકતાના "ઇંગ્લીશ મેન" નામના એક છાપામાં લાંબો લેખ લખતાં લખે છે કે અમારા પુરાતન પુસ્તકોમાં "સનાતન ધર્મ"નું વર્ણન છે જેનો અર્થ અભંગ કાયદો અથવા ધર્મ થાય છે. વિશ્વ ધર્મનું પણ વર્ણન છે અને તેનો અર્થ જગતનો કાયદો એવો થાય છે. મોક્ષ ધર્મની પણ વાત છે જે મુકતીના કાયદા તરીકે ઓળખાય છે. આ સર્વ મહાભારત સિધ્ધાંતો છે અને ખાસ કરીને મોક્ષ ધર્મ પણ તેવોજ સિધ્ધાંત છે, કારણકે મોક્ષ અથવા મુકતી કાંઇ એવી વસ્તું નથી જે કોશીશ કરવાથી માણુસ મેળવી ન શકે. મનુષ્યને અનંત મુકતી મળી શકે છે. તેની અધોગતિનું કારણ અજ્ઞાનતા છે. આ અજ્ઞાનના દુર થાય કે આત્માની અનંત મુકતી અને સ્વતંત્રતા જાહેર થઇ જાય છે. હીંદુ ધર્મની દ્રષ્ટી પ્રમાણે દરેક જણ અનંત મુકતી પ્રાપ્ત કરી શકે છે. મુકતીનો આધાર કાંઇ અમુક ધર્મ પંથના સ્વિકાર ઉપર કે અમુક પ્રગતીના દાસપણા ઉપર રહેલો નથી. દરેક વસ્તુ જેનાથી અજ્ઞાનતા દુર થાય તે મુકતીની હકીકત પ્રકટ કરે છે. આવું છે તેથીજ હીંદુ ધર્મમાં કોઇપણ બીજા ધર્મની માન્યતા

કે ઉન્નતી વિરૂધ્ધ કદી લડાઈ થઇ નથી" વિગેરે મી. બીપીનચંદ્ર પાલે લખેલું છે. આથી સાફ જણાય છે કે હીંદુ ધર્મ પ્રમાણે મુક્તી કોઇ પણ જાતનો માણસ મેળવી શકે છે. અને તે મેળવવા માટે જ્ઞાનનીજ જરૂર છે. પછી તે ગમે તેવી રીતે અને ગમે ત્યાંથી મળે. આવું હોવાથીજ કેટલાક હીંદુ ભક્તોએ મુસલમાન મહાત્માઓ પાસેથી માલીકનું જ્ઞાન મેળવી અજ્ઞાનતા દુર કરેલી છે અને મુક્તી મેળવી આત્માનું કલ્યાણ કર્યું છે. હાલના ઇરાની સાધુ મહેરબાબા જેમની હકીકત જાહેર છાપાઓમાં આવ્યા કરે છે તેમને પણ ઉપાસની મહારાજ મારફત સાંઇબાવા નામના એક મુસલમાન મહાત્મા તરફનું જ્ઞાન મળેલું છે. મહેરબાબાની હકીકત જાણનારા ભાઇઓએ પણ સમજવાનું છે કે આ સઉ એક મુસલમાન મહાત્માના પ્રતાપનું ફળ છે. વળી મરહુંમ પીર નુરી શાહના પણ ઘણા પારસીઓ તથા હીંદુઓ ચેલા થએલા માલમ પડે છે. વાંદરાવાળા પીર મૌલાનાને તથા ઉંઝાવાળા મીરાં દાતાર સાહેબને તેમજ પીર કાયમદીન બાવા સાહેબને પણ ઘણા હીંદુઓ તથા પારસીઓ માને છે.

પંથના મુખ્ય માણસોએ ધ્યાન આપવાની જરૂર.

પીર કાયમદીન બાવા સાહેબ, તથા કબીર સાહેબ મુસલમાન હતા તો પણ તેમના ચેલા ઘણા હીંદુ ભાઇઓ થએલા છે. વળી હાલ તો હીંદુ અને પારસી ભાઇઓ ફ્રીમેસન અને થીઓસોફીના મંડળોમાં દાખલ થઇ યુરોપીયનોના ચેલા થએલા પણ ઘણા છે. બહાઇઝમ પંથનો ઇતિહાસ પણ એવોજ છે. આ વાતો તો ચાલું જમાનાની છે. જે લોકો એમ કહે છે કે કોઇ હીંદુઓ વિધર્મીઓના

ચેલા થયા નથી તે આ ચોપડી પુરી વાંચ્યા પછી તો કદી એમ કહી શકવાનાજ નથી. અને જો કદાચ તેઓ જીદથી પોતાની વાતને પકડીજ રાખે અને અહીં પણ તેઓ દાઢી અને ચોટલીનો સવાલ લાવી ઉભો કરે તો તેમની મરજીની વાત છે.

* હવે કોઇ વગર સમજે એમ કહેવા ઉભા થાય કે નીરાંત પંથ, ભાવદાસ પંથ, અને કબીરપંથ તો મુસલમાન ધર્મગુરૂઓએ કાયમ કરેલા છે, તો તેવું નથી. પંથો તો હીંદુ મહાત્માઓએ કાયમ કર્યા છે. ઉપદેશ બેશક મુસલમાન ઓલીયાઓએ તેમને સમજાવ્યો છે અને તેમને માલીકના જ્ઞાનની વાતો બતાવી છે. એ વાતોથી તેમને ઇશ્વરનું જ્ઞાન થયું અને તેમણે બીજા હીંદુભાઇઓને પણ પોતાની સાથે લઇ તેમને લાભ આપ્યો. જેમ દુધ ઘી મુસલમાનો પાસેથી લેવાય છે તેજ પ્રમાણે માલીકનું જ્ઞાન લીધું અને તેનો તેમણે ફેલાવો કરી ગરીબ ભાઇઓને તેનો ફાયદો પહોંચાડયો. આમાં આચાર વિચાર તથા વહેવારમાં કાંઇ બાધ આવી શકતો નથી. કારણકે એમાં પોતાનો વહેવાર તોડી નાખી ભ્રષ્ટ થવાની કોઇ પણ વાત આવતી નથી. પણ પોતાના વાડામાં રહી આત્મજ્ઞાનમાં આગળ વધવાની વાત બતાવી છે. કોઇ કહેશે કે મુસલમાન તરફથી મળેલા જ્ઞાનની હીંદુઓને શું જરૂર છે.? તો આપણે કહીશું કે જ્ઞાનમાં હીંદુ મુસલમાનનો સવાલજ નથી. એ તો ખુદાની વસ્તુ છે માટે ગમે તેની પાસેથી લઇ શકાય છે એવુ વિગતવાર આપણે આગળ સાબીત કરી ગયા છીએ. એમાં શંકાને સ્થાનજ નથી. કોઇપણ કામના મુડીવાળા પાસેથી જરૂર પડે પૈસા લઇ શકાય છે. સાહુકાર ગમે તે કોમનો હોય એનો સવાલ નથી. જે સાહુકાર આપણને નાણા ધીરી આપણું

કામ કહાડે અને આપણને કાંઇ વાતની તકલીફ ન આપે તેજ આપણો ખરો હિતસ્વી ગણાય. મુસલમાન ધર્મગુરૂઓ આપણને જ્ઞાન શીખવે અને આપણી પાસે કોઇ પણ જાતનો અવેજ કોઇ પણ દીવસે ન માગે તો પછી એમાં શીખનારને નુકશાન શું ? કોઇ કહેશે કે શું હીંદુ ધર્મગુરૂઓ દુનિયામાં નથી કે મુસલમાન ધર્મ-ગુરૂઓ પાસે જવું પડે ? તો તેના જવાબમાં એમ કહી શકાય કે એ પોતપોતાના સબંધ અને સંજોગની વાત છે. મુસલમાન સાહુકાર પાસેથી નાણા કહાડવાં કે હીંદુ સાહુકાર પાસેથી કહાડવાં એ વાત પોતાના સબંધ અને સંજોગ ઉપર આધાર રાખનારી છે. જેને જ્યાં ગમે અને ફાવે ત્યાં ખરૂં. આને માટે ખેંચતાણની જરૂર નથી. જેને હીંદુ સાહુકારો પાસેથી નાણું લેવું હોય તે હીંદુ પાસેથી લે અને મુસલમાન સાહુકારો પાસેથી લેવું હોય તે મુસલમાન પાસેથી લે. એમાં બીજાઓએ માથું મારવાનુ કારણ નથી. જેને જે સાહુકાર પસંદ હોય ત્યાં જાય. આ સ્વતંત્રતાનો સવાલ છે. પારસી ભાઇઓને પણ આજ નિયમ લાગુ પડે છે. તેમનામાંના કેટલાક નવા સુધારકો જુનાઓને બોલવા તૈયાર થઇ જાય છે પણ પોતે પોતાના અસલ ધર્મ પ્રમાણે નહીં ચાલતાં હાલના અંગ્રેજી સુધારા તરફ ખેંચાય છે અને બીજાઓને કહેવા તૈયાર થાય છે, પણ તેમણે પણ વિચારીને કામ લેવાનું છે.

હીંદુ વૈદોના દેશી ઔષધાલયો મુકીને લોકો અંગ્રેજી ડાક્ટરોના વિલાયતી દવાખાનામાં દોડીને જાય છે તો તેમને કોણ કહેવા જાય છે ! બલકે હાલ તો અંગ્રેજ પાદરીઓના દવાખાનાઓમાં જવા રાત દિવસ મોટા મોટા હીંદુઓ દોડાદોડી કરી રહ્યા છે. અંગ્રેજી દવામાં

નહીં ખવાએ અને નહીં પીવાએ તેવી વસ્તુઓ આવે, હલકી કોમના માણુસના હાથનું ભરેલું પાણી વિધર્મીઓના હાથે દવામાં ત્યાં નંખાય, ત્યાં આભડછેટનો નિયમ કોરે મુકાય, મ્હોડે માગ્યા પૈસા આપી તેવી દવાઓ લેવાય, અને તે દવાઓના લાખો રૂપીઆ દર વરસે પરદેશ ખાતે જાય, સોડા અને બરફના કારખાનામાં નીચ જાતીના માણુસો કામ કરે તેમના હાથની ભરેલી બાટલીઓ અને બનાવેલું બરફ પીવાય તો એને માટે એક અક્ષર ન બોલાય અને કદાચ કોઇ મુસલમાન ધર્મગુરૂ પાસે કોઇ ભાઇ જાય તો નાતો થાય ! આ તર્કશાસ્ત્ર પણ ખરૂં !

નીરાંતપંથ, ભાનદાસપંથ, અને કબીર પંથે કોઇપણ જાતનો ભેદભાવ રાખ્યા વગર ગરીબ માણુસોને આશ્રય આપ્યો છે અને તેમને સારી પંકતી ઉપર મુકયા છે. એ પંથોએ ગરીબોની ખરી દાઝ જાણી છે અને સારા માર્ગે ચડાવી તેમનું ભલું કર્યું છે. નીરાંત મહારાજ અને હરીગુરૂએ ભકતી કરી લોકોનું ઘણું કલ્યાણ કર્યું છે. આ પંથના કેટલાક મહાનતો હજુ પણ ઘણું સારૂં કામ કરે છે. ગરીબ લોકોને સારે રસ્તે ચડાવી તેમનું ભલું કરવું એ ચડતા પ્રકારની નેકી છે અને એવું કામ હાલ એ પંથોમાં થઇ રહ્યું છે. એ પંથના મુખ્ય પુરૂષોએ મુસલમાન મહાત્માઓ સાથે સબંધ બાંધ્યો પણ તેમનામાં જે જ્ઞાન આવ્યું તે તો માલીકનું હતું. અને તેનાથી હાલ પણ ગરીબોનું ભલું થઇ રહ્યું છે એ કોણ નથી જાણતું ? તેમનામાં કોઇ કોઇ ભગતો કદાચ બુરા મનના જણાતા હશે એ વાત ખરી છે. પણ એ કાંઇ એ પંથોનો દોષ નથી. તેમનો હેતુ તો ચઢીઆતોજ છે.

ઉંચી વરણના ધર્મ ગુરૂઓ અને ભગતો અને તેમના મુખ્ય શિષ્યો તો મોટાઇ અને આડંબરમાંજ તણાઇ રહયા છે અને તેથીજ તેમની બુરાઇઓ અવાર નવાર આપણા કાને આવે છે. પણ આ પંથોના કેટલાક ગરીબ મહાનતો વગર આડંબરે એવું સારૂં કામ કરે છે કે જેનું વર્ણન થઇ શકે નહીં. એમનામાં પણ કોઇ કોઇ આડંબરી લોકો હશે પણ પ્રમાણમાં તેવાઓની સંખ્યા ઘણી થોડી હશે. આવા આડંબરી લોકો ઘણે ભાગે ઉંચ વરણમાંના હોય છે. અને જ્યારથી એ પંથોમાં ઉંચ વરણના પેઠા છે ત્યારથી આવો ભેદા ભેદ શરૂ થયો હોય એમ જણાય છે. આ લોકોએજ ઉંચ નીચ અને "મારા તારા"નો ભેદ ઉભો કરી પોત પોતામાં કલેશ પેદા કરાવ્યો છે. નીરાંત મહારાજ અને હરીગુરૂ મહારાજ આવો ભેદ નહીં ગણવાનું કહી ગયા છે જ્યારે આ લોકો અંદર ઘુસીને એ મુળ પુરૂષોના આશયનોજ ભંગ કરી રહયા છે. કેટલાક ઉંચી વરણના લોકો જેમને પોતાની વરણમાં સ્થાન હોતું નથી તેઓ આ પંથોમાં ભળી જાય છે અને અહીં આવી મોટાઇ ધારણ કરે છે અને પછી પોતેજ ગુરૂ બની જવાની ઇચ્છા રાખે છે. આવા માણસો પંથને નુકસાન રૂપ હોય છે માટે એ પંથોની મુખ્ય ગાદીવાળા ધર્મગુરૂઓએ એમની ઉપર ચોકસ નજર રાખવી જોઇએ કે તેઓ નકામો ફિસાદ ઉભો કરી પંથને બદલામ ન કરે. જે જે સખસો વગર અધિકારે લોકોને એ પંથના નામે કંઠીઓ બાંધી પોતાના ચેલા બનાવે છે તેથી કંઠી બાંધનારની લાલચ અને સ્વાર્થબુધ્ધીને લીધે તે પંથમાં ખોટા પણ પેશી જાય છે અને પછી કંઠી બાધનારની આગેવાની નીચે એવાઓની એક ટોળી બંધાઇ જાય છે. તે ટોળી પંથનુ તો કાંઇ કામ કરતી નથી પણ પોતાના

૭

[illegible]

લડાવી મારી આખા દેશને અને ખાસ કરી સનાતની હીંદુ ભાઈઓને

[illegible] આર્ય સમાજીઓ એમ તો સનાતની હીંદુઓની જોઇએ તેટલી બદગોઇ કરે છે પણ જ્યારે તેમનું કામ હોય છે ત્યારે તેમને પોતાના જાતી ભાઇ બતાવી તેમને હાથ પર લેવાની કોશીશ કરે છે. અને હીંદુ ધર્મના નામે કોઇ વાત ઉભી કરી તેમને મુસલમાનો વિરૂધ્ધ ઉશ્કેરે છે અને બન્નેને લડાવે છે. પાછળ આર્ય સમાજીઓ કરે છે અને બદલામાં સનાતની ભાઇઓ થાય છે. કારણ કે સનાતની ભાઇઓ જ્યારે તેમની સાથે થઇ જાય છે ત્યારે મુસલમાનો એમ સમજે છે કે તમામ સનાતની હીંદુઓ આવું કરે છે. પણ ખરી રીતે જોતાં તેમાં હાથ આર્ય સમાજીઓનોજ હોય છે. આર્ય સમાજીઓ અને સનાતનીઓ એકજ લિબાસ પહેરે છે એટલે મુસલમાનો આર્ય કોણ અને સનાતની કોણ તે પારખી શકતા નથી. આર્ય સમાજીઓ સનાતની હીંદુ ભાઇઓને પોતાની સાથે લઇ ધંધલ ઉભું કરી આગ સળગાવે છે અને વખત આવે છે ત્યારે આઘા ખસી જાય છે અને સનાતની ભાઇઓને હેરાનગતીમાં નાખે છે. આ પ્રમાણે [illegible] આર્ય સમાજીઓને લીધે [illegible] સનાતની હીંદુ ધર્મીઓને [illegible] કરોડ મુસલમાનોની નારાજી વહોરી લેવાનો પ્રસંગ આવે છે. સનાતની હીંદુ ભાઇઓએ આર્ય સમાજીઓની વાતો ઉપર અને તેમની નાતજાત ઉપર ભરોસો રાખવા જેવું નથી. કેટલાક બ્રાહ્મણ, કેટલાક વાણીઆ, કેટલાક પાટીદાર, કેટલાક રજપુત વિગેરે આર્ય સમાજમાં ભળી ગયા છે અને સનાતનીઓમાં પેશીને તેમને પોતાના હાથ પર રાખવા કોશીશ કરે છે. માટે સનાતની ભાઇઓએ જોઇ વિચારીને ચાલવાનું છે. [illegible] પંથોની આર્ય સમાજે કેટલી બદગોઇ કરેલી છે તે જાણવું

દાખલા દલીલોથી આગળ જણાવી ગયા છીએ તેજ તેમણે ધ્યાનમાં લેવાનું છે.

મસ્જીદો આગળ વાજાં વગાડવાની બાબત પણ તેમણેજ ઉપાડી છે કે જેથી સનાતની હીંદુઓ સાથે મુસલમાનો લડે અને સનાતનીઓ મુસલમાનોથી નારાજ થઇ આર્ય સમાજીઓ સાથે જોડાય અને આર્ય સમાજીઓનું કામ થાય. તેઓ સનાતની હીંદુ ભાઇઓને સમજાવે છે કે સરકારી રસ્તો એ સાર્વજનિક જગા છે અને ત્યાં થઇને વાજાં સાથે પસાર થવાનો હીંદુઓને હક છે. પણ આમાં પણ તેમનો હેતુ જુદોજ હોય છે. તેઓ ધારે છે કે આ પ્રમાણે સનાતની હીંદુઓ મસ્જીદ આગળના સરીઆમ રસ્તા ઉપરથી વાજા સાથે જવા જોર કરશે તો સનાતની હીંદુઓ પોતાના ત્યાંના જમણવાર વખતે પોતાના મહોલ્લાનો સરીઆમ રસ્તો રોકે છે અને ત્યાંથી મુસલમાનોને તે વખતે જવા દેતા નથી તો મુસલમાનો પણ જીદ ઉપર આવી જમણવારના પ્રસંગે તે રસ્તેથી જવા જોર કરશે અને તેમના જમણવારમાં ભંગાણ પડશે; એટલે હીંદુઓને નુકસાન થવાથી તેઓ મુસલમાનોથી નારાજ થશે અને આર્ય સમાજીઓ સાથે જોડાશે. આમાં પણ તેમનો હેતુ સનાતની ભાઇઓને મુસલમાનો સાથે લડાવવાનોજ અને સનાતનીઓને આર્યસમાજમાં ખેંચવાનોજ છે. આજ સુધી મસ્જીદો આગળ વાજાં હમેશાં બંધ રહેતાં આવ્યાં છે તે સઉ કોઇ જાણે છે છતાં આર્યસમાજીઓએ આ નવું ધાંધલ નકામું ઉભું કર્યું છે.

આર્યસમાજીઓ પોતાના પુસ્તકોમાં સનાતની ભાઇઓની મુર્તીનું હમેશાં ખંડન કરે છે અને મુર્તીઓમાં જીવ રાખનારા સનાતનીઓને

મુરખા અને બેવકુફ બતાવે છે જે વિશેની હકીકત તેમના મુખ્ય પુસ્તક "સત્યાર્થ પ્રકાશ"માં પણ મોજુદ છે, તોપણ મસ્જીદ આગળ વાજાં વગડાવવા માટે તેઓ મુર્તીઓના વરઘોડા સનાતની હીંદુ ભાઇઓ પાસે કડાવે છે અને તેમાં શામીલ થઇ ધાંધલ કરી મુસલમાનોને સનાતનીઓની મુર્તીઓ ઉપર હુમલા કરવાની ખાસ જોગવાઇ કરી આપે છે. જો સનાતની ભાઇઓ આર્યસમાજીઓ સાથે છેવટ સુધી જોડાએલા રહે છે તો તેઓ તેમની મુર્તીઓની તરફેણ કરી મુસલમાનો વિરૂદ્ધ તેમને હમેશાં ઉશ્કેર્યા કરે છે પણ જો સનાતનીઓ તેમના હાથ ઉપર કાયમ રહેતા નથી તો આર્યસમાજીઓ તેમને વાતો સંભળાવે છે અને તેમની મુર્તીઓનું બુરૂં બોલે છે કે તમારી મુર્તીઓમાં સાચ હતું તો તેમણે કેમ મુસલમાનોને પકડી હેરાન ન કર્યા અને કેમ તેમના હાથે તુટી ગઇ?

આવું આવું કહી તેઓ સનાતની ભાઇઓને નકામા ત્રાસ આપે છે અને પોતાની રૂઢી પ્રમાણે તેમની મુર્તીઓ વિશે હલકા લખાણો છાપી બહાર પાડે છે. તેમનો સનાતનીઓ સાથેનો મેળાપ મતલબનો અને કામ પુરતોજ હોય છે. અને જ્યારે મતલબ પતી જાય છે એટલે પાછા જેવાના તેવા થઇ જાય છે. હાલ તો વળી કેટલેક ઠેકાણે એવી વાતો પણ પ્રકાશમાં આવી છે કે કેટલાક આર્યસમાજીઓ સનાતની હીંદુ ભાઇઓની મુર્તીઓનું છુપી રીતે ખંડન કરે છે કે તેમને મંદીરમાંથી ઉપાડીને નાખી દે છે કે જેથી હીંદુ ભાઇઓ સ્વભાવિક રીતે એમ માને કે આ કામ કોઇ મુસલમાનેજ કર્યું છે. એક તરફ આવું કરે છે અને બીજી તરફ આર્યસમાજીઓ હીંદુઓ સાથે મળી જાય છે અને તમામ દોષ મુસલ-

માનો ઉપર ઢાળવી મેલે છે કે સેનાસીના હીંદુઓ મુસલમાનોના મંદીર ને રાખે અને તેહેન જુદાં પાડી [illegible] પણ હીંમત રહેતી નથી? [illegible] [illegible] [illegible] વળી [illegible] [illegible] પોતાની [illegible] કે પોતાના [illegible] [illegible] [illegible] અને [illegible] ઉપર ચળવળ [illegible] છે અને [illegible] [illegible] ચરચા [illegible] છે કે જેથી [illegible] હીંદુઓ [illegible] [illegible] મુસલમાનો કરી રહ્યા છે. [illegible] [illegible] કે મુસલમાનો હીંદુઓના લોહીના તરસ્યા થયા છે અને તેમને [illegible] કરવા માગે છે. વળી મુસલમાનો હીંદુ સ્ત્રીઓને જબર જસ્તથી નસાડી જાય છે અને તેમનાં [illegible] છે અને [illegible] કરે છે [illegible] પણ [illegible] છે કે જેથી હીંદુભાઈઓની લાગણી ઉશ્કેરાય. [illegible] અનેક પ્રકારના સ્ત્રીઓ હોય છે અને [illegible] પણ પોતાની [illegible] થી [illegible] છે. [illegible] શું થાય? પણ મુસલમાનોમાં [illegible] હોય [illegible] નથી. પણ હીંદુભાઈઓએ સમજવું જોઈએ કે [illegible] અને હીંદુભાઈઓને મુસલમાનોથી જુદા પાડવામાં [illegible] કંઈ પણ નથી. [illegible] રચાતી જાય [illegible] હીંદુ મુસલમાનો લડે એમ [illegible] થાય [illegible] શું [illegible]? [illegible] હોય તો [illegible] અને [illegible] [illegible]

[illegible]

લમાન ગણાતા આવ્યા છે એટલે [illegible]

[illegible]

સમાજીઓ એવું ગણાવવા માગે છે અને એવી વાત સનાતની હીંદુ ભાઇઓ આગળ મુકવા માગે છે કે મુસલમાનો હીંદુઓને વટલાવે છે ! આમાં હીંદુઓને વટાળવાની બાબતજ ક્યાં છે ? કેટલાક વળી હીંદુ ભાઇઓ પાસેથી શુધ્ધીના નામે પઇસા મેળવવા એવી વાતો પ્રસિધ્ધ કરે છે કે હીંદુ ભાઇઓ વટલી જાય છે તેમને બચાવવાની જરૂર છે, અને આટલા ગામોમાં આટલા હીંદુઓને વટલતા બચાવ્યા છે, અને વટલી ગએલાઓને શુધ્ધ કરી મોટી સંખ્યામાં પાછા ખેંચી લીધા છે અને હવે તે માટે પઇસાની ઘણી જરૂર છે કારણકે આવું કામ જોરથી ચાલી રહ્યું છે. આવી આવી વાતો કરી તેઓ સનાતની હીંદુભાઇઓને ઉલટું સમજાવે છે અને શુધ્ધીના નામે તેમની પાસેથી પઇસા મેળવે છે. સનાતની ભાઇઓએ સમજવું જોઇએ કે આ એક આર્યસમાજીઓની ચાલાકી છે. આ રસ્તો પણ તેમણે હીંદુભાઇઓને મુસલમાનો સાથે અથડાવી મારવા માટેજ લીધેલો છે. મોલેસલામ ગરાસીઆ કદી હીંદુભાઇઓ સાથે રહેવા માગે કે મુસલમાન ભાઇઓ સાથે રહેવા માગે તો તે તેમની મરજીની વાત છે. એમાં જ્ઞાનને કાંઇ લેવા દેવા નથી. અહીં તો ખરા અંતઃકરણની એકસંપી કરવાની અને નકામા થતા ઝગડા દુર કરવાની વાત છે.

કેટલાક હીંદુ ભકતો વળી ભીલ, દુબળા વિગેરેને હીંદુ જાતીના બતાવવા કોશીશ કરે છે પણ તેઓ ભુલ કરે છે. ભીલ લોકો હીંદુસ્તાનમા વેદ ધર્મ માનનારા આર્યો હીંદુઓ ચઢી આવ્યા તે પહેલાના છે એટલે તેઓ હીંદુ નહીં પણ હીંદુસ્તાનની ખરી રાજવંશી અનાર્ય અસલી પ્રજા છે. આ હિસાબે હીંદુઓ કરતાં રાજ પદવીની

નજરે તેઓ ઘણા ચડતા છે. પહેલાં હીંદુસ્તાનમાં બધેજ તેમનું રાજ હતું પણ આર્યોએ–હીંદુઓએ બહારથી હીંદુસ્તાન ઉપર ચડી આવી તેમનું રાજ પડાવી લીધું અને તેમને તારાજ કરી હલકા દરજામાં મુકી દીધા. વડોદરા રાજ્યના નાયબ દીવાન મે૦ રા૦ બ૦ ગોવીંદભાઇ હાથીભાઇ દેસાઇ સાહેબે "નવસારી પ્રાંત સર્વ સંગ્રહ" નામનું પુસ્તક શ્રીમંત મહારાજા સર સયાજીરાવ ગાયકવાડની આજ્ઞાથી બહાર પાડયું છે તેમાં તેમણે આ હકીકત ચોકસ રીતે બતાવી છે. તેઓ તે પુસ્તકમાં ભીલ, વસાવા, પહાડવી, વલવી, નાયક, લાવરી, ગામટા, દુબળા, ચોધરા, ઢોડીઆ, નાયકા, કુકણા, ક.થોડીઆ, માવચી, નાયકડા, તવાલીઆ, કોટવાલીઆ વિગેરેને કાળી પરજ તરીકે ઓળખાવે છે અને કહે છે કે "કાળી પરજ"ના લોકો આ દેશના અસલ વતનીઓના વંશના છે. આર્ય લોકો હીંદુસ્તાનમાં આવ્યા ત્યારે આ દેશના અસલ વતનીઓને અનાર્ય કહેવા લાગ્યા એમ ઋગવેદમાં જણાવ્યું છે........નવા આવેલા આર્ય લોકો જેમ આવતા ગયા તેમ તેમના ત્રાસ અને દબાણથી અનાર્ય લોકો સપાટ ભુમિ ઉપરથી ખસતા જઇ જંગલ અને ડુંગરવાળા પ્રદેશ તરફ ખસતા હોવા જોઇએ. અનાર્ય લોકો ગુજરાતમાં આવ્યા ત્યારે તેમનો લગભગ સઘળો પ્રદેશ અરણ્યમય (રાની) હતો તે પૈકી નર્મદાની દક્ષિણે ભરૂચથી માંડીને વસાઇ અને સોપારા સુધી દંડકારણ્ય ગણાતું. શિકારી પશુઓને હાંકી મુકવામાં આવે છે ત્યારે તે વસ્તી પ્રદેશમા જઇ રહે છે અને ડુંગર ઝાડી વગેરે તેમના રહેઠાણ થઇ પડે છે તેજ પ્રમાણે આર્યલોકો અનાર્ય લોકોના પ્રદેશમાં આવીને વસવા લાગ્યા અને જંગલો કપાતાં ગયાં તેમ તેમ અનાર્ય લોકો દબતા ગયા.

આમ [illegible] [illegible] વર્ષો [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] તેરાઈની [illegible] પ્રદેશ [illegible] [illegible] [illegible] [illegible] [illegible] અનાર્ય લોકો. આ ડુંગર અને જંગલના [illegible] પ્રદેશમાં વસતા [illegible] રહ્યા હશે. [illegible] ઉપર [illegible] [illegible] [illegible] એમ વાંસદાના જંગલની ડુંગરાની પ્રદેશમાં પણ અનાર્ય આર્યોની વસ્તી [illegible] પ્રમાણે થએલી હોવી જોઈએ. ધીમે ધીમે આર્ય લોકોની [illegible] જેમ [illegible] થતી ગઈ તેમ તેમ અનાર્ય લોકો તેમના સંબંધમાં આવવા લાગ્યા, અનાર્યો પ્રથમ રાની પ્રદેશમાં વસતા હતા તે ધીમે ધીમે રાની પ્રદેશમાંથી વસ્તી [illegible] લાગ્યા છે. કેટલાક પોતાના જંગલનાં ઘરબાર છોડી વસ્તી ભાગમાં [illegible] [illegible] [illegible] લાગ્યા છે. [illegible] [illegible] [illegible] વધતા જતા [illegible] [illegible] તથા શ્રીમંત [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] લોકોના [illegible] [illegible] તેમના પ્રદેશમાં [illegible] [illegible] તેમની [illegible] [illegible] [illegible] [illegible] તેની [illegible] [illegible] લોકો [illegible] [illegible] [illegible] અને તેમનાં [illegible] રીત [illegible] [illegible] [illegible] માંડયા છે એટલું જ નહી પણ તેમાંના કેટલાક પોતાને “હિંદુ” તરીકે ઓળખાવવા પણ લાગ્યા છે, [illegible] [illegible] [illegible] લખેલું છે. આથી સાફ જણાય છે કે તેઓ હિંદુ નથી. જો તેઓ અસલથી હિંદુ જાત હોત તો [illegible] [illegible] [illegible] પોતાને હિંદુ તરીકે ઓળખાવવા લાગ્યા છે એમ લખવામાં આવત નહીં.

[illegible] [illegible] ચોપડા [illegible] [illegible] [illegible] [illegible]

[illegible]
[illegible]
પ્રતિદિન ભેદ પડતા જય તરેહવાર ન્યાતોમાં તેઓ વહેંચાઈ [illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
અને જે અનાર્યો આર્યોને શરણે આવ્યા હતા તેમને પણ દાસ એ નામ આપી તે સમાજમાં શુદ્ર તરીકે રાખવામાં આવ્યા. સમાજના આ પ્રમાણે ચાર વર્ગો થયા" વિગેરે ગોવાંભાઈ સાહેબે લખેલું છે

તેથી સાફ જણાય છે કે કાળી પરજના ભીલ દુબળા વિગેરે લોકોને આર્યોએ–હીંદુઓએ તારાજ કરી પોતાના ગુલામના દરજ્જે લાવી મુકયા છે.[૧]

આથી સાફ જણાય છે કે કાળી પરજના લોકો એટલે ભીલ, દુબળા, તલાવીઆ, વિગેરે હીંદુઓ પૈકીના નથી પણ હીંદુઓ હીંદુસ્તાનમાં આવ્યા તે પહેલાના અહીંના અસલ જુના રહેવાસી છે. તેમનું અહીં બધે રાજ હતું પણ આર્યોએ આવી તેમનું રાજ પડાવી લીધું અને તેમને જંગલોમાં કહાડી મુકયા. કાળી પરજના લોકો આર્યો નહીં પણ અનાર્યો છે એવું મે. રા. બા. ગોવીંદભાઈનું પુસ્તક ખુલ્લી રીતે જણાવે છે. ગોવીંદભાઇ સાહેબ ગુજરાતના એક વિદ્વાન સાક્ષર છે તો આ બાબતમાં તેમના અભિપ્રાય ઉપર હીંદુ ભાઇઓએ પુરો વિશ્વાસ રાખવાનો છે. અને એમના કહેવા પ્રમાણે ખરી રીતે એમજ માનીને ચાલવાનું છે કે કાળી પરજના લોકો હીંદુ નથી પણ હીંદુસ્તાનની અસલ ખરી જુની પ્રજા છે.

ઢેડા તથા ચમાર લોકો પણ હીંદુ જાતીમાં નથી પણ તેઓ પણ અનાર્ય જાતીના હીંદુસ્તાનના અસલી વતનીઓ છે એમ તેઓ પોતેજ કહી રહયા છે. દીલ્લીથી નીકળતા 'અલ–જમીઅત' નામના છાપાના તા૦ ૨૨ આગસ્ટ ૧૯૨૭ના અંકમાં "અછુત કોમકી બેદારી" (અત્યંજ કોમમાં જાગ્રતી) એ મથાળા નીચે એક લેખ છપાયો છે તેમાં લખ્યું છે કે ગયા અઠવાડીઆમાં દીલ્હીમાં શાહજીના તળાવ

---

૧ જુઓ—"નવસારી પ્રાંત સર્વ સંગ્રહ" પાન ૧૬૬–૧૬૭–૧૬૮–૧૬૯.

ઉપર ચમારોનું એક કોન્ફરન્સ ભરાયુ હતું તેમાં તે કોમના કેળવાએલા ઢેડ તથા ચમાર આગેવાનોએ પોતાના ભાષણોમાં કહયું હતું કે હીંદુઓ પોતાની મતલબની ખાતર અંત્યજોને પોતાની સાથે ગણાવવા માગે છે. તેઓ તેમને પોતાનામાં ગણાવી પોતાની સંખ્યા મોટી બતાવી તે આધારે કાઉન્સીલોમાં વધારે જગાઓ મેળવવા માગે છે પણ તેમાં તેમની હિકમત છે. અમે હીંદુ નથી, બલ્કે અમારી કોમ તો જુદીજ છે અને તે હીંદુસ્તાનમાં હીંદુઓ આવ્યા તે પહેલાની અહીં આબાદ છે. અમારી સંખ્યા મુસલમાનો જેટલી છે, વિગેરે અંત્યેજોના આગેવાનો કહે છે. અને હીંદુઓ તથા હીંદુ ધર્મ સાથે તેમને કાંઇ સંબંધ નથી એમ જણાવે છે. તેઓ આ પ્રમાણે પોતાને હીંદુઓથી અલગ બતાવે છે ત્યારે કેટલાક તેમને હીંદુ બતાવી પોતાની સાથે ભેળવવા માગે છે એ પણ જોવા જેવું છે.

હીંદુઓ આર્ય કહેવાય છે અને હીંદુસ્તાનના અસલ જુના રહેવાસીઓ અનાર્ય કહેવાય છે. ભીલ, દુબળા તલાવીઆ, અંત્યજ વિગેરે અનાર્યો એટલે હીદુસ્તાનના અસલ વતનીઓમા આવે છે. આર્યો —હીંદુઓએ હીંદુસ્તાન ઉપર ચડી આવી તેના મુળ વતનીઓને તારાજ કરી નાખ્યા અને તેઓ ફરી માથું ઉંચકે નહીં તેટલા માટે તેમને પોતાના ગુલામ બનાવી ઢેડ, ખાલપા, વિગેરેનું કામ સોંપી તેમને અંત્યજ વર્ગમાં દાખલ કરી દીધા એમ એ લોકોનું માનવું છે. આથીજ હાલ ઢેડ, ચમાર, ભંગી વિગેરે શીખીને જાણકાર થઇ ગયા પછી એમ કહેવા બહાર પડયા છે કે અમે આર્ય—હીંદુ નહીં, પણ અનાર્ય એટલે હીંદુસ્તાનના અસલી જુના ખાનદાની રહેવાસી છીએ અને હીંદુઓએ અમારી આવી બુરી દશા કરી છે જેથી હવે અમે તેમનાથી હમેશને માટેજ આધાજ રહેવા માગીએ છીએ.

[illegible]

[illegible]

માનો કોઈને [illegible]

તેમને પોતાની સાથે મેળવી તેમને આગળ વધારવા, અને નીચ ઉંચનો ભેદ કાઢી નાખી પોતાના જેવા ઉંચા ગણવા માગે છે તેમાં તેમને રોકવામાં આવે છે, એ અજાયબ થવા જેવું છે.

[illegible]

ભલે તેઓ તેમને પોતાની સાથે [illegible]

ઢેડ, ચમાર, ખાલપા વિગેરેને પોતાની સાથે ગણે તો પછી મુસલમાનોને પણ તેમણે પોતાની સાથેજ ગણવા પડશે કારણ કે મુસલમાનો કાંઇ હલકા ગણાઇ શકતા નથી. અને જો તેઓ મુસલમાનોથી જુદાઇ રાખે તો એ ઉઘાડો ગેરઇન્સાફ છે. મુસલમાનો તો એટલુંજ માગે છે કે હીંદુભાઇઓ જ્ઞાન અને ભકતીમાં સઉને એક ગણે. હીંદુસ્તાનમાં મુસલમાનો સાત કરોડ છે તો તે સાત કરોડને હીંદુ સુધારકો કાંઇ હાંકી કહાડી શકવાના નથી કે તેમને દુશમન ગણી પોતે એકલા સુખ ચેનથી રહી શકવાના નથી. દુશમનાઇ રાખવી એ વિકાર છે અને વિકારવાળો માણસ કાંઇ પણ કરી શકતો નથી એવું હીંદુશાસ્ત્ર ચોખ્ખું કહે છે, માટે આવું કરતાં પહેલાં ભાઇઓએ ખુબ વિચાર કરવાનો છે.

આર્યસમાજીઓ કોઇના ચેલા થતા નથી કે કોઇની કંઠી બાંધતા નથી પણ દયાનંદ સરસ્વતીજી જેમણે આર્ય સમાજની સ્થાપના કરી છે અને "સત્યાર્થ પ્રકાશ" નામનું બીજા ધર્મ પંથોની નીંદાવાળું પુસ્તક લખ્યું છે તેમને પોતાના ગુરૂ માને છે. તેઓ પચાસ વરસ ઉપર ગુજરી ગયા છે તેમના ચેલા પોતાને બતાવે છે અને વેદને પોતાનું ધર્મ પુસ્તક જણાવે છે. પણ હાલ તેમની પાસે વેદનું સંપુર્ણ પુસ્તક નથી. વેદનો થોડોક ભાગ તેમના હાથ આવ્યો છે તેના ઉપર પોતાનો આધાર રાખે છે. વેદને પોતાનું ખરૂ ધર્મ પુસ્તક બતાવે છે પણ કોઇ પણ આર્યસમાજી પાસે પુરા ચાર વેદ છેજ નહીં. જો હોય તો બતાવે. તેઓ વેદ મુકીને દયાનંદજીનું "સત્યાર્થ પ્રકાશ" પુસ્તક આગળ ધરે છે પણ પોતાના ધર્મનો આખો વેદ તો બતાવી શકતા નથી.

જે આર્યસમાજી છે તેમને તો તેમના "સત્યાર્થ પ્રકાશ" પુસ્તકમાં એ આજ્ઞા આપવામાં આવી છે કે જો પોતાની સ્ત્રીને પોતાનાથી બચ્ચું પેદા ન થાય તો તે સ્ત્રીએ બીજા પાસે જઇ નિયોગ કરાવી બચ્ચું પેદા કરાવવું. ધણીએ પોતાની સ્ત્રીને બીજા પુરૂષ પાસે બચ્ચા માટે મોકલવી એનો અર્થ તેઓ ધર્મ કરે છે, જેનો હવાલો તેમના પુસ્તકમાંથી આપણે આગળ આપી ગયા છીએ.

હાલ જે કેટલાક ઢેડા, ચમાર, વિગેરે હીંદુઓમાં હલકી વરણના ગણાતા લોકો આર્યસમાજમાં ગયા છે તેમાંના ઘણા તો મોટા ઢોરનું માંસ ખાય છે અને દારૂ પીએ છે અને પોતાને ખરા ધર્મવાળા પણ બતાવે છે. દારૂ પીવાથી પઇસાની નકામી બરબાદી થાય છે, કારણ કે વગર પઇસે તે મળી શકતો નથી. તે પીવાથી શરીરને ભારે નુકશાન થાય છે જે સઉ મહાત્માઓ કહી ગયા છે. વળી તે પીવાથી મ્હોડું ગંધાય છે, શરીર અને લુગડાં વાસ મારે છે, શરીરે ખરાબ ચાઠાં પડી જાય છે, મગજની નસો બેહેર મારી જાય છે અને પાછળથી આખું શરીર સુનુ થઇ નકામું થઇ જાય છે. એટલે દારૂ પીનારાઓને પોતાનું શરીર જે એક અમુલ્ય વસ્તુ છે તેનું પણ ભાન હોતું નથી. મનુષ્ય દેહ જે એક દુર્લભ વસ્તુ છે તેને તેઓ દીવસે દીવસે ખરાબ કરતા જાય છે, અને આખરે બીમારીમાં સપડાઇ કમોતે બુરી રીતે મરી જાય છે. તેમને ધર્મનો જરાપણ ખ્યાલ આવતો નથી. વળી દીવસે દીવસે એ ટેવ વધી જવાથી અતિશે પીવા ઉપર ચડી જાય છે અને ઘણી વખત ઘરમાં મા બેહેનનું જરા પણ ભાન નહીં રાખતાં તેમના દેખતાં ઉઘાડી ગાળો બોલે છે અને નહીં કરવાનું કરે છે. વળી કેટલીક વખત

૮

રસ્તામાં બેભાન થઇ પડી જાય છે, લુગડાં નીકળી જઇ નાગા થઇ જાય છે, મ્હોડામાંથી પાણી છુટે છે એટલે કુતરાં મ્હોડું ચાટે છે, અને તેવી હાલત થઇ જવાથી આખા ગામમાં હોહો થાય છે. અને કેટલીક વખત તો બેભાનમાં કોઇ ઝેરી જનાવર કરડવાથી કે કોઇ ગાડી નીચે છુંદાઇ જવાથી બુરી રીતે મરણ પણ પામે છે. એટલે દારૂથી આ પ્રમાણે પઇસાની, શરીરની, અને આબરૂની બરબાદી થાય છે તોપણ તેઓ તે પીએજ જાય છે. આવી બુરી ચીજ જે દારૂ છે તે પીવો, અને મોટા ઢોરનું માંસ ખાવું, એ તેઓ મુકતા નથી અને બીજાઓને કહેવા તૈયાર થાય છે. આવા આર્યસમાજી ઢેડા કદી દારૂ તાડી છોડી દઇ ગમે તેવા સારા પોતાને બતાવે પણ તેઓ સનાતની હીંદુઓમાં હજુ ઢેડાને ઢેડાજ ગણાય છે. તેમને કોઇ ઉંચા હીંદુ અડતા નથી કે પોતાના ઘરમાં પેસવા દેતા નથી, પણ તેમને હજુ જેવાને તેવા હલકા સમજે છે. જો તેઓ ન માનતા હોય તો કોઇ ઉંચા સનાતની હીંદુને અડીને અને તેના ઘરમાં પેસીને બતાવી આપે. જો કદાચ કોઇ ઉંચો આર્યસમાજી આવા આર્યસમાજી ઢેડાને અડકવા દે અથવા પોતાના ઘરમાં આવવા દે તો તે પોતેજ સનાતની હીંદુઓમાં ખોટો અને ભ્રષ્ટ થએલો ગણાય છે. તેનોજ ઘડો બીજા હીંદુ ભાઇઓમાં થતો નથી. અને તેને સનાતની હીંદુ ભાઇઓ એજ ઉપમા આપે છે કે "વટલેલ બામણ ઢેડથી મુંડો"! જ્યાં આવી હાલત હોય ત્યાં ઢેડાઓનું કલ્યાણ કયાંથી થાય. પણ આર્યસમાજી ધર્મ અખત્યાર કરીને પણ તેઓ દારૂ અને મહદાલ માંસનો ઉઘાડી રીતે ઉપયોગ કરે જાય છે; પણ એ ઢેડાઓને જ્યારે આગળ ઉપર વખત આવે પોતાની સ્ત્રીઓને આર્ય પંથના નિયમ પ્રમાણે બીજા પુરૂષ

પાસે બચ્ચાં મેળવવા જવાની પરવાનગી આપવી પડશે ત્યારે સમજ પડશે. વળી તેમની વહુ દીકરીઓ આર્ય સમાજીઓની તાલીમથી સુધરેલી અને ફેશનવાળી થઇ ઢેડાઓના ઘર નહીં માંડતાં ઉંચા કહેવાતા આર્યસમાજીઓના ઘર માંડશે ત્યારે તેમની આંખો ઉઘડશે. કારણકે ઢેડાઓ એ સુધરેલી છોકરીઓને તે વખતે જંગલી અને હલકા લાગશે એટલે તેઓ તેમને પડતા મુકી ઉંચાઓને શોધશે જેથી ઢેડાઓને એક પણ કન્યા મળી શકશે નહીં. આથી ઢેડાઓ વાંઢા રહેશે અને આર્યસમાજી હીંદુઓના ઘરમાં ઢેડ કન્યાઓ પેસશે. આ થશે આર્ય પંથમાં જવાનું પરિણામ !

આપણા ઢેડા ભાઇઓ જે આર્યસમાજમાં ગયા છે તેમાં સારા પણ હશે અને તે કદાચ એમ સમજતા હશે કે તેમનો ઉધ્ધાર થયો છે; પણ તેમની ઢેડ કોમના એક કેળવાએલા આગેવાન સ્વામી શુદ્રાનંદ જેઓ પંજાબમાં આવેલા જાલંધર ગામમાં હાલ પોતાનું મથક જમાવીને રહેલા છે તેમણે "અલ ફઝલ" નામના છાપાના પ્રતિનિધિ આગળ પોતાનો ખુલાસો રજુ કર્યો છે જે અમદાવાદથી નીકળતા "દીન" છાપાના તા૦ ૧ આગસ્ટ ૧૯૨૭ના અંકમાં છપાયો છે. તેઓ જણાવે છે કેઃ—

"મારા પિતા વાલ્મિકી હતા. લગભગ પચીસ વરસ પહેલાં તે આર્ય સમાજમાં ભળ્યા હતા. તે મુરાબાદના વતની હતા. મેં મુરાદાબાદની એક સંસ્કૃત પાઠશાળામાં નવમી કલાસ સુધી શિક્ષણ મેળવ્યું અને પછી દીલ્હીની અછુતોધ્ધાર (ઢેડાઓનો ઉધ્ધાર કરનારી) સભા તરફથી અછુત કોમને શુધ્ધ કરવાનું કામ ચાલુ કર્યું. થોડા વખત પછી હું લાહોર આવી ગયો અને એજ કામ લાહોરની

અછુતોધ્ધાર સભા તરફથી કરતો રહયો. થોડાજ સમયમાં આર્ય સમાજીઓની કેટલીક અયોગ્ય વર્તણુંક જોઇને તથા શુધ્ધ (આર્ય-સમાજી) થએલા અછુતો (ઢેડ, ચમાર વિગેરે) પ્રત્યેનો તેમનો અગાઉ જેટલોજ તિરસ્કાર દેખીને મેં વિચાર કર્યો કે આર્ય કોમના દેખાડવાના અને ચાવવાના દાંત જુદા જુદા છે. હું અછુત કોમ પ્રત્યેનું એવું વર્તન જોઇ શકતો ન હોતો. વળી આટલા સમયમાં બોહળા વાંચનને પ્રતાપે મારા ધાર્મિક વિચારો પણ ફેરવાઇ ચુકયા હતા. એટલે મેં આર્ય જાતી સાથેનો સંબંધ ત્યાગી દીધો "વિગેરે એ ઢેડ જાતના સ્વામી શુદ્રાનંદજી કહે છે.

વળી ગુરૂદાસપુર ખાતે તા૦ ૧૭ મી એ દયાનંદ મત ખંડન સભાના આશ્રય તળે એજ સ્વામી શુદ્રાનંદે જે જુસ્સાદાર લંબાણ ભાષણ આપ્યું હતું તેનો સાર નીચે પ્રમાણે છે. તેમણે સભાજનોને ઉદ્દેશીને કહયું કે:-

"હું અત્રે એક પરદેશીની પેઠે આવ્યો હતો, ભાષણ કરવાનો વિચાર નહોતો, હું માત્ર મારા હૃદયની વેદના તમારી સામે રજુ કરવા આવ્યો છું. હીંદુ જાતીએ અછુત કોમો(ઢેડ, ચમાર, ભંગી વિગેરે) ઉપર સખત અત્યાચારો કર્યા છે. અને તેમને ઝલીલ-ખુવાર અને બરબાદ કરીને એવી સ્થીતીમાં લાવી મુકી છે કે જેથી એ લોકો પોતાને મનુષ્ય તરીકે ગણવાનું પણ અશકય માનવા લાગ્યા છે. હીંદુઓ મહાન ગુનેહગાર અને અત્યંત પાપી છે જેઓ હજારો વરસથી અમારી ઉપર હદ પારના અત્યાચારો-જુલમો ગુજારી રહ્યા છે એટલુંજ નહીં, બલ્કે તેઓ પોતાના સિવાય બીજા કોઇને પણ પોતાના જેવા મનુષ્ય નથી સમજતા. તેઓ કોંગ (રાજા)

જ્યોર્જ જેવા બાદશાહોને પણ અપવિત્ર અને ભ્રષ્ટ ગણે છે. એવી કોમથી શી આશા રાખી શકાય કે તે માનવ જાતી કોઇ પ્રકારની સેવા કરશે? હીંદુઓ એવો દાવો કરે છે કે તેમના પૂર્વજો ઘણા બહાદુર હતા, પરંતુ એમને ધુનુર્વિદ્યા (તીર મારવાની વિદ્યા) શીખવનારા અમે હતા. જો કે હીંદુઓએ અમારા ઇતિહાસ ગ્રંથો નાબુદ કરી નાખ્યા છે, છતાં પણ હું આ વાતની સાબીતી રજુ કરી શકું છું, અને તે એકે જ્યારે કોઇ હીંદુ કુળમાં બાળક જન્મે છે ત્યારે વાલ્મિકી અથવા ભંગી તેમના ત્યાં તીર કામઠું લઇને જાય છે. એટલે તે જન્મેલા બાળકનો હાથ પેલા તીર કામઠા ઉપર મુકવામાં આવે છે. આ એજ વાતની નિશાની છે કે અમારા પૂર્વજો એમના (હીંદુઓના) બાળકોને ધનુષ્ય વિદ્યા શીખવતા હતા."

"આ લોકો ગાયને માતા કહે છે, પણ હું અથવા બીજા કોઇ પણ સમજુ બુધ્ધિમાન પુરૂષ ગાયને માતા કહેવાને તૈયાર નથી. એક આર્યસમાજી સાથે મારો વાદવિવાદ થયો ત્યારે તેણે મને કહ્યું કે 'શું તમે ગાયને માતા નથી માનતા?' ત્યારે મેં તેને કહ્યું કે 'જો ગાયને માતા કહું તો ભેંસને માસી અને બકરીને કાકી કહેવી પડશે, એકલી ગાયનીજ સાથે હું સગપણ રાખી ન શકું'. ખરૂં તો એ છે કે આર્ય લોકો જ્યારે પંજાબમાં આવ્યા ત્યારે તદન જંગલી હતા એટલા માટે તેમણે જનાવરો, નદીઓ, પર્વતો વિગેરેની પુજા કરવા માંડી. જો કે એ લોકોએ અમને અત્યંત ઝલીલ-પાયમાલ કરી નાખ્યા છે છતાં પણ કેવી ખુબીની વાત છે કે ખુદાએ અમને દુનિયામાંથી નાબુદ કર્યા નથી. હજુ પણ અમે હીંદમાં સાત કરોડની સંખ્યા ધરાવીએ છીએ. હીંદુઓ આજે ગૌરક્ષક બનતા ફરે છે,

પરંતુ એ વાત પણ અમારા પૂર્વજોએ તેમને શીખવાડી છે. તે એવી રીતે કે જ્યારે હીંદુઓ પહેલ વહેલા અહીંયાં આવ્યા ત્યારે તેઓ ગાયને મારતા હતા, એમના વેદોમાં ગાયને કાપવાની વાત મોજુદ છે. એ વેળા અમારા પૂર્વજોએ તેમને આજ્ઞા કરી કે જો દુધવાળી ગાયને મારશો તો શિક્ષા કરવામાં આવશે. એવી રીતે અમારા પૂર્વજોએ એમના પૂર્વજો પાસે ગાયની રક્ષા કરાવી. જો એની સાબીતી માગતા હોવ તો હરદવારમાં જઇને જોઇ લો. ત્યાં જે હીંદુને ત્યાં દુધવાળી ગાય મરી જાય છે તે (હીંદુ)ને ભંગી ખાસડા મારીને પાપ મુક્ત કરે છે. આ એજ શિક્ષાની એક સાધારણ નિશાની છે જે અમારા પૂર્વજો હીંદુઓના પૂર્વજોને કરતા હતા,"

વિગેરે સ્વામી શુદ્ધાનંદ કહે છે. સ્વામી શુદ્ધાનંદ એક અછુત કોમના કેળવાએલા માણસ છે. તેઓ હીંદુઓને આ પ્રમાણે કહે છે અને આ પ્રમાણે તેમને કહેવાની જોગવાઇ આર્ય સમાજીઓએજ કરી આપી છે. તેઓ આર્યસમાજી થયા એટલે તેમને હીંદુઓને આ પ્રમાણે કહેવાનો પ્રસંગ મળ્યો. તેઓ આર્ય સમાજીઓથી પણ છેવટે કંટાળ્યા અને હવે તેમણે તેમનાથી અલગ થઇ જઇ અછુતોનો જુદો સંઘ કાયમ કરવા માંડયો છે.

હીંદુ ભાઇઓને આર્યસમાજીઓ અછુતોથી વહેવાર રાખવાનું કહે છે પણ તેઓ પોતેજ તેમની સાથે જોઇએ તેવો વહેવાર રાખી રાખી શકતા નથી એ સ્વામી શુદ્ધાનંદ પોતેજ કહી રહયા છે. જ્યારે આર્ય સમાજીઓની આ હાલત છે તો પછી સનાતની હીંદુભાઇઓને શું કહી શકાય ? ઢેડ, ચમાર વિગેરે ભાઇઓએ આનો ઉંડો વિચાર કરવાનો છે. આર્યસમાજીઓ તેમની કેવી દશા કરે છે તે ઉપલા લખા

ણુથી તેઓ પોતેજ જોઇ શકે છે. સનાતની હીંદુભાઇઓની એવી સ્થીતીજ નથી કે તેઓ ઢેડાઓ સાથે છુટથી વહેવાર બાંધી શકે. જ્ઞાતીબંધન એ તેમને માટે એક જબરી સાંકળ છે જેને તોડવી એ તેમને માટે ઘણુંજ અઘરું કામ છે. આર્યસમાજીઓ ઢેડાઓને તાળવે ગોળ ચોટાડે છે પણ તેઓ તેમને અધવચજ લટકતા રાખે છે. તેમણે આજસુધીમાં કેટલા ઢેડાઓને હીંદુ સમાજમાં દાખલ કર્યા છે? એકને પણ નહીં. કારણકે સનાતની હીંદુભાઇઓ તેમને લઇજ શકતા નથી.

આર્ય સમાજીઓની કેવી રૂઢી છે તે આપણે આગળ દાખલા દલીલોથી જણાવી ગયા છીએ એટલે હવે અહીં વધારે કહેવા જેવુ રહેતું નથી. તેઓ સનાતની હીંદુભાઈઓના ધર્મને નુકશાન પહોંચાડે છે કે ફાયદો તે સનાતની ભાઇઓએ જોઇ લીધું હશે. ગાંધીજી અને બેપિનચંદ્ર પાલ જેવા બે હીંદુ આગેવાનોએ આર્યસમાજીઓની રૂઢીને સખત શબ્દોમાં વખોડી કહાડી છે એટલુંજ નહીં પણ મુંબઇના "ટાઇમસ ઑફ ઇન્ડીઆ" નામના વજનદાર છાપાએ પણ આર્યસમાજીઓની લડાયક રૂઢી ઉપર દાબ મુકવા સરકારને ભલામણ કરી છે. આ બધુ શું બતાવે છે તે જોવાનું છે. આર્યસમાજીઓ હીંદુ મુસલમાનોમાં લડાઇઓ કરાવે છે અને નવા નવા ફિસાદ ઉભા કરાવે છે એવું તેમના ધ્યાનમાં આવ્યું હશે ત્યારે તેમના માટે એવા અભિપ્રાય તેમણે અપાયા હશે.

કોઇ કદાચ કહેશે કે આમાં આર્યસમાજીઓની બુરાઇ કરેલી છે પણ તેવું કશું નથી. આર્યસમાજીઓ પણ આપણા દેશી ભાઇ છે. નિયોગ વિશે જે આમાં લખ્યું છે તે તો તેમના "સત્યાર્થ"

પ્રકાશ" પુસ્તકમનિો ઉતારો છે. જો આમાંના લખાણને આર્ય સમાજીઓની બુરાઇ માનવામાં આવે તો તેમના એ "સત્યાર્થ પ્રકાશ" પુસ્તકમાં તો તમામ ધર્મપંથોની જોઇએ તેટલી બુરાઇ લખી છે તેનું તો આમાં પા આની પણ નથી. જો કોઇને ખાત્રી ન થતી હાય તો એ "સત્યાર્થ પ્રકાશ" નું પુસ્તક પહેલાંથી તે છેવટ સુધી વાંચી જુવે અને પછી ઇન્સાફ કરે. જ્યારે તેનું લખાણ આર્યસમાજીઓ બુરું નથી સમજતા તો પછી આતો તેના પા આની જેટલા ભાગમાં પણ આવી શકતું નથી.

આ બધી બાબતોનો તમામ ભાઇઓએ ઉંડો વિચાર કરવાનો છે. કેટલાક લોકોએ હીંદુ મુસલમાનોને લડાવી મારવાનું કામ જાણી જોઇને હાથ પર લીધું હોય તો કાંઇ નવાઇ જેવું નથી. લડાઇમાં કાંઇ લાડવા વહેંચાતા નથી પણ માથાં ફુટે છે, પઇસાની ખુવારી થાય છે, ધંધો રોજગાર અને કમાણી પડી ભાગે છે, દરિદ્રતા વધે છે, દેશ ખુવાર થાય છે અને પરિણામે કલેશ અને ચીંતાનું જોર વધે છે. કુસંપથી આવાં જાહેર નુકશાન થાય છે તેથી એકસંપી અને શાંતીથી રહેવામાંજ ફાયદો છે. તેથીજ સંતોષવૃત્તિ પેદા થાય છે અને જ્ઞાન માર્ગ માટે તૈયાર થવાય છે. માટે એ બધા ઝગડા મુકી દઇ ખરી ચીજ તરફ વળવાનું છે. લડવામાં કાંઇ સાર નથી. "મારી તારી" કરવામાં કાંઇ મજા નથી. એથી આત્માનો સાક્ષાત્કાર થતો નથી. એનું નામ ભકતી નથી. અહીં હીંદુ અને મુસલમાનનો સવાલ ઉભો કરવાનો નથી. જ્ઞાનમાં એવી વસ્તુ છેજ નહીં એવું આપણે આગળ દાખલા દલીલોથી સાબીત કરી ચુક્યા છીએ. આત્માની કોઇ જાત નથી. આચાર વિચાર અને વહેવાર સાચ-

વધા વાંધો નથી પણ નકામા ઝગડા પેદા કરવા એ તો ખાલી ભક્તીને બદનામ કરવા જેવું છે.

આ પુસ્તકમાં જ્ઞાન અને વહેવાર બંનેની બાબત આવી જાય છે માટે હવે નકામા વાંધા ઉભા કરવા એ ખાલી કુથલી કરવા જેવું છે. આ તમામ હકીકત બરાબર વાંચો અને પછી જુઓ કે આમાં કઇ વાત ખોટી છે.

જે પંથ અને વાડો પોતાને પસંદ હોય તેમાં રહેવા વાંધો નથી પણ માલીકના જ્ઞાનનો જે ખરો માર્ગ છે તે અખત્યાર કર્યા વગર તો આગળ વધી શકાવાનું નથી. સરકારનું અને બીજાઓનું બુરૂં બોલવું એથી કાંઇ જ્ઞાનનો ખરો હેતુ સિધ્ધ થતો નથી. જ્ઞાન અને ભક્તી એ અંતર આત્માનો સવાલ છે. એને સરકાર અને બીજાઓ સાથે કાંઇ લેવા દેવા નથી. આપણી જીંદગીના દીવસો એમજ ચાલ્યા ગયા છે અને ચાલ્યા જવાના છે માટે હવેથી આંખો ઉઘાડી એકદમ ચેતી જવાનું છે. "તારી મારી" કર્યા કરીશું તો કદી કામ થવાનું નથી માટે એકસંપીથી ચાલો અને માલીકને ઓળખી ખરી વસ્તુને પકડો કે બધે શાંતી ફેલાય અને આત્માનું કલ્યાણ થાય.

આર્યસમાજી ગૃહસ્થો અને એમના ખ્યાલ પ્રમાણે બોલનારા ભક્તો પણ જ્ઞાનમાં આપણા જેવા સરખા છે. તેઓ પણ આપણાથી જુદા નથી. તેમની જાત માટે આપણને વાંધો હોઇ શકે નહીં, કારણકે તેઓ પણ આપણા દેશીભાઇ છે. પણ તેઓ જે પધ્ધતીથી કામ કરે છે એ પધ્ધતી માટેજ આપણે કહીએ છીએ. જે વાતથી માંહો માંહે કલેશ પેદા થાય અને હીંદુ મુસલમાનોમાં જુદાઇ પડી જાય તેને સારા માણસ કદી પસંદ કરી શકે નહીં. ધર્મ અને કામનો

ઉધ્ધાર એમ થઇ શકતો નથી પણ એથી તો ઉલટો ફિસાદ જાગે છે અને બધે અશાંતી ફેલાય છે. આવા ફિસાદ જગાડવા કોઇ ત્રીજા દરવાજેથી કોશીશ થતી હોય તો તેનો ઉંડો વીચાર કરવો જોઇએ.

બ્રાહ્મણ, વાણીઆ, રજપુત, લવાણા, પાટીદાર, કણબી, કોળી, ભીલ વિગેરે ગમે તે ધર્મ કે પંથના હોય તે સઉ આપણા ભાઇ છે. માણસ તરીકે તેઓ સઉ માલીકની નજરમાં સરખા છે. તોપણ જ્યાં આચાર વિચાર અને વહેવાર સાચવવાની જરૂર હોય ત્યાં સાચવવા કોઇ જાતનો વાંધો નથી. વાડા તોડી નાખવાનો અહીં સવાલજ નથી. અહીં તો ફક્ત પોતપોતાની હદમાં રહી માલીકનું જ્ઞાન શીખવા તરફ વળવાનું છે. જ્ઞાન એ માલીકની વસ્તુ છે. કોઇ અમુક વરણનો એના ઉપર ઇજારો નથી. એટલે માલીકની વસ્તુ કોઇ પણ સારા માણસ પાસેથી લેવામાં બાધ નથી, માત્ર જ્ઞાનની યોગ્યતા જોવાની છે. જ્યાં આવી યોગ્યતા હોય ત્યાં વેદ, શ્રુતી કે અમુક માર્ગનો સવાલ ઉભો થઇ શકતો નથી. ભગવદ્‌ગીતાનાં ૧૨ મા અધ્યાયના ૭ મા શ્લોકમાં ભગવાને કહ્યું છે કેઃ—

"પ્રહલાદ, બળીરાજા વિગેરે ઘણા જણ સત્સંગથી મને પામ્યા છે. આ લોકો વેદ ભણ્યા નહોતા. તેઓએ તે ભણવા માટે મહાત્માઓની સેવા પણ કરી નહોતી, તેમ તપ પણ કર્યું નહોતું તોપણ સત્સંગથી મને પામ્યા હતા."

ઉપલા ગીતાજીના વચનથી સાફ જણાય છે કે માલીકનું જ્ઞાન મેળવવામાં વેદ કરતાં મહાત્માઓના સત્સંગની વધારે જરૂર છે. સત્સંગ એજ મુખ્ય વસ્તુ છે. વળી ગીતાજીમાં લખ્યું છે કે ભગ-

વાન કહે છે કે મને તમે જે રસ્તે ભજશો તે રસ્તે હું તમને મળીશ. આથી પણ જણાય છે કે માલીકને ભજવા માટે કાંઇ એકલો વેદનો રસ્તોજ નક્કી કરેલો નથી. જે રસ્તો સારો હોય તે રસ્તે માલીકની બંદગી કરવામાં કાંઇ નુકસાન નથી. આથીજ કેટલાક હીંદુ ભાઇઓએ મુસલમાન મહાત્માઓ પાસેથી જ્ઞાનં મેળવેલું છે. એમાં તેમણે જરા પણ વાંધો ગણ્યો નથી. આવી રૂઢી ઘણા લાંબા વખતથી ચાલતી આવે છે. પણ હાલ જ્ઞાનની વાતજ ઘટી જઇ વિકાર વધી ગયો છે તેથી હીંદુઓને મુસલમાનોથી જુદા પાડવાની કોશીશો થઇ રહી છે.

કેટલાક હીંદુ ભકતો નકામી વાતો કરે છે કે હીંદુ ગુરૂ કરવાથી સમાજનું સુખ મળે છે, મુસલમાન ગુરૂ કરવાથી સમાજનું સુખ મળતું નથી. પણ મીરાંબાઇએ હીંદુ (ચમાર) ગુરૂ કર્યા હતા તોપણ એમને કયાં સમાજનું સુખ મળ્યું હતું? એમને તો એ હીંદુ ગુરૂના લીધે ઝેરના પ્યાલા પીવા પડયા હતા. શું એ દુઃખ ઓછું હતું? સુખનો આધાર તો સંતોષ ઉપર છે. અને જે ગુરૂથી સંતોષ મળે તેનાથીજ સુખ થાય છે. એમાં જાત નાતનો કાંઇ સવાલ નથી. માલીકના રસ્તામાં દુઃખ તો પડે છેજ. ગુલાબ લેવા જઇએ તો ત્યાં કાંટા તો હોય છેજ. પણ માલીકના જ્ઞાનનો રસ્તો ખોળનારા એવા દુઃખની પરવા કરતા નથી. તેઓ તો મરણીઆ થઇનેજ એ રસ્તામાં ઝીપલાવે છે. જે લોકો આવી વાતોથી બીએ છે તે આગળ વધી શકતા નથી. મીરાંબાઇ જો એવી વાતોથી બીધાં હોત તો આજે તેમનું નામ પણ કોઇ જાણત નહીં. માટે એવી વાતો કરવી એ એક પ્રકારની પામરતા છે. ખરા જીજ્ઞાસુઓ સુખ દુઃખની પરવા કરતા નથી પણ જ્ઞાનની પરવા કરે છે.

મુંબાઇના રોજીંદા પ્રખ્યાત પેપર "હીંદુસ્તાન"ના તા૦ ૧૯ આગસ્ટ ૧૯૨૭ના અંકમાં તેના અધિપતિએ "શ્રી કૃષ્ણનો સંદેશ" એ મથાળાથી એક અગ્ર લેખ લખેલો છે તેમાં જણાવવામાં આવ્યું છે કે "દરેક મહાન ધર્મના પ્રવર્તકો અવતાર રૂપ મનાય છે અને એ વિભુતીઓના સ્મરણથી તે તે ધર્મના હજારો અને લાખો માણસો નવાં પોષાણ અને નવી પ્રેરણાઓ મેળવે છે. જગતમાં એવા અવતારી પુરૂષો જન્મે છે ત્યારે તેમનું કાર્ય તો સારીએ માનવ પ્રજાના ઉધ્ધાર અને વિકાસ માટેજ હોય છે. એવા પુરૂષો માટે કાળ કે દેશનાં સાંકડાં બંધનો હોતાં નથી. સારીએ માનવ સમાજને તેઓ પ્રેમ દ્રષ્ટીથીજ જુવે છે અને દુનિયામાં દુષ્ટતા અને પાપનો સંહાર કરી તેને સ્થળે પ્રેમ અને પુણ્યનો પ્રચાર કરવો એજ તેમના જીવનનું ધ્યેય છે. દુનિયાના ગમે તે મહાન ધર્મના પ્રચારકનું જીવન અને કથન તપાસવામાં આવે તો એજ સિધ્ધાંત સર્વમાં સામાન્ય દેખાશે. ઇસુ ખ્રીસ્ત, મહંમદ પયગમ્બર, બુધ્ધ કે કૃષ્ણ એ બધી વ્યકતીઓ જગતની મહાન વિભુતીઓ છે. તેમનું કાર્ય ભીન્ન હતું છતાં સઉનું ધ્યેય તો એકજ હતું. જેમ અગ્નીની જવાળાઓ કે સુર્યના કીરણો ભીન્ન દેખાવા છતાં વાસ્તવિક રીતે તો તે એકજ પ્રકાશના જુદા જુદા વિભાગો છે તેમ દુનિયાના દરેક મહાન ધર્મના અવતારી પુરૂષો જુદા જુદા દેશમાં જન્મવા છતાં તેઓ એકજ મહાન શકતીના અંશો છે. તેમને જુદા અને નિરાળા દેખનાર તેમના અનુયાયીઓની સંકુચિત દ્રષ્ટી મર્યાદાને લીધેજ તેમને જુદા જુદા વાડામાં ગોઠવવામાં આવે છે, પરંતુ એ દોષ એ મહા પુરૂષોના નહીં પરંતુ તેમને સમજવાની શકતી વિનાના આપણે હોવાથી આપણોજ છે. કોઇ પણ અવતારી પુરૂષે એવો ઉપદેશ તેમના અનુયાયીઓને નથીજ આપ્યો કે તેમણે દુનયામાં પ્રેમને ઠેકાણે

સંહાર ફેલાવવો કે શાંતીને ઠેકાણે વિગ્રહો આદરવા અવતારી પુરૂષોના જીવન દૈવી હોય છે એટલે તેઓ રાક્ષસી અને અસુરી ભાવનાથી હમેશાં પરજ હોય છે . . . . જગતની સર્વ પ્રજાઓને પ્રેમ ધર્મથી જોવાની એ દ્રષ્ટીઓ આજે નથી રહી. તે બધાને ઠેકાણે આજે તો માણસો એક બીજાની સામે પશુવૃત્તિથી લડી રહયા છે. જ્યાં એકતા જોઇએ તેને ઠેકાણે વિરોધ અને ઝેર વેર આપણને છુટા પાડી રહયા છે. જો શ્રી કૃષ્ણ તેમજ દરેક અવતારી પુરૂષોના બોધ વચનો બરાબર સમજવામાં આવે અને તેનું પાલન કરવાની વિશાળ દ્રષ્ટી ખીલવવામાં આવે તો તો જગતનું ભાવી બદલાઇ જાય અને ત્યારેજ ખરેખરી આત્માની એકતા સાધી શકાય," વિગેરે "હીંદુસ્તાન"ના મુખ્ય લેખમાં લખ્યું છે. આ લેખ ઉપર જો ધ્યાન પહોંચાડવામાં આવે તો બેશક ઘણો ફાયદો થાય. હીંદુ મુસલમાનોને આજ સુધી કેટલાકોએ લડાવ્યા તો તેથી દેશને શું ફાયદો થયો ? શું તેથી દેશમાં વધારે નુકસાનીએ ઘર ઘાલ્યું નથી ? આ દેશમાં હીંદુ મુસલમાનોએ હળીમળીને રહેવામાંજ ફાયદો છે. અમદાવાદના પ્રખ્યાત કવી નાનાલાલ દલપતરામના પ્રમુખપણા નીચે ત્રીજા વરસ ઉપર અમદાવાદમાં હીંદુ ભાઇઓએ ઇસુ ખ્રીસ્ત (હઝરત ઇસા અ૦ સ૦)ની જયંતી ઉજવી હતી એ તેમની નેકી હતી. તેજ પ્રમાણે મહાન હઝરત મોહંમદ પયગમ્બરની જયંતી ઉજવવામાં આવે તો કોઇ વાંધા જેવું નથી. આ એક એકસંપી મજબુત કરવાનું સાધન છે. જ્યારે વિસ્વાસી-ક્રિશ્ચયોના એક પયગમ્બરની જયંતી ઉજવવા હીંદુ ભાઇઓ તૈયાર થાય છે તો પછી મુસલમાનો જે તેમના જુના દેશી ભાઇ છે તેમના પયગમ્બરની જયંતી ઉજવવામાં તેમને કોઇ પણ વાત આડે આવી શકતી નથી.

છેવટના બે શબ્દો.

નાનકપંથ કબીરપંથ, દાદુપંથ, નીરાંતપંથ, ભાવદાસ પંથ વિગેરે પંથોનો મુસલમાન ચિસ્તી સંપ્રદાયના મહાત્માઓ સાથે ઘણો ધાડો સંબંધ રહેલો છે. એકલબારાવાળા પીર કાયમદીનબાવા પોતે ચિસ્તી હતા[૧] ગુરૂ નાનકે તેમના ચિસ્તી વડીલોથી બોધ લીધેલો છે અને કબીર સાહેબે પણ પીર મીરાંશાહ ભીખ સાહેબ ચિસ્તીથી બોધ મેળવેલા છે. જેનો હવાલો આગળ આપ્યો છે. એટલે કબીર પંથ અને નાનકપંથ બંનેમાં પીર કાયમદીન બાવાના ચિસ્તી વડીલ પીરો તરફનું જ્ઞાન આવેલું છે. પીર અમન સાહેબ પીર કાયમદીન બાવાસાહેબ ચિસ્તીના શિષ્ય હતા અને પીર અમન સાહેબ તરફથી નીરાંત પંથ અને ભાવદાશ પંથને બોધ મળેલો છે, એટલે નીરાંત પંથ અને ભાવદાસ પંથમાં પણ કાયમદીન ચિસ્તી પીરનો બોધ આવેલો છે. બારવા ગોવીંદ ભગવાન મુંબાઇવાળા નામના એક ભગતે "બારવાઓના ગુરૂ" એ નામની એક ચોપડી ૪૦ સ૦ ૧૯૧૬ માં બહાર પાડી છે તેના પાંચમા પાને તેમણે લખ્યું છે કે "નીરાંત પંથવાળા તથા કબીરપંથવાળાઓને એ (કાયમદીન) પીરના ખાન દાનથી ઘણી વખતે જ્ઞાનનો લાભ મળેલો છે અને આગળ વધ્યા છે. આ પીરના આગલા વડીલોથી પણ ગુરૂ નાનક, ગુરૂ ચેતન મહારાજ, જગાજી મહારાજ વિગેરે જેવા મહાત્માઓએ લાભ મેળ-

---

૧ એકલબારા ગામ વડોદરા પ્રાંતના પાદરા તાલુકામાં મહી નદીના કીનારે આવેલું છે અને પાદરાથી બે ગાઉ થાય છે.

વ્યો છે" વિગેરે એ ચોપડીમાં લખેલું છે. મુસલમાન મહાત્માઓના જ્ઞાન વિશેના આવા ચોખ્ખા પુરાવા ઘણા મોજુદ છે તેથી જણાય છે કે સમજુ માણસોએ આવી બાબતમાં હીંદુ મુસલમાનોનો ભેદ રાખ્યો નથી.

નીરાંત મહારાજે અને હરગુરૂ મહારાજે અજ માન્યતાથી પીર અમન સાહેબને પોતાના ગુરૂ કર્યા હતા અને પીર અમન સાહેબે પીર કાયમદીન બાવા સાહેબને ગુરૂ કર્યા હતા. પીર કાયમદીન બાવા સાહેબ કેવા મહાપુરૂષ હતા તે તેમનું બનાવેલું "નૂરે રોશન"* નામનું પુસ્તક અને તેમના કલામ-ભજનો કહી આપે છે.

પીર કાયમદીન બાવા સાહેબના વડીલો મહાન હઝરત મોહંમદ પેગમ્બર સાહેબના વંશના છે. તેમના વડીલો પ્રથમ મક્કાના સરદાર હતા અને પછીથી કાબુલ તથા બલખ બુખારાના બાદશાહી દરજે આવી સુલતાન થયા હતા. બલખ બુખારાની ગાદી ઉપર (આસરે એક હજાર વરસ પહેલાં; પીર સાહેબના વડીલ હઝરત સુલતાન ઇબ્રાહીમ અદહમ હતા. તેમને વૈરાગ્ય ઉત્પન્ન થવાથી તેમણે ફકીરી લીધી હતી ત્યારથી પીર સાહેબના ખાનદાનના મહાત્માઓ ફકીરી લેતા આવ્યા છે.

સુલતાન ઇબ્રાહીમ અદહમ સાહેબની ઓલાદના એક મહાન પુરૂષ જેમનું નામ હઝરત શોએબ હતું તેમનું લગ્ન સુલતાન મહંમદ ગઝનીની બેહેન સાથે થયું હતું. એવણ સાહેબે પાછળથી

---

*આ "નૂરે રોશન" પુસ્તક ગુજરાતીમાં છપાઇ ગયું છે તે છસો બત્રીસ પૃષ્ટનું એક મોટું પુસ્તક છે. અને રૂ. ૩) ત્રણમાં સુરત "ઝુલ્ફિકાર" ઓફીસ હરીપુરામાંથી મળી શકે છે.

ફકીરી લીધી હતી અને તેમને જ્ઞાન પ્રાપ્ત થવાથી સુલતાન મહંમદ ગઝનીએ તેમને પોતાના ગુરૂ બનાવ્યા હતા. તેઓ પાછળથી પંજાબમાં આવી રહયા હતા. તેમની ઓલાદમાં હીંદુસ્તાનના પ્રખ્યાત ઓલીયા હઝરત બાવા ફરીદ સાહેબ ચિસ્તી પેદા થયા હતા. તેમના લગ્ન દીલ્હીના બાદશાહ સુલતાન શમશુદીન અલતમશની પૌત્રી સાથે થયાં હતાં. તેઓ ઘણા પુરૂષાર્થવાળા હોવાથી અજમેર શરીફવાળા મહાન ખ્વાજા મોઇનુદીન સાહેબ સિસ્તી જે હીંદુસ્તાનના સઉથી મોટામાં મોટા ઓલીયા ગણાય છે તેમણે પોતાના ખલીફા હઝરત કુતબુદીન બખત્યાર સાહેબ ચિસ્તીની સંમતીથી તેમને પોતાની જગાએ કાયમ કર્યા જેથી હીંદુસ્તાનના સંપૂર્ણ આચાર્ય પદને તેઓ પામ્યા હતા. પીર કાયમદીન બાવા સાહેબ આ મહાન ઓલીયાઓની ઓલાદના હોવાથી તેમનો સંબંધ કાબુલ તથા બલખ બુખારાના તથા દીલ્હીના બાદશાહો સાથે કેવો વિકટનો છે તથા તેઓ મહાન હઝરત પેગમ્બર સાહેબના વંશના હોવાથી તેમજ તેમના વડીલો અસલથી હીંદુસ્તાનમાં ધર્મના વડા તરીકે કાયમ થએલા હોવાથી તેમનામાં બાદશાહી લોહી સાથે આચાર્યપદ કેવી રીતે ચાલતું આવેલું છે તે આથી સાફ જણાઇ આવે છે. તેઓ બાદશાહી કુટુંબના ફકીર છે તેથી તેમના માટે તમામ લોકોના મનમાં પુજ્ય ભાવ છે.*

"ભક્તી સાગર" નામના પુસ્તકમાં મી૰ હરગોવનદાસ હર-

---

* પીર કાયમુદીન બાવા સાહેબની ગાદી ઉપર હાલ માંગરોલવાળા પીર મોટામીયાં સાહેબ છે જેઓ બધે જાણીતા છે.

કીશનદાસે લખેલું છે કે "પીર કાયમદીન બાવાસાહેબ માંગરોલની* ગાદીવાળા પીરોના વડીલ થાય છે. તેમની દરગાહ વડોદરા પ્રાંતના પાદરા તાલુકાના એકલબારા ગામે છે. ત્યાં બાર મહીને કારતક સુદ પુનમના રોજ મોટો મેળો ભરાય છે જેમાં હજારો લોકો લાભ લેવા ભેગા થાય છે. આ પીર સાહેબ ફળાહારી (વેજીટેરીઅન) હતા અને હમેશાં જીવદયા—અહીંસાનું શિક્ષણ આપતા હતા . . . . . આજે પણ કોઇથી તેમની દરગાહની હદમાં એવા (માંસના) ખોરાકનું નામ લઇ શકાતું નથી. તેમનો આ ચમત્કાર આજે પણ જારી હોવાથી હજારો હીંદુઓ તેમને પુજ્ય ભાવથી માને છે અને તેમના પવિત્ર ધામમાં મોટી સંખ્યામાં હાજરી આપે છે," વિગેરે મી૦ હરગોવનદાસે લખેલું છે.

પીર કાયમદીન બાવાસાહેબ હીંદુ મુસલમાનમાં જરા પણ ભેદ સમજતા નહોતા તે તેમનું પુસ્તક "નુરે રોશન" કહી આપે છે. તે પુસ્તકના પાન ૪૪૫ માં લખ્યું છે કે:—

લોકોનું જો કીધું કરૂં તો મારૂં કારજ બગાડે
હીંદુ મુસલમાન બે અળગા ગણું તો સાહેબથી વિઘ્ન પાડે.

વળી તેજ પુસ્તકના ૫૧૦ મા પાને એમણે કહ્યું છે કે:—

કયા હીંદુ કયા મુસલમાન, સબ પેદાયશ નુર સુબહાન
મોહંમદકે નૂરસે સબ ખલક હુઇ જાન,
કયા હીંદુ ઓર કયા મુસલમાન.

---

* માંગરોલ ગામ નવસારી પ્રાંતમાં સુરત અને ભરૂચ વચ્ચે આવેલું છે અને કોસંબા ઝંખવાવ નામની નાની ગાયકવાડી રેલ્વેનું કોસંબાથી ત્રીજું સ્ટેશન છે.

૯

ઉપલી હકીકતથી સાફ જણાય છે કે પીર કાયમદીન બાવા સાહેબ હીંદુ ભાઇઓ માટે પણ તેવીજ કાળજી અને પ્રેમ રાખતા હતા. તેમણે જરા પણ જુદાઇ ગણેલી નથી.

પીર કાયમદીન બાવા સાહેબ પીર અમન સાહેબના ગુરૂ હતા એવા ઘણા સબળ પુરાવા આપણે આગળ આપી ગયા છીએ. હવે જે કોઇ એમ કહે છે કે પીર અમન સાહેબ અને નીરાંત મહારાજ બંને બીજા કોઇ ગુરૂના ચેલા હતા તો તે ખોટું છે. તેઓ પોતાની વાતના ટેકામાં આપણા જેવા આટલા બધા સબળ પુરાવા આપી શકતા નથી પણ માત્ર મ્હોડેથી વાતો કરે છે, અને એ વાતો અહં-ભાવ અને મતામતીને લીધેજ કદાચ થતી હશે. નીરાંત મહારાજના ગુરૂ પીર અમન સાહેબ હતા એ વાતની સાક્ષી તો નીરાંત મહારાજ પોતેજ આપી ગયા છે જેનો હવાલો આપણે આગળ બતાવ્યો છે. વળી પીર અમન સાહેબના ગુરૂ પીર કાયમદીન બાવાસાહેબ છે એના પણ ઘણા પુરાવા આપણે આમાં આગળ આપી ગયા છીએ એટલે હવે શંકાને સ્થાનજ રહેતું નથી.

કેટલાક આર્ય પ્રમાણના લોકો અહંભાવને લીધે મુસલમાન ગુરૂનું નામ સાંભળી છણકો ઉઠે છે પણ તેઓ એ વિચાર કરતા નથી કે એ તો માલીકની કુદરત છે. જેમ ખુદા મુસલમાનને કોઇ રાજનો ધણી બનાવી નવાબ બનાવે છે તેમ તે મુસલમાનને લોકોનો ગુરૂ પણ બનાવી શકે છે. મુસલમાન નવાબની હીંદુ ભાઇઓ પોતાના સંસારી ફાયદાની ખાતર સેવા બજાવે છે તેજ પ્રમાણે પોતાના આત્મિક ફાયદા માટે તેઓ મુસલમાન ધર્મગુરૂની પણ સેવા બજાવી શકે. આમાં કોઇ જાતનો વાંધો નથી. માટે કેટલાક લોકો તરફથી આ બાબતમાં વગર સમજે વાંધા ઉઠાવવામાં આવે છે તે નકામા છે.

હું કાંઇ જ્ઞાની નથી કે કાંઇ મોટો ભકત નથી પણ એક સાધારણ માણસ છું, એટલે મારામાં ખામીઓ ઘણી હશે અને આ લખાણમાં પણ ઘણી ખામીઓ આવી ગઇ હશે. પણ મેં જે લખ્યું છે તે હાલની ચાલતી વાતો ઉપરથી લખ્યું છે. ઘણે ઠેકાણે હાલ એવોજ મામલો દેખાય છે. જે લોકો હાલ હીંદુ મુસલમાનોને ઉશ્કેરી પોતપોતામાં લડાવી રહયા છે તેજ અસહકારના જમાનામાં હીંદુ મુસલમાનોની એકતા માટે ભાષણો કરી એક થઇ જવા જોરથી ભલામણ કરતા હતા. એટલે હીંદુ મુસલમાનોની એકતામાં તેઓ કાંઇ બાધ તો ગણતા નહોતા જો બાધ હોત તો તેઓ તે વખતે તેવી ભલામણ કરતજ નહીં. પણ હાલ બધે વિકારની હવા ફેલાઇ છે તેથી હીંદુ મુસલમાનોને એક બીજાથી અલગ પાડવાની વાતો ચાલી રહી છે. વિકાર એ બુરી ચીજ છે એટલે તેનો કદી વિજય થવાનો નથી, માટે હમણાથીજ સમજીને ચાલવાનું છે. હીંદુ મુસલમાનો એક બીજાના ભાઇ છે. એકબીજાને નુકસાન પહોંચાડવાથી આખા દેશને નુકસાન થવાનું છે. લડાઇ હમેશાં વિકારથી થાય છે અને વિકાર દુર કરવાનો રસ્તો ખરૂં જ્ઞાન છે, માટે દરેક ભાઇએ સારા પુરૂષોનો સત્સંગ કરી જ્ઞાનના માર્ગે વળી જવું જોઇએ કે ઝગડા મટી જાય અને બધે શાંતી થાય.

આ પુસ્તક હીંદુ મુસલમાન ભાઇઓના મનમાંથી વેરભાવ કહાડી નાખી એક બીજા સાથે પ્રેમથી એકસંપ થવાના હેતુથી લખવામાં આવ્યું છે તો તેમાં કોઇ ભાઇએ નકામો ખોટો ખ્યાલ બાંધી લેવાનો નથી. હીંદુ મુસલમાનો લગભગ જોક હજાર વરસથી હીંદુસ્તાનમાં એક બીજાના ભાઇ તરીકે સાથે રહેતા આવ્યા છે એ

ભુલી જવાનું નથી. હીંદુઓમાં કેટલાક આર્ય સમજી ખ્યાલના લોકો જેમ વધારે પડતું કરી બેસે છે તેમ મુસલમાનોમાં પણ તેવા હશે. પણ તેમણે સમજવું જોઇએ કે હદ ઓળંગીને આગળ વધવામાં ન કોઇને ફાયદો થયો છે કે થશે. માટે બંનેએ દેશના ભલાની ખાતર એકસંપીનો પુરો ખ્યાલ રાખવાનો છે.

આમાં જે કાંઇ હકીકત લખવામાં આવી છે તે માત્ર હીંદુ મુસલિમ એકસંપીના ખ્યાલથીજ લખવામાં આવી છે. એમાં બીજો કાંઇ પણ હેતુ નથી. જે લોકો માટે આ પુસ્તકમાં બે શબ્દો લખવામાં આવ્યા હશે તે પણ એજ લોકો માટે છે જે જાણી જોઇને તેવી એકસંપી તોડવાના અને નકામા ઝગડા કરવાના માર્ગ શોધે છે અને ભાઇઓને નકામા લડાવે છે, બીજાઓ માટે નથીજ. માટે કોઇએ ખોટું લગાડવાનું નથી. બ્રાહ્મણો, વાણીઆ, ક્ષત્રી, પાટીદાર, કોળી, ભીલ, અંત્યજ વિગેરે સઉ આપણા ભાઇ છે અને સઉ સારા છે. હું કોઇને કહેવાને લાયક નથી પણ આમાં જે કાંઇ કહયું છે તે ફક્ત આપણે સઉએ સમજવાની ખાતર કહયું છે કે શાંતી ફેલાય અને ખરો માર્ગ લેવાય. તોપણ જો કાંઇ વધારે પડતું લખાઇ ગયું હોય તો હું સઉ ભાઇઓની હાથ જોડીને માફી માંગું છું.

શું હજુ પણ હીંદુ મુસલમાન ભાઇઓ નહીં સમજે ?

આખા હીંદુસ્તાનમાં આ વરસે જુલાઇ માસની આખર તારીખોમાં ભારે આફતે આ દેશને પવન અને પાણીથી તારાજ કરી નાખ્યો છે. ભયંકર જળ પ્રલયથી લાખો માણસો સાધન વગરના થઇ રખડતાં રઝળતાં થઈ ગયાં છે, અને લાખો પાણીના પ્રવાહમાં તણાઇ આ દુનિયાથી કુચ કરી ગયા છે. કહેવત છે કે "કુસંપ એ બરબાદીની નિશાની છે" તેજ પ્રમાણે હાલ બન્યું છે. હીંદુ મુસલમાનોમાં તકરારો ઉભી થઇ અને દેશમાં જ્યારથી કુસંપ જાગ્યો હતો ત્યારથી જ્ઞાની પુરૂષો એમ કહેતા હતા કે હવે દેશનું આવી બન્યું છે અને આ સપાટો એવો છે કે તેમાંથી છુટવું મહા મુશકેલ છે. છેવટે જેમ ધારતા હતા તેમજ થઇને રહયું છે, અને આ સઉ હીંદુ મુસલમાનોના એક બીજાનાં ટોટા પીસવાનું પરિણામ છે. કેટલાક ચળવળીઆઓએ આગ સળગાવી અને પાછળથી તેમાં ગાસતેલ હોમી મોટી હોળી સળગાવી દીધી. આ વાત પ્રભુને ગમી નહીં. તેણે થોડી મુદ્દત રાહ જોઇ પણ જ્યારે બંને ખુલ્લી રીતે મેદાને પડી બરબાદી કરવા તૈયાર થયા ત્યારે પ્રભુનો કોપ ઉતર્યો અને કુદરતે એવો સપાટો લગાવ્યો કે બધાને લાંબા છટ કરી દીધા. આ એક વિચારવા જેવી બાબત છે. આતો પહેલોજ ફટકો લગાવી પ્રભુએ ચેતવણી—નોટીસ આપી છે. છેલ્લા જળ પ્રલયમાં ઘરબાર તણાઇ જવાથી કેટલાક હીંદુઓએ કોઇ કોઇ ઠેકાણે મસ્જીદોમાં આસરો લઇ પોતાના જીવ બચાવ્યા છે. વળી કેટલાક મુસલમાનોએ આવા વખતે હીંદુ ભાઇઓના મંદીરોમા

પણુ આસરો લીધો હતો. આ પ્રમાણે કુદરતે પોતેજ એક બીજાની જરૂર સાબીત કરી આપી છે માટે હવે સઉ ભાઇઓએ ઉંડો વિચાર કરવાની જરૂર છે. જો હજુ પણ નહીં સમજીએ તો પ્રભુને ફરી આવી આફત મોકલતાં કાંઇ વાર લાગવાની નથી. માટે હવે ભાઇઓએ જ્ઞાનના સીધા માર્ગે આવી જઇ વિકાર કહાડી નાખવો જોઇએ અને એક બીજાની નીંદા છોડી દઇ હળીમળીને શાંતીથી એક થઇને રહેવું જોઇએ કે ફરી આવી આફતનો પ્રસંગ પ્રભુ લાવે નહીં. માલીક સઉ ભાઇઓને સદબુદ્ધી આપો!

સમાપ્ત

અર્પણ પત્રિકા.

માંગરોલની ગાદીવાળા નામદાર મહાત્મા મૌલાના પીર મોટામીયાં સાહેબની પવિત્ર સેવામાં.

આપ આખા મુંબાઈ ઈલાકા (ગુજરાત, કાઠીયાવાડ વિગેરે)માં સઉથી મોટી ચિશ્તીઆ--ધાર્મિક ગાદીના એક મહાન સજ્જાદાનશીન–આચાર્ય છે. કબીરપંથ, નાનકપંથ, ભાવદાસપંથ, દાદુપંથ વિગેરે જે જે પંથોમાં મહાન ચિશ્તી ઓલીયાઓનું જ્ઞાન ગએલું છે તે તમામ પંથોનું આપ પીર કાયમદીન બાવા સાહેબની જગાએ હોવાથી ગુરૂપદ ભોગવો છો, હીંદુ મુસલમાનોમાં એકસંપી કરાવવા માટે આપ હમેશાં તન મન અને ધનથી કોશીશ કરો છો, ઘેર ઘેર ગાયો પાળવા માટે તમામ ભાઈઓને ઉપદેશ આપો છો, લોકોને નીતીનો બોધ કરવા માટે આપ ગામે ગામ પોતાના ખરચે ફરો છો, આપ ઉરદુ, ફારસી, અરબી, ગુજરાતી, મરાઠી, હીંદી, નાગરી, વિગેરેનું જ્ઞાન ધરાવો છો એટલું જ નહીં પણ હાલની અંગ્રેજી કેલવણીમાં પણ આપે બી. એ. સુધી જ્ઞાન મેળવ્યું છે જે આપની વિદ્વતાની ચોખ્ખી સાબીતી છે. આવા ગુણો જે આ જમાનામાં બીજા ધર્મ ગુરૂઓમાં ભાગ્યેજ જોવામાં આવે છે તે માલીકે આપને પોતાની અનંત કૃપાથી આપેલા છે તે તમામ ગુણોથી આકર્ષાઈ આ નાનકડું પુસ્તક આપની પવિત્ર સેવામાં અર્પણ કરૂં છું તો તેનો સ્વિકાર કરી આપના આ ગરીબ મુરીદ–સેવકને કૃતાર્થ કરશો તો હું મારી મેહનત સફળ થએલી માનીશ.

લી. આપનો આજ્ઞાંકિત સેવક

પ્રકાશક

ભજનોના શોખીનો માટે.

[illegible] કાયમદીન બાવા સાહેબ, અભરામ બાવા, ઉમર બાવા, [illegible]જા બાવા, જીવણ મસ્તાન, રતનબાઇ, બડા સાહેબ, [illegible]નથુબાવા વિગેરેનાં ભજનો જે આખા ગુજરાતમાં બોલાય છે તે સઉનો સંગ્રહ કરી,

ભકતી—સાગર

નામથી એક ચોપડી છપાવી બહાર પાડી છે. તેમાં પોણા બસોથી વધારે ભજનો છે. આ ભજનોમાં જ્ઞાન, ધ્યાન, વિવેક, ભકતી, વૈરાગ્ય, ઉપદેશ વિગેરે વિષયો હોઇ લોકોમાં તેનો ઘણો ફેલાવો થએલો છે. હીંદુ મુસલિમ એકસંપી માટે તે ચોપડી ઘણીજ ઉપયોગી છે. તેમાં નાત જાત કે ઉંચ નીચનો ભેદભાવ નથી. તે બધી જાતના લોકોને એક સરખી રીતે પસંદ પડે તેવી છે. કીંમત માત્ર આઠ આના.

જોઇએ તો નીચેના સરનામે લખવું.

એડીટર- ઝુલ્ફિકાર,

હરીપુરા, હુસનજીના ટેકરા પાસે મુ. સુરત.